
વર્ષ ૪ પોષ ૧૯૮૩ અંક ૧

અંક ૩૭

કુમાર



તંત્રી રવિશંકર રાવળ

શાહ ન્યાલચંદ ગોવિંદભાઈ

કુમારના ગ્રાહકોને
ખાસ લાભ

વીરની વાતો ભાગ ૧–૨

બંને, અથવા બેમાંથી કોઇ પણ ભાગ, દરેકની કીં. રૂ. અઢી મુજબ મોકલી આપનારને ટપાલ ખર્ચ વિના મળશે. આ લાભ માહ માસની આખર સુધી જ મળી શકશે. તમારો ગ્રાહક નંબર જણાવી નીચેને સરનામે નાણાં મોકલી મંગાવો:

ટી. પી. અડાલજા કોઠી પાસે **વડોદરા**

'કુમાર'માં આવતાં 'ઇલા કાવ્યો'ના લેખક ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની કૃતિ

યમલ

જોડિયાં ભાઈબહેનની કરુણ કથા.
પૃથ્વી છંદનાં ચૌદ સુંદર સૉનેટમાં: પાને પાને શણગારચિત્રો સાથે: બેરંગી છપાઇમાં કી. ૦॥।=
લખો કર્તાને, ભીમરાવ વાડી ઠાકુરદ્વાર મુંબાઇ–૨

તમે 'કુમાર'ના ગ્રાહક છો?–તો

રામતીર્થ જીવન ચરીત્ર ૩–૦–૦

ચિત્રાંગદા ૦–૮–૦

રવીન્દ્રનાથ ઠાકુર પ્રણીત
મહાદેવ દેશાઈ અનુવાદિત
કાકા કાલેલકરના રસાસ્વાદવાળી

ભારત મ્યુઝિક ગાઈડ ૧–૪–૦


ઘેરબેઠાં વગર શિક્ષકે
હારમોનિયમ શીખવાડનાર

આ પુસ્તકોમાંહેનું કોઇ પણ પુસ્તક સીલીકમાં હશે ત્યાં સુધી તમને ૧૨॥ ટકા વળતરે મળશે

ઉપરાંત

દરેક જાતનાં પુસ્તકો
સસ્તાં મેળવવાનું ઠેકાણું

સસ્તું પુસ્તકાલય, ૫૩૯૫, ત્રણ દરવાજા
અમદાવાદ



તંત્રી રવિશંકર રાવળ: મુદ્રક–પ્રકાશક બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય ૨૭૦૬ રાયપુર અમદાવાદ

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડયા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે.



રાગિણી ગૌરીનો પ્રભવ
ચિત્રકાર:: શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય (સર ચિનુભાઈના સૌજન્યથી) પોષ '૮૩ના 'કુમાર'નું મુખચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

વર્ષ ૪ અંક ૧ :: પોષ ૧૯૮૩

મહત્ત્વાકાંક્ષા

આ મોટા જણાતા શબ્દનો અર્થ વધુ મોટો છે, અને એને જીવનમાં ઉતારવો એ એથી યે મોટું છે;—પણ એ અલભ્ય તો નથી.

કુદરતમાં અને પ્રાણીમાત્રમાં મહત્ત્વાકાંક્ષા એ સ્વાભાવિક છે. બાળપણથી જ માણસમાં મોટા થવાની અભિલાષા જાગે છે. 'હું મોટો થઇશ ત્યારે આમ કરીશ ને આવો થઇશ' એ આકાંક્ષા દુનિયાના એકેએક બાળકના હૃદયમાં પ્રગટ્યા વિના રહેતી નથી.

મહત્ત્વાકાંક્ષાના પોષણ ને વિકાસ માટે કુમારજીવન એ ખરૂં ક્ષેત્ર છે—યોગ્ય કાળ છે. તાજું લોહી ને પ્રફુલ્લ હૃદય, કુમળી લાગણીઓ ને ઉગતી આશાઓને એ કાળે મહત્ત્વાકાંક્ષાની મંજરીઓ બેસે છે ને ફાલે છે. જગતનો નવો યાત્રી કુમાર એ કાળે સૃષ્ટિ ને સંસારમાંથી કંઇકંઇ સંસ્કારો ને કલ્પનાઓ સંઘરે છે; અવનવા રસો ને અપૂર્વ અનુભવોના એ મનોરથો ઘડે છે.

પણ કુમારજીવનના એ કોડ જીવનમાં ઉતારનારા તો વિરલ જ નીકળે છે. ઉછરતી વયે મહત્ત્વાકાંક્ષાઓ ઘડનારા ઘણા યુવાનો જીવનમાં પડ્યા પછી અલ્પ-સંતોષી બની રહે છે. કેમકે મહત્ત્વાકાંક્ષા સેવવી એ એક વાત છે અને એને જીરવવી ને જીવવી એ જુદી જ વસ્તુ છે. અલ્પ વસ્તુઓથી રાચવું એ મહેચ્છુકોનું લક્ષણ ન હોય. મહાપ્રાણ મનુષ્ય તો દૃઢતાથી ભીષ્મ કર્મયોગમાં ઝુઝે ને આગળ ધપે.

અને એવાને કાજે તો મહત્ત્વાકાંક્ષા સંજીવની સમી—કો પ્રેરણાની દેવી જશી છે. દુનિયાની કપરી ઠોકરોના ઘા એ રૂઝાવે છે ને એનો નશો માણસને ઉંચે ને ઉંચે જવા હર પળે મત્ત રાખે છે. માણસમાં એ કામની ઝનુન પ્રગટાવે છે, વિકટમાં વિકટ વિપત્તિઓ સામે બાથ ભીડવાનું શૂર ને બલ પ્રેરે છે અને પોતે વિજય કરવાને માટે જ નિર્માયો છે એવી અચલ શ્રદ્ધા જન્માવે છે.

ઉર્ધ્વારોહણ અને આત્મવિકાસ એ બે મહત્ત્વાકાંક્ષાની પાંખો છે; સિદ્ધિ ને જય એ બે એનાં સંતાનો છે.

દેશળજી પરમાર

મિજલસ

જગ ભલે અસત્યે જીતે
જગ ભલે અધર્મ તણાય
તુજ અંતર તેજ સુરીતે
તું જાળવ એ તમ માંહ્ય



જો એક પ્રજા પોતા પર રાજ કરનારી સરકાર વિષે વિચાર કરવાનો કે તેના વર્તન પર ટીકા કરવાનો હક ધરાવે છે, અથવા આગળ વધીને કહીએ કે પ્રજાનો વિકાસ થાય એ રીતે અનુકુળ થવાની સરકારને ફરજ પાડી શકે છે, તો દેશનાં તમામ ઘરોમાં ઉછરી રહેલી ભાવિ પ્રજા પોતા ઉપર થતાં ગેરવાજબી દબાણો જુલ્મો કે અન્યાયની સામે અવાજ કાઢે તો એ તેના પ્રતાપી ભાવિની જ નિશાની માનવી ઘટે.

આ જાતના, પ્રામાણિક બુદ્ધિથી નીકળેલા અવાજો વધાવી લેવાની ફરજ ' કુમારે ' સ્વીકારી છે, અને વિદ્યાર્થી આલમની દરેક જાતની ફરિયાદ, અભિલાષા કે દુઃખો વિશાળ દુનિયા સામે રજુ કરવામાં તે એક પવિત્ર ફરજ અદા કરે છે એવું માને છે. છતાં કોઇ પ્રસંગે મિજલસમાં પોતાની વાત રજુ કરનારની વાણીમાં કઠોરતા કે દ્વેષ જણાશે તો તે પ્રસિદ્ધ કરતાં પહેલાં, તેની વાત સાચી હશે તો યોગ્ય રૂપમાં રજુ થશે, અથવા અયોગ્ય હશે તો ઉડાવી દેવાશે. મિજલસમાં ભાગ લેનારની ઇચ્છા વિરુદ્ધ તેનું નામ પ્રગટ કરવામાં નહિં આવે તેની ખાતરી રાખવી.

બીજા અનેક વાંચનારાને જે ચર્ચાથી લાભ થવા સંભવ હશે તે જ ઘણે ભાગે પ્રગટ કરવામાં આવશે; એટલે મિજલસ માટે લખનારે પોતાના છંદ કે ચેષ્ટા ખાતર લખવાની તકલિફ ન લેવી. અત્યાર સુધીમાં મિજલસમાં મુકવા યોગ્ય એકબે પત્રો અમને મળ્યા છે, તેમાંથી એક અત્રે પ્રગટ કરીશું અને બીજા વાચકો એ પ્રમાણે પત્રો લખવાનું ચાલુ કરશે એવી આશા પણ રાખીશું. એ પત્ર :

“**અહીં** અંગ્રેજી સ્કુલોમાં માસ્તરોની બહુ ફરિયાદ છે. માસ્તરો વિદ્યાર્થીને દબાવે, એવું કહીને કે ' પરીક્ષા માટે ફૉર્મ નહિ આપીએ ' ' નાપાસ કરીશું ' વગેરે. વિદ્યાર્થીઓ બીચારા શું કરી શકે ? ખાનગી ટ્યુશનોએ તો ડાટ વાળ્યો છે. ઘણાખરા માસ્તરોને તો પાંચસાતથી વધારે હોય જ. ચારપાંચ માસ્તરોને પરીક્ષા વખતે દસથી પંદર ટ્યુશનો થાય. આપ એમ નથી માનતા કે ટ્યુશનથી વિદ્યાર્થીઓને બહુ નુકશાન છે ? નબળા વિદ્યાર્થીઓ માટે ' ટાસ્ક કલાસ ' (તૈયારીનો વર્ગ) શા માટે ન રાખે ? ટ્યુશનથી વિદ્યાર્થી પરાવલંબી બને છે, કદિ જાતમહેનત કરતો નથી. વિદ્યાર્થી ટ્યુશન ન રાખે તો પાસ થવાની અથવા ફૉર્મ મળવાની આશા નહિ !

ગરીબ વિદ્યાર્થી બીચારા શું કરે ? હું એવા દાખલા જાણું છું કે પૈસાને અભાવે ટ્યુશન ન રાખી શકવાથી પાસ થએલા અથવા ફૉર્મ મળેલા વિદ્યાર્થી કરતાં સારા માર્ક મળેલ છતાં ગરીબને નાપાસ કરી ફૉર્મ આપવામાં નથી આવ્યું . . . . માસ્તરો પાછા એવા, કે પોતાને ત્યાં વિદ્યાર્થીઓને ભણવા બોલાવે, છસાત એક સાથે જાય, ને એકાદ કલાકમાં બધાને ઉકેલી નાખે !

આ તો ટ્યુશનની વાત થઈ. આપ જાણીને અજાયબ થશો કે બે ત્રણ માસ્તરો તો તદ્દન બંધાણી, એદી, આળસુ, જે કહો તે છે. લોકો વાતો કરે એવી ચાલચલગતના પણ કોઇકોઇ છે, અને વિદ્યાર્થીઓને સ્વાભાવિક રીતે તેમના જીવનમાં ડોકિયાં કરવાનું મન થઈ જાય છે.

કલાસમાં આવે ત્યારે હાથમાં બીડી કે મોંમાં ચીરૂટ ફુંકતા માસ્તર સાહેબો વિદ્યાર્થીઓને બીડીથી શી રીતે બચાવી શકશે ? આ ઉપરાંત કલાસમાં વિદ્યાર્થીઓને ખરાબ ગાળો દેનારા પણ કઇક પડયા છે. ”

આ પત્ર લખનાર ભાઇએ ઘણું દબાવી દબાવી આખરે પોતાની વાત લખી છે. એમને રૂબરૂ મળવાનો પ્રસંગ આવશે ત્યારે કંઇક વધુ જાણીશું, પરંતુ આ વખતે એમણે જે લખ્યું છે તે લગભગ દરેક શહેરની શાળામાં થોડું ઘણું પણ દેખાય છે, એટલે એ બધું મનાય એવું છે. આ ભાઇનો પત્ર શિક્ષકોને ચેતવણીરૂપ છે કે તેમના અધિકારમાં આવેલા વિદ્યાર્થીઓ બે ચાર વર્ષ પછી સંસારના ગૃહસ્થ બનવાના છે. જે વખતે તેમનાપર એમનો કંઇ અંકુશ કે દાબ નહિ હોય તે વખતે પોતાની તરફ ચલાવેલા વર્તન તરફ ઉઘાડો તિરસ્કાર બતાવ્યા વિના તેઓ નહિ જ રહે. અને જો શિક્ષકો આ સ્થિતિપર બેપરવા રહેવા ઇચ્છતા હોય અથવા છોકરાઓને મોંએ દમ અને ધમકીના હુકા મારવાની હામ રાખતા હોય તો જે સંસ્થા તેમને નિભાવી રહી છે તેનું તથા તેમની પોતાની કારકીર્દીનું દીવાળું સમજવું.

અમે આ ભાઈના પત્રના સમર્થનમાં અસંખ્ય દાખલા આપી શકીએ એમ છીએ; પણ કોઇકોઇ સંસ્થાઓએ શિક્ષક વિષે એવા સુંદર આદર્શો ઉભા કરવા માંડયા છે કે થોડા જ વખતમાં તેની છાપ સમાજ ઉપાડી લઈ એક નવો જ શિક્ષકવર્ગ આજની ઉગતી પ્રજામાંથી ઉભો કરશે, અને હાલના શિક્ષણને હલકી દુકાનદારીમાંથી મુક્ત

કરી આખી વિદ્યાર્થી અવસ્થામાં સુંદર વાતાવરણ લાવશે.

શિક્ષકો મારે કે ધમકાવે તે હિતને જ માટે હોય એવું માનવાના દહાડા હવે ગયા છે. વખત એવો આવ્યો છે કે શું મોટા કે શું નાના, દરેકમાં આત્મભાન જાગૃત થયું છે ને તે સારાસારનો વિવેક કરી શકે છે. સ્વાતંત્ર્ય અને જાગૃતિના આ જમાનામાં શિક્ષક પોતાના સાંકડા સ્વાર્થ અને દુર્બળ મનોવૃત્તિને સંતોષવા વિદ્યાર્થીઓના હિતનો કેવા પ્રકારે ભોગ માગે છે ને લે છે એ સમજવા પુરતી અક્કલ ઉગતી પ્રજામાં બરોબર આવી ગઇ છે. ખરાબ શાળાના કડવા અનુભવો લઇ રહેલા અથવા લઇને બહાર પડેલા વિદ્યાર્થીઓ ત્યાંની ખરાબ નીતિ પ્રજામાં જાહેર કરી એ શાળાની પ્રતિષ્ઠાની પોલ ઉડાવી શકે છે એ શિક્ષકોએ તથા તેમના વર્તન વિષે આંખ આડા કાન કરતી શાળાઓએ સમજીને વેળાસર ચેતવું જોઇએ. જે શાળા પોતાની આવી નીતિ બદલવા તૈયાર નહિ હોય, તેનો કાં તો લોકો ત્યાગ કરશે, કાં તો તેણે પોતાનું ધોરણ બદલવું પડશે.

પોતાને ભણવાના સમય અને પ્રકાર વિદ્યાર્થીઓ જ નક્કી કરે, પોતાને રમવાના સમય અને પોતાનાં સુખ-સગવડ પણ વિદ્યાર્થી મંડળ-




આપણો વિદ્યાર્થી

અસ્વાભાવિક કેળવણીની પદ્ધતિના સકંજામાં સપડાએલા હિંદી વિદ્યાર્થીની સ્થિતિ આલેખતું ઉપલું ચિત્ર આપણી ઉગતી પ્રજાનો કરુણ ચિતાર આપે છે. દસ કલાકના લેસનથી લદાએલો અને પરીક્ષાના ભયના સદા ઉગામાઇ રહેલા કેળવણી ખાતાના દંડાના ભય નીચે ત્રાસભર્યું જીવન ગાળતો વિદ્યાર્થી પોતાની ચોમેર ફાલી રહેલા જીવનવૃક્ષનાં મધુરાં ફળો સામે આતુર તરસી નજર નાખી રહે છે; પણ પોતા ઉપરના બોજા અને ભયમાંથી છુટીને એ મીઠાં ફળો પોતાનાથી માણી શકાય એમ નથી એ પોતાની દુ:ખભરી હાલતનું ભાન પણ એને સાથોસાથ જ થાય છે.

જ નક્કી કરે એ સમય નજીક આવવા લાગ્યો છે. સાથેસાથે કોની પાસે જઇ ભણવું તે પણ વિદ્યાર્થીઓના નિર્ણયની જ વાત રહેશે. આત્મનિર્ણય એ પ્રજા આખીનો મંત્ર બનવાનો હોય તો વિદ્યાર્થીના જીવનમાં જ તેનો અમલ પ્રથમ થવો જોઇએ.

સ્વાસ્થ્ય શકિત અને સૌન્દર્ય



'સ્વાસ્થ્ય, શક્તિ અને સૌંદર્ય'—'શાંતિ, ઉત્સાહ અને પ્રેરણા'-આ તત્ત્વત્રયનું મીલન-સ્થાન માનવદેહ. એના વિકાસની રેખામાત્રનું સહજ દર્શન આ પ્રતિબિમ્બમાં થાય છે. સુદૃઢ સ્નાયુબદ્ધ આ યુવાન, ભાઈ ઇન્દુભાઇ નારણ-ભાઇ પટેલ અમદાવાદના રહીશ અને ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક છે. વીસ વર્ષના વયે વ્યાયામત્રયી - દંડ બેઠક જોડી - ની ઉપાસના એમણે આરાધી અને એક વર્ષ પછી ગુજરાત મહાવિદ્યાલયના આશ્રયે એમણે વેઇટલિફ્ટિંગનો વ્યાયામ શરૂ કર્યો. નિયમિત આહારવિહાર અને નિર્વ્યસની જીવનના એ પ્રબળ હિમાયતી અને કુદરતી નિયમોના પાલનના પૂર્ણ આગ્રહી છે. ઍપેન્ડિસિટિસ જેવા ભયંકર વ્યાધિથી પીડાવા છતાં, શસ્ત્રક્રિયાના માર્ગની દાકતરી સૂચનાનો અનાદર કરી, કેવળ ઉપવાસ અને દુગ્ધોપચારથી એમણે નીરોગી અવસ્થા પ્રાપ્ત કરી છે. કુસ્તી અને વેઇટલિફ્ટિંગ એમનો પ્રિય વ્યાયામ હોવા છતાં સ્વાસ્થ્યને એ પ્રથમ સ્થાન આપે છે. એમની ઊંચાઈ ૫'-૯" તથા વજન ૧૩૦ રતલ છે; વય ૨૩ વર્ષનું છે.

ફોટો: જનાર્દન, અમદાવાદ


આવતી પ્રજાનો માત્ર એકપક્ષી નહિ, પરંતુ સર્વાંગી વિકાસ સાધવાની સામગ્રી ઉભી કરતા રહેવાનું અમારૂં ધ્યેય હોઇ તેના માનસિક ઉપરાંત શારીરિક વિકાસની દિશામાં પણ પ્રેરક તથા સહાયરૂપ થવા પ્રત્યે અમારૂં લક્ષ સતત રહ્યા કર્યું છે;—જોકે પુરતા અનુકુળ સંજોગોને અભાવે અમે એ દિશામાં આજ સુધીમાં કરેલા પ્રયત્નો છુટાછવાયા અને નહિ જેવા જ છે. આ વર્ષથી અમે આ નવો વિભાગ ઉઘાડી એક નાનકડો પ્રયત્ન શરૂ કરીએ છીએ. જેમણે નિયમિત આહાર-વિહાર તથા વ્યાયામ વડે પોતાના શરીરને સ્વસ્થ, સુંદર તથા શક્તિશાળી બનાવવા કાળજીપૂર્વક પ્રયત્ન કર્યા છે, એવા પૂર્ણ વિકસિત શરીરવાળા આપણા યુવાનોના ફોટોગ્રાફો તથા પરિચય હવેથી 'કુમાર'માં અપાયા કરશે. ખંત તથા પરિશ્રમથી જેમણે પોતાનાં શરીરનો આવી રીતે વિકાસ સાધ્યો છે તે સૌને અમારી વિનંતિ છે કે તેઓ પોતાના ફોટોગ્રાફો તથા ટુંક પરિચય અમને મોકલી આપી સહાય કરે. આથી આપણા દેશની શરીરસંપત્તિનો તથા તેની પ્રગતિનો આપણને ખ્યાલ આવશે, પરસ્પર પરિચય તથા સહકાર થશે અને એક યા બીજે કારણે પોતાના શરીરની અવગણના કરી રહેલી આપણી ઉગતી પ્રજાને પ્રેરણા મળશે. આશા છે કે આ પ્રયત્નમાં અમને સૌનો સહૃદય સહકાર મળશે અને આ નાનકડી શરૂઆત સંગીન બની ફલવતી નીવડશે.

—તંત્રી

શ્રી

પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય

શ્રી પ્રમોદકુમાર ચેટરજીનું ગુજરાતમાં આવવું એ કોઈ અજબ વિધિઘટના જેવું લાગે છે. છેલ્લાં ચારપાંચ વર્ષથી ગુજરાતના યુવાનો તથા શિક્ષિતવર્ગ કળામાં રસ લેતા થયા છે, પરંતુ કળા વિષે તેમની મનોદશા જોતાં એવું લાગે છે કે તેઓ કળાને કોઈ શાળાશિક્ષિત વિષય માને છે. પશ્ચિમના શિક્ષણપ્રણેતાઓ કે કલાધ્યક્ષો મંજુર કરે તે જ કળાના આદેશો આપણને મંજુર હોઇ શકે ને આપણા દેશની સંસ્કૃતિમાં તેથી મોટી ઉણપ પુરાય છે એવી માન્યતા મોટા ભાગમાં આવી ગઈ છે. શ્રીયુત ચેટરજીનું



જીવન તથા તેમની કળા એ માન્યતાનો સબળ ઈનકાર છે.

તેમણે પશ્ચિમની કળાનો પુરો પાકો અભ્યાસ તથા અનુભવ પ્રાપ્ત કર્યાં છે, ઠીક સિદ્ધિ પણ બતાવી છે; છતાં જીવનના કોઈ ધન્ય પ્રસંગોએ તેમને ભારતીય સંસ્કૃતિનો પ્રાણ સમજાઈ ગયો અને તેમની કળાએ એકદમ પશ્ચિમનાં આભરણો મુકી દઈ ઉજ્જવળ, પ્રશાન્ત, ભારતીય ભાવનામય, સાદાં વસ્ત્રોનો સર્વાંગ સ્વીકાર કર્યો. ગુજરાતમાં એમની હાજરી આપણા ઉગતા ચિત્રકો તથા યુવકોને અનેક રીતે ઉપકારક થશે જ.

'અહો! આ ચિત્ર તેં જ દોર્યું?' બાળક પ્રમોદના હાથમાંનો કાગળ કંઇક શંકાથી જોતો તે ભીંત ચીતરનારો બોલ્યો અને બાળકના ચહેરા પર શરમભરી 'હા'ની લાગણી જોતાં વધુ આશ્ચર્ય પામ્યો. એવામાં ઘરના માલીક વૃદ્ધ બાબુને આવતા જોઇ તેણે કહ્યું, 'દાદાજી, આ તમારા પ્રમોદનું ચિત્ર તો જુઓ; કોઇ સારા કારીગર જેવા વળાકા તે સહજ કરી શકે છે.'

પ્રમોદકુમારના દાદા હમણાં ઘર રંગાવતા હતા અને જુના વખતના શોખ પ્રમાણે ભીંત તથા છત ઉપર ચિત્રકામ કરાવવાને કારીગરોને કામે લગાડ્યા હતા. આ પ્રસંગે પ્રમોદકુમારનો શોખ પ્રગટ કરી દીધો. આજ સુધી તે છાનાછાના લીટા કર્યા કરતો, પણ વડીલો સામે ધરતાં અચકાતો; પરંતુ પેલા કારીગરે તેની કદર કરી ત્યારથી તેને ખાતરી થઇ કે પોતે ચીતરવામાં કંઈક ખાસ કુશળતા ધરાવે છે. પણ એ જમાનામાં ચિતારા થવાનું કોઈ ખાનદાન છોકરા માટે યોગ્ય ગણાતું નહિ, એથી તેની ભાવનાને ઘરમાંથી કોઇએ ઉત્તેજન આપ્યું નહિ.

ઇ. સ. ૧૮૮૫માં પ્રમોદ બાબુનો જન્મ થયો ત્યારથી જ તે કલકત્તામાં રહ્યા છે. નાનપણનો થોડો ઘણો ભાગ મામાને ઘેર ગાળેલો. ત્યાં તેમને ગ્રામજીવનની લીલા માણવાની તક મળતી. એ સિવાય એ કલકત્તાના જ વતની ગણાય.

ગજાનન મહારાજે સ્થાપેલી આર્ય મિશન સંસ્થામાં એમણે ભણતર મેળવ્યું. ખ્રિસ્તીઓએ પોતાના ધર્મોપદેશ સાથે શિક્ષણ આપવાની શાળાઓ ખોલી તે પરથી, આર્ય સંસ્કારોનું રક્ષણ કરી શિક્ષણ આપવા આ



શ્રી પ્રમોદકુમાર પોતે



એક કુમારી

દરેક શીખાઉ કળાભ્યાસી એકાદવાર પણ પોતાનું પ્રતિબિંબ દોર્યા વિના રહ્યો નથી. જુવાન પ્રમોદકુમાર જે કાળે શેડલાઈટ પાછળ લાગ્યા હતા તે વખતની તેમની પેન્સિલ ચિત્રણા અને આકારનું ઘનદર્શન કેવાં હતાં તે આ સ્કેચોમાં દેખાય છે. એ શૈલીમાં પણ સાચા વિદ્યાર્થીને શોભે એવું કામ એ કરતા. બાજુમાંનો કુમારીનો સ્કેચ પણ એટલો ભાવપૂર્ણ અને સપ્રમાણ છે કે પ્રમોદબાબુ પોતાની સ્કેચ લેવાની કળા માત્રથી પણ કલાકારોમાં પોતાનો એકડો પડાવી શકવા જેટલા શક્તિમાન છે તેની પ્રતીતિ થાય છે. તેમની સ્કેચબુકો આવાં અનેક પ્રમાણોથી ભરપુર છે.

સંસ્થા એક સાધુએ ચાલુ કરી હતી. નવા જમાનાનું શિક્ષણ પણ ત્યાં અપાતું, એટલે પ્રમોદબાબુ ત્યાં દેશભાષા સાથે અંગ્રેજી તથા સંસ્કૃતમાં પણ નિપુણ થયા અને ગીતા, રામાયણ તથા મહાભારતનો પરિચય મેળવ્યો.

તેમની ચાર પેઢીથી ઉત્તરોત્તર કુટુંબનો નિર્વાહ કોર્ટના કામકાજથી જ થતો. તેમના દાદા વાનપ્રસ્થ જેવા હતા, પણ તેમના પિતાશ્રી રાજેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય હાઈકોર્ટની પ્રિવી કાઉન્સિલમાં હેડક્લાર્ક હતા. એ જગ્યા બહુ માનભરી ગણાતી. પ્રમોદબાબુને વકીલ બનાવવાની તેમના દાદાની બહુ ઉમેદ હતી, પણ તેમના અંતરના શોખ એની સામે હતા. હિંદુ સંસારનાં ખાનદાન કુટુંબોમાં ઘણે ભાગે બને છે તેમ, પ્રમોદબાબુને બહુ નાનપણથી પરણાવી દીધેલા, એટલે એ મોટા થયા કે સૌ એને ઝટ નોકરીની બેડીમાં નાખવા યત્ન કરવા લાગ્યા, અને દાદાએ એમને કોર્ટની કારકીર્દીમાં જોડવાને પ્રથમ અરજી તથા દસ્તાવેજો લખનારની એક જગ્યા કોર્ટમાં અપાવી. તેમાં તેમને દર માસે સાઠ સિત્તેર રૂપિયા મળતા. આ બધો વખત પ્રમોદબાબુ ગુંગળાતે મને સંસાર ચલાવતા. પણ એમ એક વર્ષ એ જીવનનાં વીત્યાં, એવામાં તેમનાં પહેલાં પત્ની બે બાળકો મુકી ગુજરી ગયાં.

આ બનાવે એમના જીવનમાં જુદી જ ચેતના પ્રગટાવી. સંસારના અભિપ્રાયને તરછોડી એમણે પોતાના ધ્યેય તરફ એકદમ વળ લીધો. દાદા તથા પિતા ખુબ કચવાયા અને એમના કળાના અભ્યાસમાં કંઈપણ સહાય નહિં કરવાની ધમકી સુદ્ધાં પણ આપી; છતાં જરા યે ડગ્યા વિના એ ૧૯૦૫માં ૨૧ વર્ષની ઉમરે કલકત્તાની સરકારી ચિત્રશાળામાં દાખલ થયા. એક મિત્રે એમને નાણાં વગેરેની મદદ કરી.

એ વખતે કલકત્તાની આર્ટ સ્કુલમાં હિંદી કળાનો સ્વીકાર થઈ ગયો હતો. જોકે મિ. હાવેલ ગયા હતા અને તેમની જગ્યાએ મિ. પર્સી બ્રાઉન નીમાયા હતા, પણ તે આવી પહોંચ્યા નહોતા એટલે શ્રી અવનીન્દ્ર-



વૃદ્ધ



કલ્પનામૂર્તિઓ

આ બે સ્કેચ તેમની મનોદશામાં પલટો થયા પછીના સમયની સ્કેચબુકમાંથી લીધા છે. સાધારણ રીતે કળાકારો ઉપર પ્રમાદી જીવનનો આરોપ હોય છે, પણ શ્રી પ્રમોદબાબુના હાથ પીંછી કે ચિત્ત એક ક્ષણ પણ નવરાં નહિ જ પડતાં હોય એમ લાગે છે. મોટાં ચિત્રો ઉપર તો તેઓ ધીમું ધીમું કંઈ અવનવું ઘડતર સતત કર્યા જ કરે છે; પણ જ્યારે તે કામમાંથી ફારગ હોય છે ત્યારે પણ તેમની સ્વચ્છ કાગળોવાળી નોંધપોથીઓમાં કંઇ ને કંઇ આકર્ષક ચિત્રામણ ચાલતું જ હોય. વૃદ્ધ વાળો સ્કેચ તેમની પ્રવાહી રેખાઓનો નમુનો છે. કલ્પનામૂર્તિઓમાં કલમની અણીની લીલા જોવાની મળે છે. હાથ પર જે ચડ્યું તે ઉઠાવતાં કંઇ ને કંઇ સૃજન કે વિધાન થયું જ સમજો. એક વાર ટપાલનું કવર હાથમાં આવ્યું તો બેઠાંબેઠાં તે પર ભારતીય ટીકીટ ઉપજાવી અને વિનોદમાં કહેશે કે હિંદુસ્તાનને સ્વરાજ મળશે તે વખતે ટીકીટનાં કલ્પનો કરવાનું આપણે કલાકારોને માથે જ આવવાનું ને? એટલે આજથી કંઇક કરી મુકું છું! (જુઓ ટીકીટવાળો બ્લોક)

નાથ ટાગોર પ્રિન્સિપાલ તરીકે કામ કરતા હતા. તેમણે પોતે સંપૂર્ણપણે પશ્ચિમી કળાપદ્ધતિ છોડી દીધી હતી ને જાતે હિંદી કળાનો વર્ગ ચલાવતા હતા. શ્રી નંદલાલ બોઝ, અસીત હલધર વગેરે તે વર્ગમાં વિદ્યાર્થી હતા.

મોટા ભાગના વિદ્યાર્થીઓને આ નવી કળા ગમતી નહોતી. તેમની નજર રાફેલ, માઇકલ ઍન્જેલો વગેરે યૂરોપી ઉસ્તાદો તરફ મંડાઇ હતી. શ્રી પ્રમોદકુમાર પણ એ જ વર્ગના હતા અને છાયાપ્રકાશ, યથાદર્શન, રંગવિચાર વગેરે પાછળ ખુબ મહેનત લેતા. તેમણે લગભગ પાંચ વર્ષ સુધી ત્યાં અભ્યાસ કર્યો અને સારા વિદ્યાર્થી તરીકે પંકાયા. શ્રી અવનીન્દ્રનાથે તેમને એ વખતે હિંદી ચિત્રકળા તરફ વળવા ઘણીવાર કહેલું, પણ પ્રમોદબાબુ અને તેમના મિત્રો એ કળાની અણીદાર આંખો, લટકાળા વાંકાચુકા હાથ તથા અંગભંગની મશ્કરી જ કરતા.

૧૯૧૧માં પ્રમોદબાબુએ આર્ટ સ્કુલ છોડી ધંધો આદર્યો. પણ દાદાના જીવને નીરાંત નહોતી. આવો જુવાન ખાનદાન દીકરો હજુ પરણ્યા વિના રહે એ તેમને તદ્દન ખોટું દેખાતું. અત્યાર સુધીમાં કેટલાં ય માગાં પાછાં ઠેલેલાં, પણ છોટા બાબુ તો મક્કમ જ હતા. આખરે વડીલોએ વારસામાંથી બાતલ કરી દેવાની ધમકી આપી. દરમિયાન પ્રમોદબાબુને વિચાર આવ્યો કે પોતે આખી જુવાની નિષ્કલંકિત રીતે ગાળી શકશે કે કેમ, અથવા સમાજ પોતાને સંઘરશે કે કેમ? ઘણા વિચારને અંતે તેમણે લગ્ન માટે હા કહી.



તામીલ કુટુંબ



જનની

શ્રી પ્રમોદકુમારની ચિત્રકળામાં વેદાંતના ગૂઢ વિષયો સ્પર્શતાં ચિત્રો જેટલાં મળી આવે છે તેટલા જ પ્રમાણમાં મધુર રસાસ્વાદની ઊર્મિભર્યાં ગૃહજીવનનાં મનોરમ ચિત્રો પણ તેમણે દોર્યાં છે. ઉપલું તામીલ કુટુંબનું ચિત્ર તેના સર્વ સાધારણ ભાવોથી પ્રાંતિક મટી સાર્વજનિક બન્યું છે. વિશાળ ભાલવાળો તેજ:પુંજ કોઇ વિદ્વાન બ્રાહ્મણ શાંત, સાત્વિક ગૃહ-લાલિત્ય માણી રહ્યો છે. તેની પત્ની તેના પ્રતિબિમ્બ રૂપ પુત્રને આગળ ધરે છે તે તરફ એ સ્નેહથી જોઈ રહ્યો છે; અને બાળક પણ જાણે ભવિષ્યજીવનની પિતા પાસેથી દીક્ષા લેતો હોય તેમ પિતાનું બ્રહ્મસૂત્ર—જનોઇ જ પકડે છે! પ્રેમળ માતા એ લીલાથી પ્રસન્ન દેખાય છે. એ સ્ત્રીએ વેણીમાં કરેલી ફુલગુંથણી સુવર્ણના અલંકારોને શરમાવે એવી છે. ગૃહના ઠંડા વાતાવરણમાં સ્નેહનો, વિદ્યાનો અને કળાનો પ્રકાશ હોય તો ધનસંપત્તિ તેની આગળ તુચ્છ બની જાય એવું ગર્ભિત સૂચન છે.

આ બધું તેમણે સમાજને સમજાવી રાખવા કબુલ કર્યું, પણ તેમના ચિત્તમાં તો નાનપણથી તેમને શ્રીરામકૃષ્ણ પરમહંસ તથા એમના બોધ તરફ અપાર ભાવ હતો. તેમણે એમના બધા ઉપદેશો પર અંતરથી મનન કરેલું, તથા એવી કોઇ પરમ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવાની તેમને ઉર ઇચ્છા પ્રગટેલી. એટલે પિતૃઓને સંતોષવા લગ્ન તો કર્યું, પણ ખરેખરો સંસાર ન માંડ્યો. ધંધામાં થોડાકે પૈસા મળે કે કાશી, વૃન્દાવન વગેરેની એકાદ યાત્રા કરી આવતા. ઑઇલ પેઇન્ટિંગ અને ચિત્રવિધાન કરવામાં તે વખતે પણ એ ઠીક કામ કરનાર ગણાતા. બંગાળી માસિક 'ભારતવર્ષ'માં એકબે પણ ચિત્રો પ્રસિદ્ધ કરી ચુકેલા.

૧૯૧૭ કે ૧૮માં તેમને સ્વામી પરમાનંદજી કરીને એક સત્પુરુષનો સમાગમ થયો અને તેમની પાસે બેસી તેમણે પાતંજલી તથા સાંખ્યનું વેદાંત સમજી લીધું. આ રીતે તેમનો આત્મા કોઈ નવા જીવન માટે તલસી રહ્યા હતો, એવામાં તેમના ગુરુ આગળ સત્ય-ચરણ શાસ્ત્રી મળવા આવ્યા. એમણે વાતવાતમાં જણાવ્યું કે પોતે તિબેટ સુધી ઉત્તર હિમાલયની યાત્રાએ જવા ઇચ્છે છે, પણ એકાદ સોબતી શોધી રહ્યા છે. શ્રી પ્રમોદકુમાર ત્યાં જ બેઠા હતા. ગુરુજીએ તેમની તથા શ્રી સત્યચરણ શાસ્ત્રીની ઓળખાણ કરાવી કહ્યું, 'તમે ય પ્રવાસી છો અને આ ય પ્રવાસી છે.' તરત જ પ્રમોદકુમારે તેમના પ્રવાસમાં સાથી થવાનું કબુલી લીધું અને થોડા દિવસ પછી કૈલાસ તથા માનસરોવરનાં દર્શન કરવા ઘર છોડ્યું.



ચૈતન્યની સમાધિ

શ્રી ગૌરાંગપ્રભુ ચૈતન્યનાં જીવન અને ભક્તિ બંગાળના સંસ્કારમાં જબરાં પ્રેરકબળ થયાં છે. બીજા ચિત્રકારોએ પણ તેમના જીવનના અનેક પ્રસંગો પોતાની પીંછીથી છેડયા છે. શ્રી પ્રમોદકુમાર તે પૈકીમાં આગળપડતો ભાગ ધરાવે છે. તેમણે શ્રી ચૈતન્યપ્રભુનાં આઠદસ ચિત્રો દોર્યાં છે અને લગભગ દરેકમાં તેમના જીવનની કોઈ ગૂઢ મનોદશા ઉતારી છે. આ ચિત્રમાં શ્રી ચૈતન્ય કીર્તન કરતા સમાધ પામે છે અને શિષ્યો તેમને ઝીલી લે છે, એ ભાવ છે. પણ આ ચિત્રનું ખરૂં વાતાવરણ તો મૂળ રંગમાં જુઓ ત્યારે જ સમજાય. દીવાના ધીરા પ્રકાશમાં સુંદર કાયાવાળા, ધ્યાનમાં નેત્રો સમેટતા ચૈતન્ય, આતુર નજરે જોઈ રહેલા શિષ્યો એ બધી ચિત્રની કલાસંપત્તિ છે.


કાઠગોદામથી શરૂ કરી આલ્મોડા માર્ગે થઇ માનસરોવર, કૈલાસ ને પશ્ચિમ તિબેટનો કેટલો ભાગ એમણે જોયાં. આ યાત્રાની તેમના ઉપર અજબ અસર થઇ. પ્રવાસ દરમિયાન તેમણે અનેક દેવાલયો જોયાં, ઘણા સાધુ સંતોનો તેમને સત્સંગ થયો અને આર્ય સંસ્કૃતિનાં ઉંડાં મુળ જોઇ લીધાં. આથી એમના માનસમાં મોટું પરિવર્તન થઈ ગયું. એમની દૃષ્ટિ માત્ર સ્થૂળમાં જ ન રમતાં તેની પાછળ રહેલું વિશ્વચૈતન્ય જોવા લાગી, દેખાતી દુનિયાનું રહસ્ય તે વિચારતા થયા. સૌંદર્ય અને કળાની ખરી આર્યભાવના તેમને હિમાલયનાં દેવાલયોમાં અને બૌદ્ધ મંદિરો તથા મઠોમાં સમજાઇ. ત્યાં કળાનો પ્રચાર કે ઉપાસના સરકારી આદેશો કે શાળાના શિક્ષણક્રમ ઉપર ગોઠવાયાં નથી. જનહૃદય અને કુદરતના અદ્ભુત મેળાપના સુંદર પરિણામ રૂપે કળા ત્યાં વ્યક્ત થાય છે. ભવ્ય પૂજાસમારંભ, અદ્ભુત સુશોભન, સંપૂર્ણ ધ્યાનથી કોતરેલી મૂર્તિઓ, ધાતુનાં વાસણો એ બધાંને ઉત્પન્ન કરતી ઊર્મિને તેમણે પીછાની લીધી, સમજી લીધી અને પરિણામે તેમની પાછળની કળામાં ઉચ્ચ પ્રસાદ અને કલ્પના ઉતર્યાં. એ પ્રવાસ ઉપર તેમણે લગભગ ૩૦૦ પાનાનું એક પુસ્તક લખ્યું છે જે હજુ અપ્રસિદ્ધ છે.

પ્રવાસમાંથી કલકત્તે પાછા ફર્યા તે વખતે એમના માઇકલ ઍન્જેલો, રાફેલ ને ગ્રીસના કળા–આદર્શો ઉડી ગયા હતા. ચમકતા, ઉપડતા ઑઇલ પેઇન્ટિંગનાં ચિત્રો એમને રાજસી કલ્પનાનાં લાગ્યાં. શાંત જળરંગો અને જુની હિંદી ચિત્રપદ્ધતિ તેમની મનોદશાને અનુકુળ સાધન લાગી. ઉન્માદભરી પેન્સિલ કે ઉછળતી પીંછીના વેગ હવે તેમને ખેંચી શકે એમ નહોતું. એ તો બધી ભૂતકાળની વાતો થઇ ગઇ હતી.

બીજી તરફ તેમની પૈતૃકી સંપત્તિનો નાશ થઇ ગયો હતો; ઘરનું ઘર સરખું યે રહ્યું ન હતું; અને એ દુઃખ જાણે ઓછું હોય તેમ આવતાંવેંત જ તે જીવલેણ માંદગીમાં પટકાયા અને માંડમાંડ બચ્યા. આ બધો વખત તેમનું કળાજીવન સાવ સુપ્ત હતું અને નવી કળાઊર્મિનો ધોધ અંદર ધસમસી રહ્યો હતો.

માંદગીમાંથી ઉઠ્યા પછી શાંતિથી બેસી કામ કરવા પુરતી જગ્યા સરખી પણ તેમને ક્યાંય રહી ન હતી; પહેરવાનાં લુગડાંના હાલહવાલ હતા. એમના વિચિત્ર વેશથી કોઈ મોટા લોકો તેમને સંઘરવા પણ તૈયાર ન હતા. આ વખતે શ્રી અવનીન્દ્રનાથ ટાગોર સરકારી ચિત્રશાળામાંથી છુટા થઈ ગયા હતા, પૌર્વાત્સકલા સમિતિ (ઓરીએન્ટલ આર્ટ સોસાયટી) સ્થપાઇ ગઇ હતી અને ચૌરંગીના એક સરસ મકાનમાં તેની બેઠક થઇ હતી.

ત્યાં કેટલાક વિદ્યાર્થીઓને રહેવા તથા અભ્યાસ કરવાની પણ ગોઠવણ હતી. જે અવની બાબુએ જાતે



ટપાલની ટીકીટો

એક વખત તેમને હિંદી કળાના વર્ગમાં આવવા કહેલું અને જે કળાની પોતે મશ્કરી કરેલી તે જ કળાના નિર્માણ માટે આજ ફરીવાર તે જ અવનીબાબુને એ મળવા ગયા. તેમણે કહ્યું, ‘ તમારે સમિતિના મકાનમાં કામ કરવું હોય તો ત્યાં એક વિદ્યાર્થી તરીકે દાખલ થવું પડશે. ’ પ્રમોદબાબુએ તે કબુલ્યું અને ૧૯૨૧ની બીજી માર્ચે તે સમિતિના મકાનમાં જગ્યા પામ્યા.

ત્યાં તેમણે ખંત અને એકધ્યાનથી કામ આરંભ્યું. શરૂઆતમાં તો થોડી ઉપાધિઓ નડી. એ નવા વિદ્યાર્થી તરફ કેટલાકે ઉપહાસ અને અતડાઇ બતાવ્યાં. પણ અવનીન્દ્રનાથ તથા તેમના ભાઈ ગગનેન્દ્રનાથ ટાગોરના ઉત્તેજનથી તેમનું કામ એકસરખું ચાલ્યું, અને એ જ વર્ષના ડિસેમ્બર સુધીમાં તેમણે કેટલાંક ચિત્રો પુરાં કર્યાં. તેમાંના બાર સારાં ચિત્રો એ જ વર્ષના પ્રદર્શનમાં મુકાયાં. તે પૈકી ‘ગાયત્રીનાં ત્રણ સ્વરૂપ’, ‘ચંદ્રશેખર’, ‘કૈલાસ’, તિબેટના બે દેખાવો વગેરે હતાં.

લોર્ડ રોનાલ્ડશે એ વખતે બંગાળના ગવર્નર હતા. તેમણે એમનાં ચિત્રોની ખુબ પ્રશંસા કરી અને એ કળાકારને મળવા અવનીન્દ્રનાથ આગળ માગણી કરી કહ્યું કે બંગાળી ચિત્રકારોના જુથમાં એક નવું તત્ત્વ આવ્યું દેખાય છે.

એ અરસામાં બીજી ઇશ્વરી ઘટના બની. એક વાર શ્રી અવનીન્દ્રનાથની સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે હું શહેરના જીવનથી કાયર થઈ ગયો છું અને બહાર જવાની તક શોધું છું. એ વખતે



કલ્પનામૂર્તિ

તેમને ખબરે નહોતી કે આંધ્રના ડૉ. શિવરામ જે કલકત્તા યુનિવર્સિટીમાં હતા તેમણે મછલીપટ્ટણની આંધ્રજાતીય કળાશાળા માટે એક ચિત્રકાર અધ્યાપકની માગણી કરી હતી. પગાર બહુ થોડો મળવાનો હતો, પણ તેમની તીવ્ર ઇચ્છા જોઇને શ્રી અવનીન્દ્રનાથે તેમની ગોઠવણ તે જગ્યા પર કરી આપી અને એ રીતે તેમણે આંધ્રજાતીય કળાશાળાનું કામ હાથમાં લીધું. ત્યાં ત્રણચાર વર્ષના ગાળામાં તેમણે અનેક સારા વિદ્યાર્થીઓ તૈયાર કર્યા અને એ સંસ્થાની ખ્યાતિ થોડા જ વખતમાં ચોમેર પ્રસરી ગઇ. આંધ્રમાં પહેલી જ વાર ‘શારદા’ નામનું સચિત્ર માસિક શરૂ થયું.

૧૯૨૩ના ઑક્ટોબરની ૨૦મી તારીખે આંધ્રચિત્રાલયની સ્થાપના થઇ અને કળાના સંસ્કારનું એક મથક મછલીપટ્ટણમાં થયું.

શિક્ષણમાં તેઓ વિદ્યાર્થીઓને ક્રિયાની મુશ્કેલીઓમાં જ સહાય કરે છે અને તેમના સ્વગત માનસને ખીલવી, તેનું અસલ રૂપ જાળવી તેઓ કૃતિઓ ઉત્પન્ન કરે તે પર ખુબ ધ્યાન આપે છે. તે આંધ્રમાં ગયા ત્યારે લોકમત તો નવી કળાની સામે હતો અને એમની

પાસે માત્ર બે જ શિષ્યો હતા; છતાં તેમણે ધૈર્યથી કામ આરંભ્યું હતું. એ દરમિયાન એક બનાવે બધી સ્થિતિ પલટાવી નાખી. શારદા માસિકના પુંઠા માટે તેમણે એક ચિત્ર દોર્યું હતું તે કેટલાકોને અશ્લીલ લાગ્યું અને તે પરથી પોસ્ટ માસ્તર જનરલે તેની નકલો પોસ્ટ થતાં અટકાયત કરી જણાવ્યું કે 'તે ચિત્રમાં ઉઘાડું અંગ છે એટલું જ નહિ પણ ખરી કળામાં ન ગણી શકાય એવી અતિશયતા છે.' એ અંક અદિયારના કળામિમાંસક ડૉ. કઝિન્સે જોયો અને તેમને લાગ્યું કે એ ચિત્રનો આવો નિષેધ એ તો ભારતની કળાના પુનરૂત્થાન પર જબરો ફટકો છે. એટલે તેમણે 'ન્યુ ઇન્ડિયા' પત્રમાં તેના સમર્થનમાં એક સબળ લેખ લખી જણાવ્યું કે હિંદની પ્રાચીન માનવંતી સંસ્કૃતિ કોઈ પણ વિદેશી કે દેશીના નિષેધને પાત્ર થાય એ ઘણું ખરાબ ગણાય. પણ ખરાબ કરતાં વધુ દુઃખજનક તો એ છે કે જ્યાં ઇશ્વરી પવિત્રતાનું જ આલેખન છે તેમાં તેઓ વિચિત્ર્ય દેખે છે અને વસ્તુના ગૂઢમાં ગૂઢ ભાવોનું જ્યાં સૂક્ષ્મ રીતે પ્રકટીકરણ હોય તેમાં તેમને માત્ર કૃત્રિમતા લાગે છે!

એ લેખ પછી ટપાલખાતાએ પોતાનો મનાઇ હુકમ પાછો ખેંચી લીધો અને કળાભવનના ચાલકોને લાગ્યું કે તેમની સંસ્થા યોગ્ય માણસના હાથમાં જ છે. આટલું થયા સુધી ડૉ. કઝિન્સ ને પ્રમોદબાબુનો પરિચય ન હતો. પછી તો એમની વચ્ચે મૈત્રી બંધાઇ અને લોકમત એ સંસ્થાના પક્ષમાં વળ્યો.

પ્રમોદબાબુએ જ્યારે આંધ્રમાંથી વિદાય લીધી ત્યારે તેમના પ્રતિ આભારની લાગણી દર્શાવવા જંગી સભા મળી હતી, જ્યાં તેમને જાતજાતની કળાસામગ્રી ભેટ ધરવામાં આવી હતી. તેમણે પણ પોતાનાં કેટલાંક ઉત્તમ ચિત્રો શાળાને અર્પણ કર્યાં અને દર વરસે એક વાર ત્યાં જવાનું વચન આપ્યું.

આટઆટલા અનુભવ અને શક્તિઓનો સંચય કરી આવેલા એ કલાકારે વડોદરાના કલાભવનના ચિત્રકળાના અધ્યાપકનું પદ લીધું ત્યારે ત્યાં પણ તેમની વિરૂદ્ધ હીલચાલો થયા વિના રહી નહોતી; પરંતુ જેમણે એકવાર પણ તેમના વ્યક્તિત્વનો અને કળાનો પરિચય મેળવ્યો છે તેમને સૌને તેમના કાર્ય વિષે જરા યે શંકા રહેશે નહિ. સોમાલાલ શાહ અને કૃષ્ણલાલ ભટ્ટ બે જ વિદ્યાર્થીઓથી તેમણે શરૂઆત કરી છે અને આપણે થોડા જ વખતમાં જોઇશું કે તેમની ટોળીમાં બીજો ઘણો વધારો થયો હશે. **ર. મ. શ.**

ચિત્રપરિચય

રાગિણી ગૌરીનો પ્રભવ (આ અંકનું મુખચિત્ર)


શ્રી પ્રમોદબાબુનું આ એક લાક્ષણિક ચિત્ર કહી શકાય. સંગીતના પોતે અતીવ આશક હોઈ સંગીતનાં રૂપો મૂર્તિમંત કરવાની તેમની લાગણીનું આ અત્યુત્તમ પરિણામ છે. ગૌરી એ ભૈરવ રાગની માનીતી રાગિણી છે અને તે સવારના પહોરમાં અથવા સાંજને વખતે ગવાય છે. પણ ચિત્રકાર તો તેને શ્રી ભૈરવની સન્મુખ હવાના રંગોભર્યાં વાતાવરણમાં ઝુલતી ફુલતી જુએ છે. અને શ્રી ભૈરવનું સ્વરૂપ તો જુઓ! મોટું વ્યાઘ્રચર્મ માત્ર તેનો વસ્ત્રવૈભવ છે, છતાં એ ખાખી દેહની કાન્તિ પવિત્ર મોહકતાભરી લાગે છે. પીંગળીશી જટાની છુટી લટો ખોડ પર કેવી લીલાથી છુટીછવાઇ લટકી રહી છે! અને રાગિણીના ધ્યાનમાં પોતાના મુખમાંથી નીકળતા સ્વર પાછળ પેલા વાતાવરણમાં પ્રગટતા સ્વરૂપમાં લીન ભૈરવનાં નેત્રો ? ને એમનું વાદ્ય પણ કેવું ? મનુષ્યની ખોપરીમાં વાંસનો દંડ નાખી કરેલી વીણા! મૃત શેષમાંથી રાગનો સનાતન ધ્વનિ નિપજાવનાર એ મહેશને નંદીની અંગુલિઓ શી ત્વરાથી મૃદંગના તાલ દે છે! રેખા અને રંગના સુંદર ગાન સમું આ ચિત્ર તેના કર્તાનો અપ્રતિમ વિજય છે.

યમુના

કાલિન્દીનાં ઘેરાં વમળ ખાતાં જળમાં તેની ચંદનચર્ચિત પુષ્પગુંફિત વદનશ્રી જોતાં જ કોઇ અલૌકિક નારીતત્ત્વનો ખ્યાલ આવે છે. આ ચિત્રની મુળ પ્રતની ખરી ખુબી આ છાપમાં ભાગ્યે જ ઉતરી શકી છે. સોનેરી કિનારાની વચ્ચે વહેતી શ્યામ જળવાળી આ સરિતાનો અંબોડો ઘડીવાર વમળ ખાતાં પાણીનાં ફીણ લાગે છે, ઘડીમાં સુવાસિત શ્વેત કમળોની સુંદર ગુંથણી બની જાય છે. અજબ રેખાંકન, રંગની સુકોમળતા અને હૃદય ઉછળાવતી ઊર્મિ એ આ ચિત્રના પ્રધાન ગુણ છે.

ઉમા–મહેશ

સહેજ અપૂર્ણ રહેલું આ ચિત્ર એક નાનુંશું કાવ્ય છે. હિમાલયનાં ઉન્નત ગિરિશૃંગ ઉપર જ્યારે સૂર્યનું પહેલું કિરણ મંડાય છે ત્યારે જ મહેશનું પ્રકાશવંતુ ભાલ મનુષ્યની નજરે ચડે છે. એ વખતે હિમાદ્રિની મનોહર વનશ્રી—હિમતનયા ઉમા—મહેશના ઠંડા ભાલ પર પ્રેમભર્યો અધરસ્પર્શ આપે છે. કદાચ શિવની શાન્ત, મનોહર, સાત્વિક મૂર્તિથી હૃદયની ઊર્મિ ઉછળી આવી હોય! ચિત્રકારે કેટલા નૈપુણ્યથી આ દિવ્યમૂર્તિઓને માનવકલ્પનામાં ઉતારી એક પવિત્ર ઝણઝણાટી જોનારને અર્પી છે? **ર.**



: ઇન્દ્રવજ્રા :

'ઇલા ! ઉઠી જા શરણાઇ વાગે,
ઘોરે છ શાની નવયુગ આજે;
ઉદ્યાનમાં જો તરુ સાથ ઘેરૂં,
કેવું રમે બાલ્ય પરોઢ કેરૂં !'

'જોને જગાડી અમથી મને ક્યાં ?
આવ્યું હતું સ્વપ્ન મને, અને ત્યાં
તેં અંત ભાગે જ મને જગાડી,
બાજી મજેની અમથી બગાડી !

મારૂં અધુરૂં સ્વપનું રહ્યું એ,
જાણી શકી ના પછી શું થયું એ;
એ સ્વપ્ન આજે મનમાં રમે છે,
એ સ્વપ્ન જેવું જીવવું ગમે છે.'

"રાત્રે સુતી વેળ કહ્યું'તું શાને,
'જે વ્હેલું જાગે જગવે બીજાને ?' "
'જોયું છ ભાઇ મુખ પ્હેલું તારૂં,
કેવો વીતે છે દિન આજ વારૂ !'

'જો ચાલ બાએ ઘર બ્હાર આજે,
પુર્યો કળોડી થકી સાથીઆ જે;
ત્યાં પુરીએ શોભિત રંગ સાથે,
ને ત્યાં જ વાતો કરીએ નિરાંતે.'





"હા, હા, ઉગે નિર્મળ જો પરોઢ,
હૈયે ઉગે એમ અનેક કોડ;
ને ભાઈ મારાં અભિનંદનો લે !
આવે ન એકે કંઇ એની તોલે.

આ જો ઉષાનાં મૃદુ હાસ્ય ચારૂ,
ને વાંછું એવું શુભ ભાગ્ય તારૂં;
આવું ઉગો જીવનનું પ્રભાત,
ને ભાઈ ! હાવાં સુણ સ્વપ્ન વાત.

ઓ ભાઇ ! જાણે ફરવા જતાં'તાં,
પૃથ્વીતણી પાળ પરે ઉભાં'તાં;
જોયા વળી સાગર સાત ત્યાં મેં.
ઓળંગવાને પુલસેતુ સામે.



ત્યાં એક આવ્યો ઉડી દેવદૂત,
પાંખો રૂપાળી વળી તેજયુક્ત;
એ પાંખમાં આપણને ધરી એ,
ઉડ્યો શું વેગે, વધુ વાયુથી એ.

સ્વપ્નાભર્યો એક વિશાળ દેશ,
એમાં થયો આપણનો પ્રવેશ;
એકેક સ્વપ્નું બની એક સૃષ્ટિ,
જે ન્યાળતાં ઝાંખી જ થાય દૃષ્ટિ.



યમુના

ચિત્રકારઃ શ્રી પ્રમોદકુમાર ચેટરજી

'કુમાર' પોષ ૧૯૮૩



ઉમા–મહેશ

ચિત્રકાર: શ્રી પ્રમોદકુમાર ચેટરજી

ઓ ભાઇ એ તો હતી દિવ્ય સૃષ્ટિ,
પીયૂષની તો ત્યહીં થાય વૃષ્ટિ;
એની ફરે ફુદડી સોળ ચાંદા,
ન્હોતા ત્યહીં એક જ સૂર્ય દાદા.

બેચાર ઉંચાં હિમશૃંગ સાંધી,
પુષ્પો ગુંથી મંડપ ભવ્ય બાંધી,
એમાં બિછાવ્યાં રૂડી વાદળીનાં,
જાણે બિછાનાં હિમ-ગાદલીનાં !

પૃથ્વીતણા સૌરભની વિશાળ,
જાણે ગુંથી હોય ન મ્હેકજાળ;
ત્યાં ભાઇલા ! તું પડખે ઉભો'તો,
ગૂઢાર્થ એનો સમજાવતો'તો.

મ્હેકે ત્યહીં પુષ્પની મંજરીઓ,
ત્યાં તો હવામાં ઉડતી પરીઓ;
એવા પરીલોક મહીં રમ્યાં બે,
ને દૂતશુ જોજન કૈં ઘુમ્યાં બે.

લાધ્યાં હશે આજ સુધી અનેક,
તે સ્વપ્ન મેં ત્યાંહી દીઠાં દરેક;
ત્યાં રંગના તો ફુટતા ફુવારા,
ને તે ફુવારે વળી સાત ધારા.

એ સાત ધારા મહીં સાત રંગ,
ને સાતના થાય અનંત રંગ;
એ રંગ કુંડે નિજ અંગ બોળે,
ને સર્વ ઉડે જગમાંહીં ટોળે.

ત્યાં સ્વપ્ન સર્વે ઉજવે ઉજાણી,
ને એક આવે બની શોકરાણી;
ને કોક સ્વપ્નું સજી સર્વ સાજ,
ના હોય જાણે બન્યું હર્ષરાજ !

સંધ્યાતણા હોઠ બીડેલ ત્યાંથી
લાલાશ લાવ્યાં નકી હોઠમાંની;
ને અંગના સૌ શણગાર કાજ,
લૂટ્યો હશે નક્કી વસંતરાજ.



શોકરાણી

એ રાજરાણી શણગારવાં'તાં,
તે વિશ્વ આખું ય ઘુમી વળ્યાં'તાં;
એ માટ બે ગોળમટોળ મોતી,
લેવા કની સાગરદ્વીપ ગોતી.

ને રત્નભંડાર ત્રિલોકના યે,
શોધી વળ્યાં તો ય મળ્યા ન ક્યાં યે.
પૃથ્વી ફરંતાં કદિ એક વેળા,
કો દેવદૂતે નિરખ્યાં ઉભેલાં;

ન્યાળી ઉભો આપણ નેત્રવારિ,
થંભી હશે કો પળ દિવ્ય ન્યારી;
હૈયાતણું હેત દરેલ જ્યારે,
ઓગાળતાં નિર્મળ નેત્ર ત્યારે.

એ દેવદૂતે જળ એ ગ્રહ્યાં'તાં,
એ અશ્રુ વીણી અહીં સાચવ્યાં'તાં;
એ અશ્રુના તો મૃદુ અંગુલીથી,
મોતી સમા ઘાટ ઘડી કળીથી–

રશ્મિ ગુંથી છાબ મહીં ભરીને,
ને પુષ્પની પાવડીઓ ધરીને;
એ અશ્રુમોતી દૂત ત્યાંહીં લાવ્યો,
એને બધાએ હરખી વધાવ્યો.

એ રાજવીને મુકુટે મઢેલું,
તારૂં નિહાળ્યું ત્યહીં આંસુ પેલું;
ને શોકરાણી તણી કંઠમાળા,
એમાં ગુંથેલાં ચળકે નિરાળાં.

ને કોક સ્વપ્નું શિવરૂપ ધારે,
ને વ્યોમગંગા નભથી ઉતારે;



સ્વપ્નદેવી

તારાતણી વૃષ્ટિ શિરે ઝીલી લે,
ને એમ ખેલો સહુ રમ્ય ખેલે.

જે બાળવાર્તા સહુ સાંભળી'તી,
એ સર્વ દૃષ્ટિશું છતી થતી'તી;
કો સ્વપ્ન પ્રલ્હાદ બની ઉમંગે,
લેતો વળી બાથ સુવર્ણથંભે.

ને કોઈ સેવે ધ્રુવની તપસ્યા,
શ્રદ્ધાતણી ત્યાં ઉકલે સમસ્યા;
ને એમ ન્યાળી ઇતિહાસસૃષ્ટિ,
ભાળી હું પામી ય ભવિષ્યદૃષ્ટિ.

શાળા રચીને કંઇ ખેલ ખેલે,
તારાક્ષરી વ્યોમ તણી ઉકેલે;
ને રશ્મિમાંથી કંઇ રંગ ચોરે,
ને વ્યોમમાં મેઘધનુષ્ય દોરે.

ને હર્ષરાજા વળી શોકરાણી,
ઉચ્ચાસનેથી દઈ આણ વાણી;
સૌ સ્વપ્નને ત્યાં ગરબે ઘુમાવે,
સંગીતની દિવ્ય ધુની જમાવે.

આકાશમાં એક ઉડંત ટોળી,
તે વાદળીની કરી એક ઝોળી;
તારાતણાં કૈં ઝુમખાં ભરીને,
ને એ નીચોવ્યાં ગરણી કરીને.

ને દિવ્ય ઝારી લઇ અન્ય આવ્યાં,
વિષ્ણુ કનેથી કદિ હોય લાવ્યાં;
તારારસે એ ભરી દિવ્ય ઝારી,
ને એમ ઢાળ્યું અભિષેકવારિ.

ને અપ્તરંગી મણિમૂર્તિ જેવી,
ઉભી હતી દૂર જ સ્વપ્નદેવી;
આવ્યાં ઉડંતાં જળ શીકરો શાં,
ચાલે સરંતી જળ ઝાલરો શાં.

એ સ્વપ્નદેવી સજી વસ્ત્ર ભુરૂં,
આવી સમીપે ઉચર્યાં મધુરૂં;
'એ સ્વપ્ન તો છે કની સર્વ શૂરાં,
તોફાનમાં યે જરી ના અધુરાં.

પૃથ્વી મહીં બાળક કાજ જાય,
ફેરી ફરંતાં મુજ દૂત રાય,
સ્વપ્નાં લીઓ કો, સ્વપને રમાડે,
ને બાળકોને અરધાં જગાડે.

જ્યાં બાળકો નિર્મળ નીંદ ઝોપે,
ત્યાં આંખક્યારી મહીં સ્વપ્ન રોપે;
ને ત્યાં જ સ્હેજે કવિતા ઉગાડે,
રૂડાં મધુરાં ફળ શાં ચખાડે!

ને ચાખતાં એ ઉર સર્વ રાચે,
તે બાળકો યે થઇ કાવ્ય નાચે;
નિદ્રાતણી એમ દિવાલ ભેદી,
સૌને કરે દૂત જ સ્વપ્ન કેદી.

ને એ જ દૂતો ફરી પૃથ્વીલોક,
તોળે સદા માનવ હર્ષ શોક;
ને હોય ત્યાં શોક કઈ વધારે,
એ ભાર લાવી અહીંઆં ઉતારે.

પૃથ્વી તણાં બાળક પુણ્યશાળી,
ત્રુટી જતાં માનવ દેહજાળી;
આવી વસાવે અહીં સ્વપ્નસૃષ્ટિ,
ને સર્વ પામે વળી દિવ્ય દૃષ્ટિ.

આશાતણું આહીં વિશાળ વ્યોમ,
ને કલ્પનાની ફળદ્રુપ ભોમ;

હૈયે ભરેલાં સહુ હેત જેમાં,
એનો અહીં મ્હેલ રચેલ, એમાં

જે સ્વપ્ન લાધ્યાં મરૂ ભોમમાં યે,
તે સર્વ જાણો, મુજ દેશનાં એ;
તે સર્વ સ્વપ્નાં નિજ શિર્ષ નામી,
આવી સદા યે ભરશે સલામી.

ને સ્વર્ગથી યે અતિ દિવ્ય ન્યારૂં,
આ છે અમોલું સ્થળ તો અમારૂં;
પૃથ્વી ત્યજી આહીં ભલે પધારો,
આ દિવ્યતામાં ય થશે વધારો.'

ત્યાં સ્વપ્નભંડાર ભર્યો વિશાળ,
ને પારદર્શી ચળકે દિવાલ;
જે બાળકોનાં મૃદુ હાસ્ય ચારૂ,
એથી ગુંથી હોય જ એમ ધારૂં.

ને સ્વપ્નદેવી સહ ત્યાંહીં આવ્યાં.
ને દૂત બે સૌરભથાળ લાવ્યા;
એ સૌરભે આપણને ન્હવાડી,
સુવર્ણનાં દ્વાર રહ્યા ઉઘાડી.

તારાકણી કુંકુમમાં પલાળી,
ચોડી કપાળે મૃદુ હાસ્ય ઢાળી;
ને સ્વપ્નદેવી પછી બોલ બોલ્યાં,
'આ સ્વપ્નભંડાર વિશાળ ખોલ્યા,

એમાં થકી સ્વપ્ન ગ્રહો ગમે તે,
ને હૈયું મારૂં ઉભરાય હેતે;
પૃથ્વી વિષે અંતર શાંતિ થાય,
ને એ વડે બે રમજો સદા ય.'

એ સ્વપ્નભંડાર ખુંદી વળ્યાં બે,
ને સ્વપ્ન તો ના સરખાં મળ્યાં બે;
હું તો કની, ભાઈ થઇ નિરાશ,
પાછાં ગયાં આપણુ દેવી પાસ.

'હું દિવ્ય નિદ્રા જ અનંત સેવું,
ને સ્વપ્ન એમાં વળી ભવ્ય એવું;
આપો જ જેને નવ આદિ અંત,
ને વિશ્વ જેમાં રમતાં અનંત.'



બોલ્યાં હસી હાસ્ય 'તથાસ્તુ' દેવી,
પામ્યાં મજેની ત્યહીં લ્હાણ એવી;
ભંડાર શોધી પછી દૂત આવ્યો,
માંગ્યું હતું સ્વપ્ન ન એવું લાવ્યો.

દેવી પછી ચાંદરણાં ગળાવી,
બે રૌપ્ય સ્વપ્નાં પળમાં બનાવી;
તે રોપવા આ હ્રદયો ઉઘાડે,
તે સ્વપ્ન બે તું જગવી ઉડાડે.

ને સ્વપ્ન મારૂં અધુરૂં રહ્યું એ,
જાણી શકી ના પછી શું થયું છે;
એ સ્વપ્ન આજે મનમાં રમે છે,
એ સ્વપ્ન જેવું જીવવું ગમે છે."

'આવ્યું હતું સ્વપ્ન મને ય એવું.
અંતે થયું શું, નથી આજ કે'વું;
સૂર્યે કર્યું ભાળ સુવર્ણધામ,
ને ન્હાઇને બે કરીએ પ્રણામ.'


*

સ્વપ્નાં મને આહીં અનેક આવે,
ને દિવ્ય સંદેશ બધાં ય લાવે;
ને તું જીવે સ્વપ્ન અનંત ત્યાં ય,
ત્યાંથી તું આવે કદિ સ્વપ્ન માંહ્ય.

એવા જ પાછા નવયુગ આવે,
ને સાથ તારી સ્મૃતિછોળ લાવે;
ઇલા! હવે કો નવ હોડ માંડે,
સ્વપ્નાં વિખેરી નહિ કો જગાડે.

ચન્દ્રવદન ચીમનલાલ મ્હેતા

સાઇકલ ચોર



પોતાને શું કહેવું છે તેનો આગળથી વિચાર કરી રાખેલો હોવાથી વિજયે પોલિસ અમલદાર આગળ સ્પષ્ટપણે પોતાની હકીકત રજુકરી

'વિજય! ઓ વિજય!'

વિજયે સાઇકલ ધીમી પાડી, પેડલ ઉપરથી એક પગ ઉઠાવી ફુટપાથ ઉપર મુકયો ને તેને સાદ મારતા છોકરાની બાજુમાં ટેકવી. વિજય સોળ વર્ષનો હતો. માથે ખરબચડા વાળ, ભુરી આંખો ને મોઢે શીળી નાં ચાઠાં હતાં. તેનું હાસ્ય બીજાને સહેજે હસાવતું.

'કાં, કેશુ?' તેણે પુછ્યું, 'શું છે?'

કેશવ ગમી જાય તેવા ચહેરાનો છોકરો હતો. તેની રીતભાત અને પોષાક ઉપરથી તે વિજય કરતાં વધારે સુખી હોય તેમ જણાતું હતું.

'જરા તને મળવું'તું.' તેણે હસીને જવાબ આપ્યો. 'થોડીક લઇશ?' તેણે ચાનાઇ શીંગનું પડીકું ધરતાં કહ્યું. કંઇક અબડતાં અબડતાં વિજયે તેમાં હાથ નાખ્યો.

'મારે ઉતાવળ છે.' તેણે જરા ગંભીર થઇને કહ્યું.

'તું કયાં જાય છે?' કેશવે આગળ લગાડેલી પડીકાંઓથી ભરેલી ટોપલી તરફ દૃષ્ટિ કરતાં કહ્યું.

'દેસાઈ પોળમાં;' વિજયે જવાબ આપ્યો. 'ચંદ્રશંકરને ત્યાં. તેમને આ ચીજોની ઉતાવળ છે.'

'ઠીક, પણ તેં પ્રફુલ્લ વિષે સાંભળ્યું?'

વિજયે ડોકું ધુણાવ્યું, 'ના, શું છે?'

'તેની સાઇકલ કાલે ગુમ થઇ!'

'કોણ ચોરી ગયું?' વિજયે પુછ્યું.

'ચોરને હું થોડો જ જાણું છું? સાઇકલ કલા પ્રદર્શનની બહાર મુકી તે અંદર જોવા ગયો હતો, ને

પાછો ફર્યો ત્યારે સાઇકલ ન મળે !'

'તે વખતે કેટલા વાગ્યા હતા ?' વિજયે પુછ્યું.

'શાળા પુરી થયા પછી થોડે વખતે, કેમ ?'

વિજય થોડો વખત ગુંચવાએલી સ્થિતિમાં વિચાર કરતો ઉભો રહ્યો. પછી બોલ્યો, 'હું ધારૂં છું તેને B. S. A. બાઇસીકલ છે, ખરૂં ?' તેણે પુછ્યું. 'લીલો રંગ ને સોનેરી લાઇન ?'

'હા.'

'પ્રફુલ્લના જેવી જ એક સાઈકલ ઉપર મેં કાલે એક જણને પોણા છ વાગ્યે મોતી બજારમાંથી જતાં જોયો હતો. મને લાગ્યું કે એ તેની હશે, કારણ કે તેના સિવાય મેં શહેરમાં એ જાતની બીજા કોઇની તદ્દન નવી સાઇકલ જોઇ નથી, ... પણ મને લાગે છે કે, . . . કદાચ ન પણ હોય.'

'અરે એ તદ્દન અશકય છે !' કેશવ આવેશથી બોલી ઉઠ્યો; 'એ માણસનો દેખાવ કેવો હતો ? તું એને ઓળખે છે ?'

વિજયે ડોકું ધુણાવ્યું. 'હું ધારૂં છું કે મેં તેને પહેલાં કદિ જોયો નથી. એ ઉંચાઇમા તારા જેટલો જ હતો. ઉમરમાં કદાચ એકાદ વર્ષે મોટો હશે. કાળો કોટ ને વાંકી ટોપી પહેરી હતી. કંઇક લફંગા જેવો તો લાગતો જ હતો.'

'એ પ્રફુલ્લની જ સાઇકલ હોવી જોઇએ એમ તને લાગ્યું હતું ?'

'હા; એમ તો લાગ્યું હતું, પણ એ ચોરાઇ હશે એવો તો મને ખ્યાલ જ કેમ આવે ?' વિજયે કહ્યું.

'છેલ્લા પંદર દિવસમાં મધુપુરમાંથી ત્રેવીસ સાઇકલો ગુમ થઇ છે એ પરથી તને એ વિષે ખ્યાલ તો આવવો જ જોઇએ.' કેશવે કહ્યું. 'ઠીક, પણ એ કયાં જતો હોય એમ લાગ્યું ? કલા પ્રદર્શન અને મોતી બજાર વચ્ચે તો બે માઇલનું અંતર છે.'

'હું તેની પાસેથી પસાર થયો ત્યારે તે દક્ષિણ તરફ જતો હતો. તે જરા ઝડપથી જતો હતો ખરો; પણ ઉતાવળમાં હોય એમ તો નહોતું જણાતું.'

'ઠીક, ત્યારે તું પ્રફુલ્લ પાસે આવી આ બધું કહી શકે તો ઘણું સારૂં.' કેશવે કહ્યું; 'અને આપણે જલદી ખબર આપીએ તો પોલીસ પણ કંઇક કરે.'

જોડેની દુકાનમાંની ઘડિયાળ સામું જોઇ વિજયે ડોકું ધુણાવ્યું. 'હું હમણાં તો ન આવી શકું' તેણે નિશ્ચયથી કહ્યું: 'મારે અત્યારે બહુ ઉતાવળ છે. સ્ટોરનું કામ પતાવી હું સાડા પાંચ વાગ્યે ત્યાં આવીશ.'

'પરંતુ આ વાત તેને જેમ બને તેમ જલદી જણાવવાની જરૂર છે; માટે હું જ પ્રફુલ્લ પાસે જઇ બધી વાત કહી આવું છું. સાડા પાંચે સ્ટોર ઉપર હું જ તારી રાહ જોઇશ.'

'વારૂ. તું ત્યાં આવીશ તો મને ઠીક પડશે, કેમકે પ્રફુલ્લ કયા ઘરમાં રહે છે તેની મને ચોકસ માહીતી નથી.' વિજયે અનુમતિ આપતાં કહ્યું અને કેશવથી છુટા પડી મધુપુરની મુખ્ય ધંધાદારી ને ગીચ બજારમાં પેડલ ચલાવવાં શરૂ કર્યાં.

૨

દેસાઇ પોળમાં પહોંચતાં પાંચ થઇ ગયા હતા. પણ તેને ચંદ્રશંકર તરફથી ધાર્યા જેટલો ઠપકો સાંભળવો ન પડ્યો. તેણે શાંતિથી બધાં પડીકાં બહાર પાટ ઉપર મુકયાં અને તરત પાછો ફર્યો. દસ મિનિટમાં તો તે પાછો 'ગણેશ સ્ટોર્સ'માં આવી પહોંચ્યો.

'ગણેશ સ્ટોર્સ'માં વિજયનું કામ ગ્રાહકોને જોઇતી પરચુરણ સર્વે ચીજો તેમના ઑર્ડર મુજબ તેમને ઘેર પહોંચાડવાનું હતું. તે આ કામ શાળામાંથી છુટી આવીને ઠેઠ સ્ટોર બંધ થયા સુધી કરતો. શનીવારે રાતના નવ સુધી કામ રહેતું. આજે ગુરુવાર હોવાથી તે સાડા પાંચે છુટો થઇ શકે તેમ હતું.

તેણે કેશવને બહાર રાહ જોતો દીઠો. કેશવ પણ પોતાની સાઇકલ પર આવ્યો હતો. વિજય પોતાની સાઇકલ ઉપર સવાર થયો કે કેશવે કહ્યું, 'આપણે સીધા જ પોલીસ થાણે જવાનું છે; પ્રફુલ્લ આપણને ત્યાં જ મળશે. તેં જોએલી સાઇકલ પોતાની જ હોવાની તેને ખાતરી છે.'

'હા, મને પણ હવે લાગે છે.' વિજય કબુલ થયો. 'હું કયારનો એ વિષે જ વિચાર કરૂં છું. મને લાગે છે કે આપણે ચાલતા જ જઇએ. અત્યારે આપણે એ રીતે જ વહેલા પહોંચી શકીશું.'

મધુપુરની મુખ્ય બજારની ગિરદી જોતાં કેશવે પણ તેને અનુમોદન આપ્યું. ભીડની અનેક અટકાયતો અને અડચણો છતાં કેશવે વાતચીત શરૂ રાખી, 'હું ધારૂં છું કે આ પછી વધારે ચોરીઓ થતી

અટકશે.' તેણે શ્રદ્ધાપૂર્વક જાહેર કર્યું.

'કેમ ?' વિજયે પુછ્યું.

'તેં 'ગરુડ મંડળ' વિષે નથી સાંભળ્યું ?'

'ના; એ વળી શું ?' વિજયે ડોકું ધુણાવી પુછ્યું.

'એ એક જાતનું ગુપ્ત મંડળ છે;' કેશવે જવાબ આપ્યો, 'પ્રફુલ્લે એ સ્થાપ્યું છે. સાઇકલ રાખતા પ્રમાણિક કુમારો તેના સભાસદો છે. મંડળ પોલીસને સાઇકલની ચોરી થતી અટકાવવામાં મદદ કરશે. સાઠથી વધારે સભ્યો તો થઇ ચુકયા છે.'

'તમે પોલીસને મદદ કઇ રીતે કરશો ?'

'કેમ, ? બરાબર ચોકી કરીને જ તો ! બીજા મોટા શહેરોની જેમ અહીં પણ સાઇકલ ઉઠાવી જનાર રીતસરની સોનેરી ટોળી છે એમ પોલીસ માને છે. રામપુરમાં તો એક વર્ષમાં પાંચ હજારની સાઈકલો ગુમ થઇ છે અને મને તો લાગે છે કે જો યોગ્ય ઉપાયો નહિ લેવામાં આવે તો અહીં પણ તેટલી જ ચોરીઓ થવાની. આજ સુધીમાં લગભગ સત્તાવન સાઇકલો તો ચોરાઇ ચુકી છે.'

'આ મંડળ ક્યારથી શરૂ થયું છે ?'

'કાલે રાત્રે; પ્રફુલ્લને ઘેર બધું અર્ધા કલાકમાં નક્કી થઇ ગયું હતું. પોલીસ ઉપરી માધવસિંહને તો અમે આ કહ્યું ત્યારે તેઓ દિગ્મૂઢ જ બની ગયા !'

'હું ધારૂં છું કે પ્રફુલ્લ પ્રમુખ હશે.' વિજયે કહ્યું.

'હા. તે પ્રમુખ, હું ઉપપ્રમુખ ને સુખદેવ મંત્રી છે.'

'એ તો ઠીક છે; પ્રફુલ્લ પણ કંઇક વિચિત્ર નામોવાળાં મંડળો શરૂ કરે છે. સભ્ય થવા માટે ફી શું આપવી પડે છે ?'

'ગરુડ મંડળમાં ? એક પાઇ પણ નહિ.'

'જો એમ જ હોય તો તો હું સભ્ય થાઉં.'

'પણ વિજય, અમે એવો નિયમ રાખ્યો છે કે જેને પોતાની સાઇકલ હોય તે જ સભ્ય થઇ શકે. જો એમ ન કરીએ તો બહુ ગરબડ થવાનો સંભવ છે. ઘણા રમુજ અથવા કૌતકથી પણ દાખલ થાય.' કેશવે ખુલાસો કર્યો.

'બરાબર.' વિજયે માથું હલાવતાં કહ્યું, 'તમે કહેવા માગો છો કે મારા જેવા.'

'ના, એમ નહિ.' કેશવે જરા ખુલાસો કરતાં કહ્યું. 'તું લાયક છે તો પુરેપુરો. પણ તારે પોતાની સાઇકલ નથી એટલે . . . .'

'સાઇકિલ ગણેશ સ્ટોર્સની હોય કે મારી હોય એમાં ફેર શું પડે છે તે જ હું તો સમજી શકતો નથી. હું જ તે બધો વખત વાપરૂં છું. તેને સારી સ્થિતિમાં રાખવા માટે નવો પંખો, નવી સાંકળ, નવી બેઠક ને નવી ટોકરી પણ મેં જ નખાવ્યાં છે.'

'એ બધું સાચું' કેશવે ધીરેથી કહ્યું, 'પરંતુ તું તો જાણે છે ને કે નિયમ તે નિયમ; કેમ ?'

'ચોક્કસ ! પણ ગરુડ મંડળના ઉદ્દેશ પ્રમાણે સૌથી પહેલો ચોકી રાખનાર તો હું જ છું !'


'ખરૂં, પણ કદાચ એ સાઇકલ પ્રફુલ્લની ન પણ હોય.'

'કેમ ? થોડી વાર પહેલાં તો તુ જ એ વિષે ખાતરી ધરાવતો હતો !' વિજયે ટકોર કરી. 'કંઇ નહિ; મને ખાતરી છે કે ગરુડ મંડળના સભાસદ થયા સિવાય પણ હું સારી રીતે ચોરોની ખબર રાખી શકીશ.'

'જરૂર.' વિજયને માઠું ન લાગે તેટલા માટે કેશવે અનુમોદન આપ્યું. જો નિયમ ન હોત તો તે ખુશીથી વિજયને સભ્ય બનાવત.

એ જ વખતે તેઓ મુખ્ય પોલીસ થાણે આવી પહોંચ્યા. સાઇકલો ઉઠાવી તેમણે પગથિયાં ચડવા માંડયાં કારણકે હવે તો પોલીસ થાણા પાસે પણ સાઇકલો સલામત નહોતી ! વચ્ચેના ઓરડામાં સાઇકલો મુકી તેઓ ડાબી બાજુની ઑફિસમાં ગયા. પ્રફુલ્લ તેમની રાહ જોતો હતો. તે ઉંચો, દેખાવડો અઢાર વર્ષનો કુમાર હતો. શાળામાં તે આગળપડતો ગણાતો. તેના પિતા મોટા મીલમાલેક હોઇ તે કાંઇક દમામમાં રહેતો. કુદરતીરીતે જ પ્રફુલ્લને, વિજય જેવા શાળાના સમય પછી પેટને માટે મહેનત કરતા એક છોકરા સાથે વધારે પ્રસંગ પડતો નહિ. પણ આજે તો પ્રફુલ્લની વર્તણુક વધારે મિત્રાચારીભરી હતી. તેઓ એક સીપાઇની સાથે પોલીસ ઉપરી માધવસિંહની ઑફિસમાં ગયા. માધવસિંહ જાડો ને ખુશમિજાજી હતો. તેણે ગરુડ મંડળના સભ્યોને આવકાર આપ્યો. માધવસિંહ નવા મંડળ તરફ ગંભીરતા કરતાં રમુજથી વધારે જોતો હોય તેમ વિજયને લાગ્યું. પરંતુ કદાચ

[અનુસંધાન પાન ૨૦ મે]


તિબેટ
લ્હાસા
કાબુલ
દિલ્હી
મુંબઈ
મદ્રાસ
રંગૂન
લંકા
બંગાળ નો ઉપસાગર
અંદામાન બેટો
નિકોબાર બેટો
હિંદી
મહાસાગર
After 'My Magazine'

હિંદની પ્રાણી સંપત્તિ

એ તેની કલ્પના જ હોય. શું કહેવું છે તેની આગળથી તૈયારી કરી રાખેલી હોવાથી વિજયે પોતાનું કહેવાનું સ્પષ્ટ રીતે કહ્યું અને ધારેલા ચોરનું લંબાણથી વર્ણન કરી બતાવ્યું. પોલીસ ઉપરીને આ છતાં ય ચોરાએલી વસ્તુઓ પાછી મેળવવા વિષે બહુ આશા નહોતી.

'જુઓ, છોકરાઓ' તેણે કહ્યું, 'આ બાજી ખેલનાર ખરેખર બાહોશ હશે. કદાચ બેત્રણ જણ સાથે મળીને પણ આ કામ કરતા હોય. ચોરાએલો માલ અહીંની બજારોમાં ફરી દેખાતો નથી એ તો ચોક્કસ છે. એટલે તેઓ રામપુર કે એવી જ બીજી કોઇ જગ્યાએ જઇને ચોરીનો માલ વેચી નાખતા હોવા જોઇએ. સાઈકલને તેનો માલેક ન ઓળખી શકે તેવા સ્વરૂપમાં ફેરવી નાખવી એ તો તદ્દન સહેલું છે. તેમાં તેમને ફક્ત રંગ અને વારનિશની જ જરૂર પડે છે. ગટરમાંથી મળી આવેલી એક તૂટેલી સાઇકલ સિવાય અમને તો હજી સુધી બીજું કંઇ જ જડયું નથી. હવે તો તમે અમને મદદ કરવાના છો, એટલે અમે કંઇક કરી શકશું એમ આશા રહે છે!'

બહાર જતાં પ્રફુલ્લે વિજયનો તેની મદદ માટે આભાર માની કહ્યું, 'તમે એનું મોં વધારે વિગતથી યાદ ન રાખી શક્યા એ બહુ ખોટું થયું છે.'

'તેણે પોતાનું મોં રસ્તાની બીજી બાજુએ રાખ્યું હતું, એટલે સારી રીતે જોઈ શકાયું નહોતું એ ખરૂં, પણ જો એ મને ફરીવાર મળે તો હું તેને જરૂર ઓળખી કાઢું.' વિજયે કહ્યું.

પોલીસથાણાની બહાર નીકળી તેઓ છુટા પડયા.

૩

બીજે દિવસે સવારે વિજયના માનીતા 'મધુપુર સમાચાર'માં 'ગરુડ મંડળ' વિષે ઉલ્લેખ હતો તથા તેનાં સારાં વખાણ પણ હતાં. 'મધુપુર સમાચાર' આ વિષયમાં ઉત્સાહપૂર્ણ હતું અને સાઇકલ ચોરીનો અંત નજીકમાં જ છે એમ આગાહી કરતું હતું. લેખના અંતમાં 'બીજી બે ચોરીઓની ખબર પોલીસને મળી છે' એમ ટૂંકમાં જણાવ્યું હતું.

બીજા અઠવાડિયામાં એક જ સાઇકલ ખોવાએલી જાહેર થઇ હતી. આનું કારણ તે ગરુડોની તીક્ષ્ણ નજર હોય કે પછી સાઇકલના માલેકો પોતાની સાઇકલોનો વધારે જાપ્તો રાખતા હોય.

કેશવ ગરુડ મંડળના ઉપપ્રમુખ તરીકેની પોતાની ફરજ બહુ જ ગંભીરતાથી બજાવતો હતો. તેણે વિજયને ખાનગીમાં કહ્યું, 'જોકે મંડળે એક પણ ચોરીનો પત્તો મેળવ્યો નથી, છતાં તેણે ચોરીઓ ઓછી તો કરી જ છે. રસ્તામાં લગભગ સો જણાની સતત ચોકી હોવાથી ચોરોને બહુ ઓછી તક મળે છે.'

'હા, પણ તમે બધા શાળામાં હો અથવા ઘરમાં હો ત્યારે ચોરોને તેમના કામમાંથી કોણ અટકાવે છે?' વિજયે ટકોર કરી. જાણે આ પ્રશ્ન સાંભળ્યો જ ન હોય તેમ કેશવે કંઇ જ જવાબ આપ્યો નહિ.

બીજા સોમવારે એકાએક દૈનિક પત્રોમાં જાહેર થયું કે શનિવારે બપોરથી તે રવિવારની મધરાત સુધીમાં સાઇકલની અગિયાર ચોરીઓની પોલીસ થાણે ખબર મળી છે; કેટલીક સાઇકલો તાળાં સહિત અને કેટલીક તો ઘરની ઓસરીમાંથી ઉપડી ગઇ છે! આમ છતાં ગરુડ મંડળ તો હજી પોતાનાં બણગાં ફૂંક્યે જ જતું હતું. 'મધુપુર સમાચારે' અગ્રલેખમાં વધતા જતા ગુન્હા માટે ખુબ તીખી ભાષામાં પોલીસની ઝાટકણી કરી હતી અને 'દેશદર્શક'માં પણ પોલીસખાતાની બેદરકારી માટે મોટા કાળા અક્ષરોમાં વિરોધ દર્શાવાયો હતો.

મંગળવારે લગભગ સ્ટોર બંધ થવાને સમયે સ્ટોરના વ્યવસ્થાપક યાજ્ઞિકે વિજયને બોલાવી કહ્યું, 'આજે ઉત્તર પરા તરફથી એક ઑર્ડર આવ્યો છે. ખીમજી નામ છે. દયાળ વસ્તુઓ તૈયાર કરે છે.'

વિજયને આટલે અસુરે આવી પડેલા આ દૂરના કામથી જરા અણગમો થયો. આખો દિવસ વરસાદ વરસ્યા કર્યો હતો અને હજી પણ વરસતો હતો. વળી એ બાજુના રસ્તાઓ પણ બહુ ખરાબ હતા. તે પેકિંગ ખાતામાં ગયો. બંડલો તૈયાર હતાં. લેબલ ઉપર નીચે પ્રમાણે સરનામું લખ્યું હતું.

'ખીમજી ભવાન,
રામપુર રોડ, માલજી ભવન પછીનું ત્રીજું ઘર.'

વિજયને આ જગ્યાની જરા પણ માહીતી ન હતી, એટલે તેને શહેરનો નકશો જોવો પડયો. નકશામાંથી મળેલી ઝાંખી છાપ સાથે વિજય, પહોંચાડવાના માલથી લદાએલી સાઇકલ ઉપર નીકળ્યો, એ વખતે સાડાપાંચ વાગી ગયા હતા.

તેને જવાનો રસ્તો શહેરના છેવાડાના ગંદા ને નિર્જન ભાગમાં થઇને હતો. ધીમેધીમો વરસાદ વરસતો હતો અને કીચડ તથા ખાડાખડિયાથી છવા-એલા રસ્તા ઉપર વિજયની સાઇકલ અફળાતી કુટાતી આગળ વધતી હતી. છેવટે તેણે પોતાની સાઇકલ એક તારની વાડ સાથે ટેકવી અને દરવાજો ખોલી ઝાંખા તેજમાં દેખાતા એક જુના ઘર તરફ જવા માંડયું. કોઇ મુસલમાને એ મકાનનું જુનું અને તુટી ગએલું બારણું સાવચેતીથી ખોલ્યું. તેને પુછતાં જણાયું કે રામપુર રોડ હજી અરધો માઇલ દૂર છે.

હવે તો રસ્તો તદ્દન ખરાબ હતો. અનેક ખાડા ટેકરા અને પાણીનાં ગંદા ખાબોચિયાં ઠેરઠેર આવતાં હતાં. વિજયને અનેક વખત ઉતરવું પડતું હતું અને ઉંડા કાદવમાંથી બાઇસીકલ ઘસડી જવી પડતી હતી. બંને બાજુનાં ઘરો પણ હવે ઓછાં થવા લાગ્યાં અને શહેરનો છેડો આવ્યો. આખરે રસ્તાથી થોડે દૂર એક મકાન નજરે પડયું. વિજયે ધાર્યું કે તે જ માલજી ભવન હોવું જોઇએ. જમણી બાજુ એક ગાડા રસ્તો હતો અને ત્યાં એક તુટેલા પાટિયા ઉપર ઝાંખા અક્ષરોમાં 'રામપુર રોડ' એમ લખેલું હતું. વિજયે સાઇકલ આગળ લઈ જવાનો વિચાર માંડી વાળ્યો અને બંડલો ખભા ઉપર નાખીને ખડ ઉગી ગએલા ગાડા રસ્તે ચાલવા માંડયું. પણ રસ્તો ધાર્યા કરતાં લાંબો નીકળ્યો.

૪

છુટાછવાયા બાવળિયા અને મેંદીથી ઢંકાએલું એ ઘર સાદું, નીચું, જુનું અને જર્જરિત લાગતું હતું. એ સિવાય તેની નજીકમાં બીજી ઓરડીઓ હતી. ઘરમાં એક પણ દીવો દેખાતો ન હતો, પણ એક ઓરડીમાં એક ધીમો દીવો ઝાંખો પીળો પ્રકાશ પાડતો હતો. એવામાં એક કુતરો જોરથી ભસવા લાગ્યો અને કોઇ આવતું હોય એમ જણાયું. ઘરના બારણા પાછળથી પણ કંઇક ઝાંખો પ્રકાશ દૃષ્ટિએ પડયો.

'કોણ છે? સ્ટોરમાંથી આવે છે?' આવનારે દૂરથી પુછયું. થોડીવારમાં દસબાર પગલાં દૂર એક આકૃતિ એકાએક નજરે પડી અને નજીક આવી. તેની આગળ એક કાળો બીહામણો અને ભયંકર કુતરો ભસતો ભસતો ધસી આવ્યો.

'ચુપ, કાલુ! અવાજ નહિ!' તે વ્યક્તિએ કુતરાને હુકમ કર્યો. કાલુ શાંત થઇ ગયો અને નવા આવનારની આસપાસ થોડા અંતરે ચક્કર મારવા લાગ્યો.

'હા; ગણેશ સ્ટોર તરફથી આ સામાન પહોં-ચાડવા આવ્યો છું; ખીમજી ભવાનનું ઘર આ?'

'હા,' પેલાએ કહ્યું, 'લાવ.'

તે વિજયથી બેએક વર્ષે મોટો એવો છોકરો દેખાયો. અઢારેક વર્ષનો હશે. તે ઉંચો, પહોળી છાતી-વાળો અને ગંદો હતો. તેણે પહેરેલાં કપડાં જોઇએ તે કરતાં મોટાં હતાં. વિજયે સામાન આપી દીધો અને કહ્યું, 'નવ રૂપિયા ને બે આના આપવાના છે.'

'રહે,' તેણે કર્કશ અવાજે કહ્યું અને ઘરના પાછળના ભાગ તરફ જવા લાગ્યો. વિજય ધીમે પગલે તેની પાછળ જતો હતો, એવામાં પેલાએ પાછા ફરીને કહ્યું, 'તું ત્યાં જ ઉભો રહે. કાલુ, આની ચોકી કર.'

કુતરો ઘુરકયો અને વિજય અટકી ગયો. વરસતા વરસાદમાં ઘણા વખત સુધી વિજય અને કુતરો અંધારામાં સામસામે ઉભા રહ્યા. પણ વિજયને કુતરો દેખાતો નહોતો; તેણે તો ચળકતી લીલી સાઇકલ ઉપર બેઠેલો વાંકી ટોપી ઓઢેલો છોકરો જ જોયો. અત્યારે ટોપી નહોતી છતાં તેને બરાબર ખાતરી થઇ કે સાઇકલ ઉપર બેઠેલો છોકરો અને તેની પાસેથી સામાન લેવા આવેલો આ કર્કશ અવાજ-વાળો છોકરો બંને એક જ હતા!

એવામાં પૈસા લઇને પાછા ફરેલા છોકરાએ તેની વિચારશ્રેણીમાં ભંગ પાડયો. 'આ લે, છોકરા,' તેણે કહ્યું, 'બરાબર છે કે?'

'હા, એ તો બરાબર છે,' વિજયે કટાક્ષથી કહ્યું, 'પણ આ તમારૂં મકાન બહુ દૂર છે, ખરૂં? આ રસ્તે આવતાં તો હું બહુ હેરાન થઇ ગયો.'

'ત્યારે એ લોકોએ ગાડી કેમ ન મોકલી?' બીજાએ પુછયું.

'આજે એક પણ આ બાજુ આવવાની નહોતી. આ તમારો કુતરો મઝાનો છે.' વિજયે કુતરાને બોલાવતો હોય તેમ હાથ આગળ ધર્યો. જવાબમાં કાલુ ઘુરકયો. 'શું ગુસ્સે થયો છે?'

'ના; તે અજાણ્યાઓ સાથે જલદી નથી હળતો.'

'ઠીક.' કહી વિજય પાછો ફર્યો અને ઉગી નીકળેલા ખડમાં થઇને રસ્તે ચડ્યો. ત્યાંથી તેણે સાવચેતીથી એક નજર પાછળ કરી લીધી. છોકરો અને કુતરો અંધકારમાં કાળી આકૃતિઓ જેવા સ્થિર હજી તે જગ્યાએ જ ઉભા હતા. ઘરમાંનો દીવો ચાલ્યો ગયો હતો, પણ બહારની એક તબેલા જેવી ઓરડીમાં પ્રકાશ વધ્યો હતો. તેના તેજમાં એક બે વ્યક્તિઓ ફરતી દેખાતી હતી. તરત વિજયે પોતાની આંખ રસ્તા તરફ ફેરવી અને સાઇકલ તરફ જવા માંડ્યું.

ઘર તરફ જતાં રસ્તામાં તે અનેક વિચારોમાં મશગુલ હતો. તે પોતાની શેરીમાં પહોંચ્યો ત્યારે રાત પડી ગઇ હતી.

૫

બીજે દિવસે સવારે દૈનિકોમાં ત્રણ વધારે ચોરીઓના ખબર હતા અને પોલીસખાતા તરફથી ચોરોને વિષે માહીતી આપનારને અઢીસો રૂપિયાનું ઇનામ આપવાની જાહેરાત હતી. વિજયે તે ખબર રસથી વાંચ્યા અને શાળાના સમયમાં તે વિષે એટલો બધો વિચાર કર્યા કર્યો કે તે દિવસ તેનું ધ્યાન અભ્યાસમાં બીલકુલ રહ્યું નહિ.

તે સ્ટોરમાં જઇને સીધો યાજ્ઞિકને મળ્યો ને તે દિવસે અરધા કલાક વહેલા જવાની રજા માગી. પાંચ વાગે વિજય કામ પતાવી સ્ટોરમાંથી નીકળી પડ્યો.

વાતાવરણ ઠંડું હતું. આકાશ વાદળાંઓથી છવાએલું હતું, પણ વરસાદ બીલકુલ નહોતો. તેણે ગઇ કાલનો રસ્તો પકડ્યો અને માલજી ભવન પાસેના એક જાળામાં સાઇકલ સંતાડી. અહીંથી તે તારની વાડ ઠેકી અંદર ગયો. ચોમેર ઉંચું ઘાસ ઉગી નીકળ્યું હતું. છતાં હજી દિવસનો થોડો પ્રકાશ હતો, એટલે અદૃશ્ય રહીને અહીંથી સીધું ખીમજી ભવાનના મકાન તરફ જવું મુશ્કેલ હતું. તે એક નાળામાં બેસી ગયો અને પછી નીચો વળીને આગળ ચાલવા લાગ્યો. નાળું ઘાસની વચ્ચેથી વાંકોચુંકો રસ્તો કાપતું માલજી ભવનથી ઘણે દૂર આવેલા એક ખંડિયેર પાસે નીકળતું હતું. નિર્વિઘ્ને અહીં પહોંચ્યા પછી તેણે છુપાવું છોડી દીધું અને ખંડિયેરની પાછળ થઇને સોએક પગલાં દૂર આવેલી વાડ તરફ ગયો. વાડની આસપાસ ઝાડ અને બીજાં જાળાંઝાંખરાં ઉગી નીકળ્યાં હતાં, એટલે તે પસાર કરતાં થોડી મુશ્કેલી તો પડી, પરંતુ તેના ફળ રૂપે તરત જ તેની ડાબી બાજુએ પા માઇલ ઉપર પેલી તબેલા જેવી ઓરડીઓ તથા તેની પાછળ ખીમજી ભવાનનું ઘર દેખાવા લાગ્યાં. ઓરડીઓ અને મકાનની વચ્ચે દાડમી તથા જમરૂખીની એક પડતર વાડી હતી. અહીંથી આગળ વધવા પહેલાં તે બરાબર સ્વસ્થ થયો. તેને સૌથી વધારે ભય તો કાલુનો હતો.

બીલાડીની પેઠે લેશમાત્ર અવાજ કર્યા વિના તેણે ધીમે પગલે એ વાડી વટાવી. ગઇ કાલે જે ઓરડીમાં બે માણસ ફરતા હતા તે જ ઓરડીમાં હથોડીથી કંઇક ટીપાતું હોય એવો અવાજ તેને કાને પડ્યો.

ઘરને દૃષ્ટિથી છુપાવતી તે તબેલા જેવી ઓરડીની પાછળ, ઉગી નીકળેલા ઘાસમાં તુટેલો સામાન વગેરે પડ્યું હતું. સામે એ ઓરડીની પછીતમાં ત્રણ જાળિયાં હતાં ડાબી બાજુની ઓરડી એકદમ ઉંચી હતી. જમણી બાજુની ઓરડીને બારી જ નહોતી. વિજયને ખાતરી હતી કે વચ્ચેની ઓરડીમાંથી જ તેને જોઇતી માહીતી મળશે અને તે એમાંથી એક જાળિયા દ્વારા જ મળે તેમ હતું. ત્યાં પહોંચવા માટે તેને પચીસ ડગલાં જેટલી ખુલ્લી જગ્યા ઉપરથી પસાર થવાનું હતું. સાંજ થવાને હજી થોડી વાર હતી પણ રાત્રિ પડવાની રાહ જોયા વગર અત્યારે જ આગળ જઇ ભાગ્ય અજમાવવું તેને સારૂં લાગ્યું. કદાચ પોતે દેખાઇ જાય ને પોતાનો પીછો પકડાય, તો પોતાના પગની દોડવાની અને સાઇકલ ચલાવવાની શક્તિમાં તેને એટલો વિશ્વાસ હતો કે પોતે સંકટમાંથી સલામત છટકી જશે તેની એને ખાતરી હતી.

એક દીર્ઘ શ્વાસ લઇને તે નીચો વળ્યો અને લપાતો લપાતો આગળ ચાલ્યો. પણ ધારેલે સ્થળે પહોંચવામાં થોડું અંતર બાકી હતું, એવામાં તેનો પગ ઘાસમાં પડેલા કોઈ તુટેલા સામાન જોડે અથડાયો અને તે જોરથી જમીન પર પટકાયો.

(ચાલુ)

અનન્ત પંડ્યા

આ સાથે વહેંચાએલા કેલેન્ડરને

ભીંતે લટકાવવા માટે એક પાતળી મજબુત દોરીના ટુકડાના બે છેડાને ગુંદરવાળી નાનકડી કાગળની પટી ચોડીને પીઠ પાછળ ચીટકાવી દેજો: અથવા કોઈ પાતળી સુતરની ફીતના બે છેડા ચીટકાવી દેજો તો પણ ચાલશે.

અને આ ઓછું વિસ્મયજનક છે ? કસરત કરવાથી બુદ્ધિ ઓછી થાય અને માણસ જડ બને, એવું કહેનારાઓને આ સાંભળી કેટલો આઘાત પહોંચશે ! પણ વાત આવી છે, ત્યાં શું કરવું ? જે વર્ષે ગ્રેડ્યુએટ તે જ વર્ષે માત્ર એક મહીના પછી આખી ગોરી પ્રજાનો મલ્લવિદ્યાનો સમ્રાટ્ ! વજન ઉચકવાનો અને કુસ્તી જેવો ભારે વ્યાયામ કરવા છતાં ય તેવીસમે વર્ષે બૅરીસ્ટર. **Mens sana in corpore sano** (તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન) એનો આ અદ્ભુત દૃષ્ટાન્ત નથી ?



ઝિબિસ્કો : કુશ્તી કરતો

પણ આમાં નવાઇ જેવું કશું જ નથી. યૂરપ અને અમેરિકામાં બૌદ્ધિક અને શારીરિક વિકાસ હંમેશાં સાથે જ સાધવામાં આવે છે. અમેરિકાની વિદ્યાપીઠોમાં વિદ્યાર્થીઓનાં મન અને શરીર ઉભયની કેળવણી પ્રત્યે સરખું ધ્યાન અપાય છે. એટલે યૂનિવર્સિટીની ડિગ્રી સાથે વ્યાયામનાં વિશિષ્ટ અંગોમાં અપૂર્વ કૌશલ્ય પણ આપણા દેશની પેઠે ત્યાં વિરલ નથી. ઑક્સફર્ડના એમ. એ. યુસ્ટેલ માઇલ્સ અને એની સુશિક્ષિત પત્નીનાં નામ આપણા કેળવાએલા વર્ગમાં કસરતબાજો તરીકે ખુબ જાણીતાં છે. ગામાના હાથે પરાજિત થએલો અમેરિકાનો એક વખતનો કુશ્તીનો ચૅમ્પીઅન ડૉ. બેન્જામિન ઍફ. રોલર બી. એસ. સી. અને ઍમ. ડી. ની ઉપાધિઓ ધરાવે છે. પણ આપણી વાત ક્યાં કરવી ? કાર્લેકર ગ્રાન્ડ સર્કસમાં હમણાં મિ. સ્મિથ અને એમનાં પત્ની વેઇટ-લિફ્ટિંગ કરી બતાવે છે. એ બંને ઇસ્ટોનિયા દેશનાં વતની છે. તેમાં મિસિસ આના સ્મિથ ગ્રૅડ્યુએટની ઉપાધિ ધરાવે છે. જ્યારે આપણે ત્યાં ? કલકત્તા અને કૅમ્બ્રિજ વિશ્વવિદ્યાલયોની બી. એ.ની બેવડી ડિગ્રી ધરાવનાર સુપ્રસિદ્ધ યતીન્દ્રમોહન ગુહ (ગોબર) સિવાય કયા હિન્દુસ્તાનીએ શારીરિક અને બૌદ્ધિક બંને શિક્ષણમાં સામટું નામ કાઢ્યું છે ?



ઝિબિસ્કો : વીસ વર્ષની વયે

શિક્ષણ તો પુરું થયું. હવે ઉદરપોષણનો માર્ગ શોધવો રહ્યો. પિતાની ઇચ્છાથી ઝિબિસ્કો લશ્કરમાં દાખલ થવા ગયો. પણ એનું ભીમકાય કલેવર જોઇ હેબકાઈ ગએલા દાક્તરે દાખલ ન કર્યો, એટલે એણે શરીરબળ ઉપર જીવવાનો નિશ્ચય કરી યૂરપ અને અમેરિકાના બલવીરોમાં દિગ્વિજયાર્થે ભ્રમણ શરૂ કર્યું.

એનું નામ તો **Stansilaw Cyganiewicz**, પણ એના શરીરની વિશાળતાને લીધે **Zybyszko** (ઝિબિસ્કો) એટલે કે રીંછને નામે એ ઓળખાય છે. એને ગૅલીશીઅન બેર પણ કહે છે.

છેલ્લાં પચીસ વર્ષમાં કુસ્તીના વ્યાપાર અર્થે યૂરપ અને અમેરિકાનું એણે અનેકવાર પરિભ્રમણ કર્યું છે અને ગોરી

ઝિબિસ્કો ને ગામાના કુશ્તીજંગ

સાંજ હમણાં જ પડી હતી, છતાં અંધકાર એટલો તો ગાઢ હતો કે પોતાનો હાથ પણ જોઇ શકાતો ન હતો. શિયાળાના દિવસ અને કૃષ્ણ-પક્ષની રાત્રિ. તેમાં વળી આકાશ વાદળાંથી ઘેરાએલું હતું. વચ્ચેવચ્ચે બરફ અને વરસાદનાં ઝાપટાં આવી જતાં. પછી પુછવું શું? ટાઢ તો કહે મારૂં કામ, અને પવન તો એવો વાતો હતો કે સોંસરો ઉતરી જાય. ભુખ અને ઠંડીમાં થરથરતાં શિયાળ અને વરૂના ભયાનક ચિત્કારથી વાતાવરણ કંપી ઉઠતું અને ભલભલાનાં ગાત્ર શિથિલ થઇ જતાં. દૂરદૂર ક્વચિત્ તોપની છુટી છવાયી ગર્જના કે ફુટતી હવાઇઓ સિવાય યુદ્ધનાં ચિહ્ન જણાતાં ન હતાં.

સર્વત્ર નિઃશબ્દ શાંતિ ફેલાએલી હતી. માત્ર કેદીઓને રાખવાના સ્થાનમાંથી હસવાના અવાજ આવતા હતા. જેલ તરીકે વપરાતા એક નાના મકાનના આંગણાની વચ્ચોવચ પંદર વીસ ફુટ ચોરસ જમીન ખાલી હતી. બાકીનો ભાગ સૈનિકોથી ખીચોખીચ ભરાઇ ગયો હતો. બરફ કે વરસાદની રજ પણ દરકાર વિના ટાઢમાં થરથરતા સૈનિકો કોઇકના આગમનની રાહ જોતા લાગતા હતા. એટલામાં જેલનો દરવાજો ઉઘડ્યો અને બેત્રણ સિપાહીઓ - દુર્બળ દેખાતા એક મહાકાય કેદીને લઇ બહાર આવ્યા. એમને જોતાં જ સૈનિકો બરાડા પાડી ગાળો તથા બિભત્સ મશ્કરીઓથી પેલા કેદીનું સ્વાગત કરવા લાગ્યા. પણ બેદરકારપણે મૌન અને ઉન્નત વદને કેદી દૃઢ પગલે ચાલતો પેલી ખાલી જગામાં આવી ઉભો રહ્યો.

ચિંતા, ભુખ, થાક અને ઉજાગરાથી આવેલી નિર્બળતા એના મોં ઉપર તરવરતી હતી. નિસ્તેજ નયનો ઉંડાં પેસી ગયાં હતાં, છતાં એમાં એકાગ્રતા અને નિશ્ચયબળની આછી ચમક જણાતી હતી. અપૂર્વ શાંતિથી એ ઉભો હતો. એના જીવનની અણીની પળ આ હતી. કેદીપણાનો છુટકારો મેળવવાનો આ અવસર હતો અને પ્રાણાન્તે પણ એને જતો ન કરવાનો એણે નિશ્ચય કર્યો હતો.

જીવન અને મરણના પ્રશ્નનો વિચાર કરતો એ ત્યાં ઉભો ન ઉભો એટલામાં તો સૈનિકોમાંથી એક ભીમકાય પુરુષ ખુલ્લા શરીરે એની સામે આવી ઉભો રહ્યો. ભુખ્યાં વરૂની પેઠે પરસ્પર ઘુરકતા એ બે જણને જોઇ સૈનિકો એકદમ શાંત થઇ ગયા. ત્યાં તો સર્વ શક્તિ એકત્ર કરી, ભયંકર ત્રાડ પાડી વીજળીની પેઠે કેદી પેલાને ચોંટી પડ્યો.

અને અર્વાચીન સમયનું પૃથ્વી પરનું સૌથી ભયંકર દ્વંદ્વ-યુદ્ધ ચાલુ થયું.



ઝિબિસ્કો

પોલંડ દેશના ક્રેકો નગરમાં ઝિબિસ્કોનો જન્મ થએલો. ઑસ્ટ્રીઆની વીએના વિદ્યાપીઠમાંથી એકવીસમે વર્ષે જુન માસમાં એ પ્રથમ વર્ગનો ગ્રૅજ્યુએટ થયો; એ જ વર્ષના સપ્ટેમ્બરમાં પારીસમાં યૂરપ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયાની ગ્રેકો-રોમન (ખડી) કુસ્તીની ચૅમ્પીઅનશીપ એ જીત્યો, અને આજ સુધી એણે એ પદ સાચવી રાખ્યું છે. વીએના વિદ્યાપીઠમાં બે વર્ષ વધુ અભ્યાસ કરી એ ઍટર્ની (બૅરિસ્ટર)-ઍટ-લૉ થયો. સાથે સાથે શારીરિક શિક્ષણાર્થે વીએનાની વિન્ડોબૉનાની વેઈટ લિફ્ટિંગ ક્લબનો સભાસદ પણ થએલો.

પ્રજાના સર્વોત્કૃષ્ટ મલ્લોમાં ક્વચિત્ પરાજય પામવા છતાં ય અનેકવાર વિજયશ્રીએ એના કંઠમાં વરમાળ આરોપી છે.

એનું શરીરબળ ગજબ છે. એને કેવળ બળમાં હરાવે એવા તો આંગળી--એના વેઢા પર ગણી શકાય એટલા જ. એની રાક્ષસી શક્તિ આગળ સૅન્ડો જેવા પણ શિથિલ થઇ જતા! અસાધારણ ઉદ્યોગ, નિયમિત વ્યવહાર અને અસ્ખલિત ઉત્સાહથી એણે આટલી ઉંમરે પણ શક્તિનો હ્રાસ થવા દીધો નથી.

યૂરપ અને અમેરિકામાં કુસ્તીના ઇતિહાસમાં 'Farmer' Burns 'ફાર્મર' બર્ન્સ મલ્લવિદ્યાનો પિતા ગણાય. છ હજાર કુશ્તીમાં માત્ર એણે સાત જ ન જીતેલી. અદ્દભુત ચપળતા ને શોધકબુદ્ધિથી ભલભલા મહારથીઓને પણ ક્ષણમાં એ ચિત કરી નાખતો. એણે અનેક રત્નોને શોધી નીપજાવ્યાં છે. એનો પટ્ટશિષ્ય ફ્રૅન્ક ગૅાશ, જે જ્યૉર્જ હૅકન્શ્મિટ જેવાને મહાત કરીને સને ૧૯૦૮ ના એપ્રિલમાં ચૅમ્પીઅન થયો. તે ગૅાશની સાથે ઝિબિસ્કો સને ૧૯૧૦ના નવેમ્બરની પંદરમી તારીખે લડ્યો. ગૅાશે શરત કરેલી કે એક કલાકમાં બે વખત ઝિબિસ્કોને હું ચિત ન કરૂં તો મારે હાર કબુલ કરી લેવી. પણ ઝિબિસ્કો ચિત ન જ થયો. ગૅાશ કહેતો કે વિશ્વમાં માત્ર બે જ કુશ્તીબાજો મેં જોયા છે. હૅકન્શ્મિટ અને યુસુફ મહમુદ નામનો તુર્ક. આ તુર્કને ઝિબિસ્કોએ અમેરિકામાં બે વખત હરાવેલો. ગામાના હાથે પરાજિત થએલા અમેરિકાના એક વખતના ચૅમ્પીઅન કુશ્તીબાજ ડૉ. બેન્જામિન એફ. રોલર બી. એસ.સી., એમ. ડી.ની સાથે ઝિબિસ્કોને અલ્હામ્બ્રા થીએટરમાં બે કલાક અને વીસ મિનિટ કુશ્તી થએલી, પણ હારજિત નક્કી થઇ શકી ન હતી.



ગામા

પણ વિજયશ્રી લક્ષ્મીની ચંચળતા ધરાવે છે. યૂરપ અને અમેરિકાના પહેલવાનોને હિન્દુસ્તાનના પહેલવાનોના હાથનાં પાણી ચાખવાનો ઝાઝો અવસર મળતો નથી, એટલે ત્યાંના હિસાબે આપણી કસોટી નહિ જેવી છે. આનો ઉતાર ઝિબિસ્કોના કરમમાં ભોગવવો લખેલો. સને ૧૯૧૦ ના સપ્ટેમ્બરની દસમી તારિખ ને શનિવારે લંડનના સ્ટૅડિયમ થીએટરમાં પંજાબકેસરી ગામા અને ગૅલીશીઅન બેર સ્ટૅન ઝિબિસ્કો ભેગા થયા. ત્રીસ હજાર પ્રેક્ષકોએ દુનિયાની આ અપ્રતિમ કુસ્તી જોઇ. જોતજોતામાં

ગામાએ ઝિબિસ્કોને જમીન ઉપર નાખી દાબ્યો, જ્યાંથી અઢી કલાક સુધી એ ઉભો થઇ શક્યો નહિ. ગામા કરતાં ઝિબિસ્કો ભારે શરીરવાળો હોવાથી ગામા એને ચિત ન કરી શક્યો, એટલે કુશ્તીનું પરિણામ નિશ્ચિત ન થયું. બીજા શનિવારે ફરીથી કુશ્તી કરવાનું નક્કી થયું. પણ ઝિબિસ્કોએ તો બીજે જ દિવસે ઇગ્લંડ છોડયું. આ કુસ્તીમાં ગામાને પંદર હજાર રૂપિયા અને 'જ્હૉન બુલ રેસ્લિંગ બેલ્ટ' નામની સુવર્ણ-ખચિત વીરમેખલા મળી.

આથી ગૅાશ કે હૅકન્શિમીટ હિંદી પહેલવાનનો હાથ જોવા હિંમત જ કસી શકયા નહિ.

ગત યુરપીય મહાયુદ્ધમાં પોલંડ ને રશિયા સાથે લડાઇ જાગી. તે વખતે ઝિબિસ્કો રશિયનોના હાથમાં કેદી હતો. પુરતા ખોરાક અને યોગ્ય વ્યાયામના અભાવે એનું શરીર નિર્બળ થએલું. તે વખતે આબર્ગ નામના પ્રથમ શ્રેણીના રશિયન પહેલવાનને એ જીતે તો કેદમાંથી છોડી મુકવાનું એને વચન મળ્યું. જેને યોગે આ લેખની શરૂઆતનો બનાવ બન્યો. એ કલાકના ભયંકર યુદ્ધને અંતે કેવળ કઠોર નિશ્ચય-બળથી જ ઝિબિસ્કો પ્રતિમલ્લને મહાત કરી શક્યો અને જીવના જોખમે છુટકારો મેળવવા પામ્યો.

સને ૧૯૨૧માં ઝિબિસ્કો અમેરિકા ગયો, ને સ્ટ્રેન્ગલર લ્યૂઇ પાસેથી ત્રેવીસ મિનિટમાં ચૅમ્પીઅન-શિપ જીતી; પણ એ જ વર્ષના અંતે લ્યૂઇએ ફરીથી પાછી મેળવી. સને ૧૯૨૫ના ફેબ્રુઆરીમાં વેમન મૂન નામના પહેલવાને લ્યૂઇને હરાવ્યો અને એ જ વર્ષના સપ્ટેમ્બરમાં ઝિબિસ્કોએ મૂનને હરાવી ચેમ્પીઅન-શિપ બીજીવાર મેળવી.

વાનકુઅરમાં ગોબર સાથે ઝિબિસ્કોને કુશ્તી થએલી. પહેલીમાં ઝિબિસ્કોએ પાંત્રીસ મિનિટમાં ગોબરને ચિત કર્યો: બીજીમાં ગોબરે ઝિબિસ્કોને છ મિનિટમાં મહાત કર્યો: પણ ત્રીજીમાં ઝિબિસ્કો સાડાસાત મિનિટમાં ગોબરને ચિત કરી જીતી ગયો.

ગોરી પ્રજામાં એક માન્યતા દૃઢ થએલી છે કે ત્રીસ વર્ષ પછી કોઈ પણ પહેલવાન ફરીથી વિજય મેળવી શકતો નથી. આ તથ્યના અપવાદ તરીકે ઝિબિસ્કો ગણાય છે. એણે બે વખત ચૅમ્પીઅનશીપ મેળવી અને તે પણ પોતાનાથી અરધી ઉમરના મૂનને હરાવીને! અને અત્યારે પંચાવન વર્ષે પણ એ ચૅમ્પીઅન જ છે.

અને આનું કારણ? સતત પરિશ્રમ. દરરોજ એ નિયમિત વ્યાયામ ખેલે છે. યોગ્ય આચારવિચાર અને આરામ સાચવવા ઉપરાંત દારૂ વગેરે માદક પદાર્થોને સ્પર્શ પણ કરતો નથી.

એની કુસ્તીની પદ્ધતિ યુરપીય પહેલવાનો કરતાં નિરાળી અને આપણા પહેલવાનોને મળતી છે. માથું સાવ મુંડેલું અને પગ ઉઘાડા રાખે છે. શરીર પર ચડ્ડી સિવાય કંઇ જ રાખતો નથી. પણ બધા યુરપીય પહેલવાનો પેઠે, આપણા દેશીઓ કરતાં ચપળતામાં એ ઘણો જ ઉતરતો અને અત્યંત ધીમો છે.

એનું લડતી વખતનું શરીર—માપ હમેશાં આ પ્રમાણે હોય છે: ઉંચાઇ ૫–૯; વજન ૨૩૨ રતલ; ગરદન ૨૨ ઈંચ; સામાન્ય છાતી ૫૨ ઈંચ; ફુલાવેલી છાતી ૫૯ા ઈંચ; દંડ ૨૧ ઈંચ; પ્રકોષ્ઠ ૧૮ ઈંચ; કાંડું ૧૨ા ઇંચ; કમર ૩૯ ઇંચ; સાથળ ૩૨ ઇંચ; પિંડલી ૧૯ ઇંચ.

એના જેટલું મોટું કાંડું અને છાતી હજુ કોઇ પણ પહેલવાનનાં દેખાયાં નથી. એના દંડને પહોંચી શકે એટલો મોટો દંડ માત્ર ફ્રાન્સના ઍપોલૅાન નામના વેઇટ–લીફ્ટરનો જ છે.

ગામા અને ઝિબિસ્કોનાં ૧૯૧૦નાં માપ આ પ્રમાણે છે:

	ગામા	ઝિબિસ્કો
ઉંચાઇ	૫–૭ાા	૫–૯
વજન	૨૦૨	૨૫૨
ગરદન	૧૮	૨૨ા
સામાન્ય છાતી	૪૮	૫૮
દંડ	૧૮	૨૨
પ્રકોષ્ઠ	૧૪	૧૮
સાથળ	૨૭	૩૨
પિંડલી	૧૬	૧૮ા
કમર	૩૭	૪૨

કુસ્તીમાં અને બૉક્સિંગમાં મનાય છે કે જેનું શરીર ભારે તેનું બળ વિશેષ. એ રીતે તો, ગામા કરતાં ઝિબિસ્કો વધારે ભારે હોવાથી ગામાનો પરાજય જ થવો જોઇતો હતો. પરંતુ કેવળ બળ કરતાં બળ

અને બુદ્ધિનું મિશ્રણ ચડી જાય, એ સિદ્ધાંત ગામાએ પુરવાર કરી આપ્યો છે.

ભૂતકાળની હાર ન વિસરવાથી અને હજી પણ ગોરી પ્રજાનો ચૅમ્પીઅન હોવાથી નસીબ અજમાવવા ઝિબિસ્કો અહીં આવ્યો છે. આવતા ફેબ્રુઆરીમાં ગામા અને ઝિબિસ્કોની બીજી વાર કુસ્તી થશે. ૧૯૧૦ના સપ્ટેમ્બરની સત્તરમી તારીખે હાજર ન થતાં આજે સત્તર વર્ષે ઝિબિસ્કો ગામાને મળવા આવે છે. એક હીંદીને છાજતી ગૃહસ્થાઇથી રુસ્તમે હિંદ ગામા આ વીરનરનું યોગ્ય સ્વાગત કરશે એમ આપણે ઇચ્છીશું.

કારણ કે ગામાના હાથમાં હિંદુસ્તાનની વીરશ્રીનું સૌભાગ્ય છે. કુશ્તીનું સમરાંગણ પંજાબકેસરી રણજિતસિંહના સમયથી અત્યાર સુધી એકધારૂં ખેલાતું આવ્યું છે. ૪૦૦ રતલના પ્રચંડ શરીરધારી રમજુ સરફદીને વડોદરામાં આ સમરાંગણને શોભાવ્યું હતું. હજુ તો મુછનો દોરો ફુટતો હતો એવી ઉગતી જવાનીમાં બૂટાએ એ રમજુના હાથમાંથી સૌભાગ્ય-કંકણ હરી લીધું હતું. બાવળના ઝાડને બાથમાં મારી ઉખાડી નાખનાર સીઆલકોટનો ભીમકાય શીખ કીકડસિંહ તથા અમૃતસરનો ગુલામ અલિયા જયશ્રી વરવા પચાસ હજાર પ્રેક્ષકો સન્મુખ ઝુઝેલા. રહીમ અને કરીમબક્ષ જેવા મહારથીઓની વીરહાકના પડકારની સ્મૃતિ હજુ પણ એ ક્ષેત્રમાં ઉત્સાહ અને ઉન્માદનાં પૂર ઉછાળે છે. આર્યસંસ્કૃતિના આ દેશના પ્રથમ વહેણના સમયથી સરળ ચાલતી આવેલી મલ્લવિદ્યાનો અર્વાચીન સ્વામી ગામા છે. અમૃતસરનો અહમદબક્ષ, જાલંધરનો ગમ્મુ, વગેરેની સાથે રહી ઇંગ્લંડ અને અમેરિકાના પહેલવાનોનો નશો ઉતારી નાખનાર એ ગામાના નામથી જગતના કુસ્તીબાજો ત્રાસી ઉઠે છે. કૃષ્ણચંદ્રે કેળવેલી, કૌન્તેય ભીમ, જરાસંઘ, હનુમાન અને જામ્બુવાનાદિએ સજીવ રાખેલી મલ્લવિદ્યાનું ગૌરવ આ દેશમાં અત્યારે ગામાના હાથમાં છે. ભાવિની પ્રબળતા કઇ તરફ સુવર્ણકળશ ઢોળશે એ તો કોણ જાણે.

હરિનારાયણ આચાર્ય

અવરંગઝેબના સમયનું હિન્દ અને એકતાના સવાલનું સંશોધન: ભાષાન્તરકાર, 'નાદી;' પ્રકાશક, અબ્દુલ્લાહ ફખરદીન સૈયિદ, ભગાતલાબ રોડ, સુરત.

શ્રી મુંબઇ ગુજરાતી રાષ્ટ્રીય કેળવણીમંડળનો વાર્ષિક વૃત્તાંત: સં. ૧૯૮૧-૮૨નો; પ્રકાશક મંત્રીઓ, અશોક બિલ્ડિંગ. મુંબઈ.

ચીતરવાનું સહેલ છે

જો આ નીચે આપેલી આકૃતિ તમે સહેલાઇથી કરતા થઈ જાઓ તો



પેન્સિલના આંચકા માર્યા વિના એકધારી, એકસરખી લીટી ખેંચતાં શીખો. વળાંકા અને નાની કમાનદાર લીટીઓ અક્ષરોની પેઠે સહજ દોરી શકો એવી રીતે તમારો હાથ બેસી જાય તો આ પાઠનું કામ પુરૂં થયું. ત્યારપછી બીજા પાઠની રાહ જુઓ.

સ્વીકાર

અંજલિ (ગેય કાવ્યો) કર્તા અને પ્રકાશક કેશવ હ. શેઠ; ખડાયતા મુદ્રણકલામન્દિર અમદાવાદ, કી. રૂ. ૧-૪-૦

રાસસંચય (ભાગ બીજો-કન્યાખંડ) સંગ્રાહક અને પ્રકાશક ચંદુલાલ પુરુષોત્તમ મહેતા; ખાડિયા અમદાવાદ: ૦-૮-૦

ફુલરાણી: લેખક-પ્રકાશક, હીરાલાલ છોટાલાલ બક્ષી: નર્મદા આશ્રમ શુકલતીર્થ.

બોધક મણકો બીજો: લેખક-પ્રકાશક, છગનલાલ ઠાકોરદાસ મોદી, સુરત.

વિલાસ-વિજય: લેખક પ્રકાશક, વિઠ્ઠલરાય નાનાલાલ પંડ્યા, માણસા; રૂ. ૧-૦-૦

છાત્રાલય કમિશન-ભાવનગર-નો અહેવાલ: પ્રકાશક શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર: ૦-૬-૦

કુમાર પત્રિકા નં. ૧: પ્રકાશક, સેક્રેટરી, ડૉ. પંડ્યા અભ્યાસગૃહ, પાટણ: પોસ્ટેજ સાથે કીમત ૦-૧-૦

ખાનદાની ખપ્પર (સૌરાષ્ટ્ર પરથી) પ્રકાશક, સત્યપ્રકાશક કાર્યાલય; ૪૭, સી. પી. ટેંકરોડ, મુંબાઈ ૪; ૦-૮-૦



ખોરાકની પસંદગી

(સ્કાઉટિંગ)

લાંબી મુસાફરીએ ગએલા, પર્વતોની ખાણો માં અમુક સ્થળ શોધવા મથતા, અથવા સાઇકલ ઉપર લાંબી સફર કરતા સ્કાઉટોની વાતો સાંભળીએ છીએ ત્યારે એ વેળાના ખોરાક વિષે તો 'અમે તો ચા પીને ચલાવી લીધું.' 'ખીચડી ક્યાં રાંધવા બેસીએ? અમે તો ગાંઠિયા ખાઇ પાણી પી નભાવી લીધું.' એવા જ ઉદ્ગારો સાંભળીએ છીએ. અમને પણ ખોખરામાં ભુલા પડ્યા અને જ્યારે ખીચડી શાકનાં પોટલાં વસમાં પડ્યાં ત્યારે એમ થઇ ગએલું કે કોઇ ખોરાકના તત્ત્વની ટીકડીઓ જો મળતી હોય, અને એક ટીકડી ખાધે આખો દિવસ તૃપ્તિ રહેતી હોય તો ખોખરા તો શું પણ માઉન્ટ એવરેસ્ટ પણ સહેજે ચડી શકાય.

એક ભાઇ કહે, 'દરેકે બે ડબલરોટી સાથે લેવી; પછી ચા, ખાંડ, કન્ડેન્સ્ડ મિલ્ક અને માખણના ડબ્બાનું વજન કાંઇ બહુ ન થાય. રસોઇમાં માત્ર ચા જ બનાવવી રહી. એટલે મોટો સમય રાંધવામાં ન જતાં, જોવાજાણવા અને નવુંનવું શીખવામાં રોકી શકાય' આ દરખાસ્ત પણ સ્કાઉટિંગની દૃષ્ટિએ વિચારવા જેવી છે. કારણકે હાલમાં તો મુસાફરીએ નીકળેલા સ્કાઉટોને ચાલવું અને રાંધી ખાવું એ બે મુખ્ય પ્રવૃત્તિમાં જ પોતાનો મોંઘો વખત આપવો પડતો આપણે સાંભળીએ છીએ; અને મુસાફરીના ખરા લાભ મળતા નથી. અહીં એક વાત યાદ આવે છે.

બેએક વર્ષ ઉપર અમે દૂરથી એક સારા સ્કાઉટ-પેટ્રોલને ભાવનગરમાં આમંત્રેલું. ઘણું જ સુંદર પેટ્રોલ. ફર્સ્ટ એઇડમાં તો ખાસ પ્રવીણ. અમારા સ્કાઉટોને તેમની પાસેથી ઘણું જાણવાનું મળ્યું. પણ અમને એમ થયું કે તેઓ એક નાનો તંબુ નાખી બેએક દિવસ પાસેના બગીચામાં રહી, સ્કાઉટ જંગલમાં જીવન કેમ ગાળે તે પોતાની રહેણીકરણીથી બતાવી આપે તો તે તેમનાં ભાષણો અથવા પ્રયોગો કરતાં અમારા સ્કાઉટો ઉપર ચિરસ્થાયી છાપ પાડી શકે. તેમણે કૅમ્પ-જીવન શરૂ કર્યું. અમે કેટલાક તેમની સાથે રહેવા ગયા. પણ સવારની ચા અને નાસ્તો, ત્યાર બાદ આવેલ શાકપાનની તૈયારી, ત્યાર પછી વિવિધ વાનીઓ વાળી રસોઈ, પછી જમણ અને અંતે વાસણ માંજવા, એટલામાં જ એમને સહેજે બે વાગે! ઘડીક વાતચીત અથવા આરામ કરે ત્યાં તો બપોરની ચા થાય અને તે પીતાંપીતાં સાંજે શું રસોઇ કરવી તેની ચર્ચા ચાલે. પછી તે ચર્ચાનું સ્થૂળ સ્વરૂપ રસોઇ તથા તે તૈયાર થયે ભોજન; તેમાંથી પરવારી સાફસુફ કરે ત્યાં તો કૅમ્પફાયર.—આ પ્રમાણે ઉપરાઉપરી જમવા સિવાય અમે બીજું કશું જોયું જ નહિ! એક બાજુ આ અને બીજી બાજુ 'ચા પી ચલાવી લીધું' તે એ બંને પ્રયોગો સ્કાઉટોને તો ન જ પરવડે.

એક અનુભવી સ્કાઉટરે મને એક વખત કહેલું કે 'એક સારૂં સફરજન જો ખાધું હોય તો શરીરને એક ટંક માટે પુરતો ખોરાક મળ્યો કહેવાય.' મારા એક મુંબઇગરા મિત્રે ટ્રેનમાં મને કહેલું કે જો પાંચછ શીંગોડાં ખાધાં હોય તો સાંજ સુધી ભુખ ન જ લાગે.

આ બધા વિવેચનનો અર્થ એ છે કે આપણા શરીરને કયો ખોરાક કેટલા પ્રમાણમાં જોઇશે તેનું આપણું જ્ઞાન સહેજ વધુ વિગતવાર હોય તો આપણે નકામો ભાર ઉપાડી કચરા જેવો ખોરાક ન ખાઇએ: અથવા ન પચે તેવી તથા શરીરયંત્રને બીનઉપયોગી ચીજો વડે હોજરી ન ભરીએ: અથવા ભાર ઉપાડવાને ભયે, શક્તિહીણ ખોરાક ખાઈ શરીરને વધુપડતું

ઘસી પણ ન નાખીએ. હવે આપણે જોઇએ કે શરીરયંત્રને કેવા પ્રકારના ખોરાકની જરૂર છે.

શરીરને સુવ્યવસ્થિત રાખવા માટે ત્રણ પદાર્થની ખાસ જરૂર છે (૧) સ્ટાર્ચ–શક્તિમાટે (૨) પ્રોટેન–શરીરનાં બધાં અવયવોને ઘસાવા ન દેતાં તૈયાર રાખવા માટે (૩) ચરબી–હાલનચાલન સહેલાઇથી થઇ શકે અને ઘર્ષણ ન થાય તે માટે.

હવે આ તત્ત્વો કયા પ્રકારના ખોરાકમાં છે તે જોઇએ. એક કીલોગ્રામ પાણીને એક ડિગ્રી ગરમ કરવા સારૂ જેટલી ગરમી જોઇએ તેને એક કેલોરી ગરમી કહેવાય. આપણા શરીરને ચોવીસ કલાકમાં આવી ત્રણ હજાર કેલોરી ગરમી જોઇએ છે. આ ગરમી જેમ ઓછી તેમ શક્તિ પણ ઓછી. અને જ્યારે આ ગરમી અદૃશ્ય થાય ત્યારે મરણ કહેવાય.

પાણીને ગરમ રાખવા માટે જેમ બળતણની જરૂર છે, તેમ શરીરને ગરમ––સશક્ત રાખવા માટે ખોરાકની જરૂર છે. જે ખોરાક ઓછો ખાવા છતાં વધુ ગરમી પેદા કરી શકે તે જ પૌષ્ટિક ખોરાક ગણાય. નીચેના આંકડા ઉપરથી સ્પષ્ટ જોઇ શકાશે કે કયો ખોરાક કેટલી કેલોરી ગરમી પેદા કરી શકે છે.

એક શેર	કેલોરી
દુધ	૩૨૫
માખણ	૩૬૦૪
ખાંડ	૧૮૨૩
ઘઉંનો લોટ	૧૬૫૧
જુવારનો લોટ	૧૬૨૯
ચોખા	૧૬૩૧
કઠોળ	૧૬૨૬
બટેટાં	૪૦૦
કેળાં	૨૯૬
કાંદા	૧૧૬
ભાજી	૧૨૪

આ તો આપણે ખોરાકનું પૌષ્ટિક તત્ત્વ જોયું. પણ તે ઉપરથી એક માણસ માત્ર માખણ અથવા સાકર ખાઇ રહેવા માગે તો ન જ ચાલે. કેમકે આપણે આગળ જોઇ ગયા તેમ શરીરને માત્ર ગરમી આપે તેવા એક જ ખોરાકની જરૂર નથી. પણ તેને તો ગરમી આપે, શરીરના બધા ભાગોને બરાબર રાખે અને સાંધાઓમાં તેલ ઉંજે તેવા ત્રણ પ્રકારના ખોરાકની જરૂર છે. અને તે ત્રણે પ્રકારમાંથી થઇ કુલ ૩૦૦૦ કેલોરી ગરમી શરીરને મળવી જોઇએ. ટુંકામાં, ખોરાક એવો હોવો જોઇએ કે જેમાં સ્ટાર્ચ, પ્રોટેન અને ચરબી ત્રણે હોય અને કુલ ત્રણ હજાર કેલોરી ગરમી ઉત્પન્ન કરે. આ ત્રણે તત્ત્વો જુદાજુદા પદાર્થોમાં કેવી રીતે વહેંચાએલાં છે તે નીચેના આંકડાઓથી વધુ સ્પષ્ટ થશે.

ખોરાક	સ્ટાર્ચના ટકા	પ્રોટેનના ટકા	ચરબીના ટકા
સાકર	૯૮	...	...
ચોખા	૭૯	...	...
ઘઉંનો લોટ	૭૫	૧૧	...
કઠોળ	૬૦	૨૫	...
સુકો મેવો	૬૫	૧૫	૪૫થી૬૦
બટેટાં	૧૯	...	...
કેળાં	૧૪	...	...
તાજો મેવો	૧૨	...	...
દુધ	૫	૩	૪
માખણ	·/··	...	૮૫
ઘી	...	...	૧૦૦
તેલ	...	...	૯૦

આ આંકડાઓ ઉપરથી સહેજે જણાશે કે દુધ સિવાય એવો એક્કે ય ખોરાક નથી કે જેમાં ત્રણે તત્ત્વો હોય. છતાં ઝાઝા પ્રમાણમાં દુધ લેવામાં આવે તો જ શરીર સશક્ત રહે, કેમકે તેનું પૌષ્ટિક તત્ત્વ ઓછું છે. ઘઉંમાં સ્ટાર્ચ અને પ્રોટેન બંને સારા પ્રમાણમાં છે, અને એક શેર લોટ ૧૬૫૧ કેલોરી ગરમી પેદા કરે છે. માત્ર તેમાં ચરબી નથી. તે માખણ અથવા ઘી ખાવાથી મળી રહે. અને ઘી અથવા માખણનું પૌષ્ટિક તત્ત્વ ઘણું મોટું છે એટલે શરીરને જોઇતી ઉષ્મા બરાબર મળી રહે છે. મારો અનુભવ પણ ઉપરના આંકડાને મળતો જ છે. જો રોટલી અથવા બિસ્કિટને, ઘી અથવા માખણ, કે દુધ અથવા ચાની સાથે લેવામાં આવે તો શરીરયંત્ર હમેશને માટે સુવ્યવસ્થિત રહે. આંકડા એવા મળેલા છે કે એક માણસને ચોવીસ કલાકમાં એક શેર સ્ટાર્ચ, પાશેર પ્રોટેન અને પાંચ તોલા ચરબીની જરૂર છે.

ગજાનન ભટ્ટ



બુલબુલ

એક હતો રાજા. એને બે કુંવરીઓ. એમનાં નામ દીના અને નિશા.

રાજાને પોતાના જન્મદિવસે સગાંવહાલાં, નોકર ચાકર, ઓળખીતા પારખીતા બધાયને જુદી જુદી ભેટ આપવાનો ભારે શોખ. રાજાના જન્મદિવસની બધા આતુરતાપૂર્વક રાહ જુએ–ભેટ માટે. એક જન્મદિવસે રાજાએ બધાયને એકેક પોપટ ભેટમાં આપ્યો. દીના અને નિશાને પણ પોપટ મળ્યા. પોપટને રાખવાનાં પાંજરાં રાજાએ ઇરાનની આબાદ કારીગરીનાં મંગાવી આપ્યાં.

લગભગ ઘેરઘેર પોપટ. સવાર પડે ત્યાં દિશાઓ પોપટના અવાજથી ગુંજી રહે. બધા ય પોતપોતાના પોપટને પઢાવે. દીના અને નિશા તો પોપટ પાછળ ઘેલીતુર જ બની ગએલી. જમવા બેસે તો પોપટ સાથે, ફરવા જાય તો પોપટ સાથે, ગામગામતરે જાય તો પણ પોપટ તો સાથે હોય જ.

એક દિવસ એવું બન્યું કે સવારે ઉઠીને દીના હોંશહોંશમાં પોતાના પોપટ પાસે ગઈ તો પાંજરામાં પોપટ મરી ગએલો. જાણે અંતરનું કોઇ સગું મરી ગયું હોય અને દુઃખ થાય એવું દીનાને દુઃખ થયું. આંખમાંથી આંસુની ધારા છુટી. રોઇરોઇને આંખો સુજી ગઇ. ન ખાય ન પીએ. રાજા આવ્યા; રાણીમાતા આવ્યાં. કોઇનું દીના માને નહિ. પાંજરા સામે જુએ ને રડે.

મનાવી મનાવીને બધાં તો થાકયાં. રાણીને ક્રોધ ચડ્યો. એમને થયું કે, 'પોપટ મરી ગયો એમાં શેની આવડી હેરાન થાય છે અને બીજાને હેરાન કરે છે, મુઇ!'

દીનાએ તો આખો યે દિવસ રોયા જ કર્યું. રાત્રે પણ રોતીરોતી જ સુઈ ગઇ.

સવાર પડી ગઇ હતી. દીના ઉંઘતી હતી. ઉંઘમાં પણ જાણે હીબકાં ભરતી હોય એમ લાગતું.

એક બુલબુલ આવ્યું. દીનાની બારીમાં બેઠું અને કુંવરીને જ જાણે સંભળાવતું હોય એમ ધીમા અતિ મધુર એવા કરુણ રાગે એણે એનું ગાન શરૂ કર્યું.

દીનાની ઉંઘ ઉડી ગઇ. બુલબુલ એવા મધુર અવાજે ગાતું હતું કે કુંવરીનો આખો ઓરડો હલકી રહ્યો. દીના પોપટનું મૃત્યુ ભુલી ગઇ અને આંખો ઉઘાડીશ તો રખેને આ ગાન કદાચ બંધ થઇ જશે એમ માની આંખો મીંચી પડી જ રહી. બુલબુલે તો ગાયા જ કર્યું. દીનાએ આવું ગાન તો કદિ યે સાંભળેલું નહિ. આવું મધુર ગાન કોણ ગાતું હશે એ જાણવા ધીમે રહી તેણે આંખો ઉઘાડી. બારીમાં બેઠુંબેઠું ગાતું બુલબુલ એણે જોયું.

દીનાથી કોણ જાણે કેમ પણ બોલી જવાયું, ઓ 'બુલબુલ! મારી પાસે આવીશ તું? મારા પલંગપર બેસી તારૂં ગાન નહિ ગાય તું?'

દીના બોલી રહી ત્યાં તો પાંખો ફફડાવતુંક બુલબુલ તો દીનાના ખભાપર આવીને બેઠું. દીનાએ બુલબુલને પાણી પાયું, પંપાળ્યું, ખાવા આપ્યું અને બુલબુલે ગાયા કર્યું. બપોરે બુલબુલ જંગલમાં ઉડી ગયું.

હમેશાં સવારે બુલબુલ આવે, ગાય અને બપોરે ઉડી જાય. કુંવરી પોપટને તો વિસરી જ ગઇ. બહાર

ફરવા જવાનું ભુલી ગઇ. જમવાનું પણ પોતાને ત્યાં જ મંગાવે. રખેને કદાચ બુલબુલ આવીને પાછું જાય તો!

પછી તો સાંજે પણ બુલબુલ આવવા લાગ્યું.

એક દિવસ કુંવરી બુલબુલને પોતાના જમણા હાથમાં બેસાડી રાજા પાસે, રાણી પાસે પોતાની બ્હેન નિશા પાસે લઇ ગઇ. બધાએને બુલબુલનું ગાન સંભળાવ્યું. તે દિવસે રાણીના મનમાં વિચાર આવ્યો કે પોપટ જેમ મરી ગયો તેમ જો કોઇ દિવસ બુલબુલ જતું રહેશે તો હવે દીના જીવવાની નથી. રાણી દીના પાસે ગયાં. પુછ્યું 'દીના! બુલબુલને કયાં રાખે છે તું?'

'કયાંઈ નહિ. એની મરજી પડે છે ત્યારે આવે છે, ઠીક પડે ત્યાં સુધી રહે છે અને ફાવે ત્યારે ઉડી જાય છે.'

રાણીને ફાળ પડી. 'અરર! ફાવે ત્યારે આવે અને ફાવે ત્યારે ઉડી જાય! એમ કરતાં કોઇ દિવસ ન આવે તો કુંવરીનું થાય શું?' તેમણે ક   , 'દીના! ગાંડી! બુલબુલને તું ઉડી જવા દે છે? એનો શો વિશ્વાસ? પછી આવશે જ નહિ તો? એના કરતાં પેલાં પાંજરામાં રાખને એને!'

દીનાને પણ એ ઠીક લાગ્યું.

સાંજે બુલબુલ આવ્યું. કુંવરીએ પકડીને એને પાંજરામાં પુર્યું, ખાવા આપ્યું, પાણી મુક્યું પણ બુલબુલે તો સામું યે ન જોયું.

કુંવરીને નીરાંત થઇ. હાશ! હવે બુલબુલ મારૂં જ થયું. હમેશાં ગાશે, ખાશે પીશે ને લ્હેર કરશે! રાત્રે નીરાંતે સુઇ ગઇ.

સવાર પડી. હમેશાં જે મધુર અવાજ સાંભળી દીના જાગતી તે અવાજ કાં ન સંભળાય આજે? દીના ઉઠી. પાંજરામાં જોયું. બુલબુલ જાણે દિલગીરીમાં હોય તેમ બેઠું હતું. દીનાએ ઘણું યે એને ગાવા માટે કહ્યું, ઘણુંઘણું વિનવ્યું પણ ન બુલબુલની નજર સામેનાં જંગલ તરફથી વળી કે ન એના કંઠમાંથી પેલું ગાન નીકળ્યું. કુંવરીએ માન્યું કે રહેતું-રહેતું એ તો પાંજરાથી ટેવાઇ જશે. ખાવાનું આપે, પાણી ધરે, પણ બુલબુલ શેનેય ન અડે.

બે, ત્રણ, ચાર, પાંચ દિવસ થઇ ગયા. કુંવરી પણ શોકમાં સુકાવા લાગી. બુલબુલ બીચારૂં બેસી પણ ન શકે એવું દુર્બળ થઈ ગયું.

છઠ્ઠા દિવસે સવારે કુંવરીને ઉંઘમાં કાનપર શબ્દો પડયા 'મને બહાર કાઢો, મને બહાર કાઢો.'

કુંવરીએ જે જે પુછ્યું એના જવાબમાં બુલબુલે બોલ્યા જ કર્યું 'મને બહાર કાઢો, મને બહાર કાઢો.'

દીનાની આંખો આંસુથી ભીંજાઇ ગઈ, રાણીની શીખામણ તે ભુલી ગઇ. બુલબુલ પાછું નહિ આવે તો પોતાનું શું થશે એનો વિચાર પણ ન કર્યો. ઉઠી અને પાંજરૂં ઉઘાડી નાખ્યું. પ્રયાસ કરીને બારી બહાર ઉડી જતાં બુલબુલને એ આંસુભીની આંખે જોઇ રહી.

સાંજે ઉંધુ ઘાલીને બેઠીબેઠી દીના છાનાં આંસુ પાડતી હતી ત્યાં પેલો અતિ મધુર અવાજ એના કાન પર પડયો. ચમકીને જુએ છે તો બારીમાં બુલબુલ ગાતું હતું.

પ્રાણજીવન આચાર્ય

કયાં રે ગયો?

કયાં રે ગયો એ કયાં રે ગયો?
મારા પીંજરાનો પોપટ કયાં રે ગયો?

કેવડાની પાંખ ને
માણેકની ચાંચ છે


હૈયાનો હાર કયાં છુટો પડયો?
મારા પીંજરાનો પોપટ કયાં રે ગયો?

કોટે છે વાંકલો
કસ્તુરીનો કાંઠલો

અંતરનો પ્રાણ એ કયારે પળયો?
મારા પીંજરાનો પોપટ કયાં રે ગયો?

શોધી મેં શેરીઓ
જોયાં મેં જંગલો

મીઠાબોલો ના કયાં યે મળયો,
મારા પીંજરાનો પોપટ કયાં રે ગયો?



છા ત્રા લ ય

"છાત્રાલય એ ઘર અને સમાજ એ બેની વચ્ચે ઉભી રહેલી સંસ્થા છે. ઘરમાં ઉછરતું બાળક અમુક ઉમર સુધી ઘરમાં રહ્યા પછી ઘર બહાર નીકળવા તરફ઼ડે છે; ઘેર માબાપની ગોદમાં રહેલું બાળક બહારની દુનિયામાં પોતાના પગ પર ઉભવા થૈ થૈ થાય છે; ઘરની ચાર દિવાલોમાં મહાલી રહેલ વિદ્યાર્થી બહાર જે વિરાટ સમાજ પડ્યો છે તેમાં ઝંપલાવવા માગે છે.

પણ ઘરમાંથી સીધા સમાજમાં ઝંપલાવવું વિકટ છે. ઘરમાંથી વિદ્યાર્થીને સીધો સમાજમાં ધક્કેલી દેવામાં આવે તો તે ગુંગળાઇ જાય એવો સંભવ છે. તેને માટે છાત્રાલય જેવી સંસ્થાનો ઉપયોગ છે.

છાત્રાલય એ ઘર પણ છે ને નાનો શો સમાજ પણ છે; છાત્રાલયમાં ઘરનો સ્નેહ પણ હોય અને સમાજના ધક્કાધુંબા પણ હોય; છાત્રાલયમાં માબાપનું



સંમેલનના પ્રમુખ: શ્રી રામનારાયણ પાઠક

આખા ગુજરાતમાં મુંબાઇ સુધી લગભગ સાડા ચારસો છાત્રાલયો (વિદ્યાર્થી વસતીગૃહો) છે. એ બધાના સરેરાશ એંશી હજારથી લાખ જેટલા વિદ્યાર્થીઓ હોઈ શકે. એટલે એ છાત્રાલયોનું સંમેલન વિદ્યાર્થીઓના જીવન પર બહુબહુ અસર લાવી શકે.

છતાં છાત્રાલયોના નિરીક્ષકો કે નિયામકોમાંથી મોટો ભાગ હજુ વિદ્યાર્થીઓ પર જેલર કે ફોજદાર જેટલી સત્તા ધરાવવાનો દાવો કરે છે અને તેમના હાથમાં પડેલા ગરીબ વિદ્યાર્થીઓ તેમના કાયદા અને જોહુકમીને ગરજના માર્યા નિરૂપાય થઈ વશ વર્તે છે; પણ એ સંસ્થામાંથી છુટ્યા પછી તેઓ એ નિયામક કે એ સંસ્થા અથવા તેના ભર્તાઓ તરફ જરા યે લાગણી કે માન ધરાવતા નથી. આ સંમેલન પ્રસંગે ઘણા યે નિયામકોને સમજાઈ ગયું હશે કે જેઓ નાના વિદ્યાર્થીઓને પોતાનાં બાળકો અને મોટા વિદ્યાર્થીઓને મિત્ર સમાન રાખી શકવા અસમર્થ હશે તેમને માટે એ જગ્યાની નાલાયકી એ એક જ કારણથી સિદ્ધ થઇ જાય છે.

વિદ્યાર્થીઓને માર મારી વશ રાખવાની કે દમ મારી કામ લેવાની રૂઢિ પર આજના માનસશાસ્ત્રીઓએ ખરાબમાં ખરાબ અભિપ્રાય સંભળાવી દીધો છે, અને હજુ જેઓ સોટીના ગુણો ગાયા કરતા હશે તેમની શિક્ષક તરીકેની બુદ્ધિનો આંક કહાડતાં વાર નહિ લાગે.

છાત્રાલય સંમેલનના વાતાવરણમાં વધુ મહત્ત્વ લાવનાર ત્રણ પુરુષોનો પરિચય એનું સ્વરૂપ બરોબર દર્શાવી આપશે. સૌથી પહેલા આ સંમેલનના પ્રમુખ શ્રી રામનારાયણ પાઠક. તેમણે પહેલેથી પોતાના સ્વચ્છ સ્પષ્ટ વિચારોની બધા ઉપર એટલી આબાદ છાપ પાડી કે જુના અને નવા યુગના બધા માણસો તેમની તારીફ જ કરતા હતા. વૃદ્ધોને ખાતરી થઈ ગઈ હશે કે નવા યુગના વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગ બતાવી શકે એવાં વ્યક્તિબળો તેમનામાં ક્યારનાં યે જન્મ પામ્યાં છે, અને એનો સબળ દાખલો શ્રી પાઠક બન્યા. તેમણે કહ્યું, 'વિદ્યાર્થીના વિકાસનો ઇજારો કોઇનો નથી. તેમના પર અંકુશ મુકવાને ધમકી અને ભયના માર્ગ તો માત્ર જે વડીલો અને અધ્યાપકો બીકણ હશે તે જ લેવાના. જગતમાં કોઈ ધોરણ સનાતન નથી: બધું બદલાતું જાય છે, બધું નવું ઘડાતું જાય છે, જુનું પલટાય છે.

આખા સંમેલનને યોગ્ય દિશામાં વાળનાર તો શ્રી મોતીભાઇ અમીન હતા. તેમણે ગુજરાતમાં પહેલવહેલી બોર્ડિંગ શરૂ કરી અને વિદ્યાર્થીઓનાં ચારિત્ર્ય ઘડી ઉમદા માણસો નીપજાવ્યા. તે જ માણસોમાંથી આજે ચરોતર કેળવણી મંડળ જેવું મોટું મંડળ થયું, ભરૂચનું કેળવણી મંડળ થયું અને તે સંસ્થાઓનું કાર્ય જોઈ બીજી અનેક એવી સંસ્થાઓ બની. આટલા સમર્થ સંસ્થાપક છતાં મોતીભાઇ અમીન જાહેર ભાષણો કે લેખોના ધાંધલમાં પડ્યા સાંભળ્યા છે ? તેઓ તો એક મુંગા સમર્થ કામ કરનારા છે. ગુજરાતના વિદ્યાર્થીઓના દરેકેદરેક સવાલ પર તેમણે ખુબ વિચારો કર્યા છે, પ્રયોગો કર્યા છે, અનુભવપૂર્ણ સલાહથી કેટલાયને દોર્યા છે; અને છતાં જુઓ ત્યારે ક્યાં યે કોઇ ખુણે છુપાછુપા બધું નીરખતા હોય અને એકાદ બે જણમાં ધીરેધીરે પોતાના વિચારો ઉતારતા હોય. તેમણે આ સંમેલનમાં ખાસ આગળ

સં મે લ ન

વહાલ પણ હોય અને સમાજ-નિયમનની કડકાઇ પણ હોય; ત્યાં માંદગીની માવજત પણ હોય અને કોદાળી પાવડાનો પરસેવો પણ હોય; ત્યાં વડીલોનું ડહાપણ પણ હોય અને જુવાનોનાં સાહસ પણ હોય.

છાત્રાલય એટલે નાનકડું સ્વરાજ્ય, સુધારા વધારાની પ્રગતિવાળું આપણું ઘર, વ્યાવહારિક અનુભવ લેવાની પ્રયોગશાળા ને શારીરિક, માનસિક તથા નૈતિક સંપત્તિ ઉગાડવાનું ક્ષેત્ર.

નિશાળો જ્ઞાનની શાળા છે તેવાં જ છાત્રાલયો પણ છે. બંને એક બીજાનાં પૂરક છે: જીવન ઘડનારાં છે. અને આવા છાત્રસમૂહમાં જે જીવન ઘડાય તે જીવન ઘરમાં, કુટુંબમાં, ગામમાં, સમાજમાં અને દેશમાં સારી રીતે વિસ્તરી શકે—આજનાં છાત્રાલયોમાં પાકેલા વિદ્યાર્થીઓ આવતી કાલનાં સુંદર ઘરો ઉભાં કરે એ શક્ય છે."

પડી તેના કાર્યને વેગ આપ્યો અને સૌના ઉપર ઘણી અસર કરી. બોલતી વખતે તે લાગણીથી ઉછળતા નથી, પણ તેમના વિચારોની પાછળ ઉંડી વ્યવહારિકતા અને સચોટતાનું દબાણ શ્રોતાઓ ઉપર થાય છે, અને તેમની બધી સૂચનાઓ લગભગ આબાદ મનમાં ઉતરી જાય છે. તેમણે કહેલી કેટલીક વાતો વિદ્યાર્થીઓએ ધ્યાનમાં લેવા જેવી છે.

તેમણે કહ્યું, 'ઉનાળાની મોટીમોટી રજાઓમાં આપણા વિદ્યાર્થીઓ શું કરે છે? બીજી પરચુરણ રજાઓ ગણતાં વર્ષના છ માસ જ તેમને ભણવાનું હોય છે. એ છ માસની રજાનો ઉપયોગ તેઓ શી રીતે કરે છે? યૂરોપમાં માત્ર ત્રણ જ વર્ષ રહી આવેલા વિદ્યાર્થીનો વિકાસ જોતાં આ વિદ્યાર્થીઓ માટે બહુ દિલગીરી ઉપજે છે. એનું કારણ એ છે કે યૂરોપમાં વિદ્યાર્થીઓ રજા પડતાં જ નવાં સ્થળો જોવા બીજા પ્રદેશોમાં ઉપડી જાય છે અને એ રજાનો ભાગ પણ તેમના મનોવિકાસમાં સહાયક થાય છે. ત્યાંનું તેમનું બધું જીવન શિક્ષણનું જ હોય છે. વિદ્યા સિવાય બીજા પ્રયોગો જ તેમને હોતા નથી. ત્યારે અહીંનો આપણો વિદ્યાર્થી કુટુંબી બન્યો હોય છે! સાતમી પેઢીના સાળાને ત્યાં લગ્ન થતું હોય તો તેને ત્યાં ગયા વિના ચાલે નહિ! એમાં નાહકના પંદર વીસ દિવસ બગાડી આવે છે અને ન જોઇતી બાબતો મનમાં ભરી આવે છે. છાત્રાલયો દ્વારા આ બાબતનો જુદો રસ્તો નીકળી શકે. છાત્રાલયના વિદ્યાર્થીઓ રજામાં ઘેર ન જતાં દેશના બીજા ભાગનાં છાત્રાલયોમાં જાય અને ત્યાંના વિદ્યાર્થીઓ વળી તેમને ત્યાં આવે. થોડા નર્મદાશ્રમ જઇ આવે અને



શ્રી મોતીભાઇ નરસિંહભાઈ અમીન

આસપાસનો અનુભવ અને પરિચય મેળવે. ત્યાંથી થોડા કાઠિયાવાડમાં રહી આવે અને ઘણું શીખે. શાળામાં અને ગૃહમાં જે નવીનતા અને પ્રેરક વાતાવરણનો અભાવ હોય છે તે આ રીતે મળી રહે.

વિદ્યાર્થીઓએ શારીરિક શ્રમનો અણગમો ટાળવો જોઇએ. મહેમાન આવે ત્યારે પાણી આપવાનું કામ તો નોકરનું જ હોય એવો ખ્યાલ રાખનારા લાલા ઘણા છે. સ્ટેશનેથી હાથમાં પોટલું લઇ જતાં પણ ઘણા તો શરમાય છે. શાળામાં અભ્યાસ તરીકે પણ શારીરિક શ્રમનું કામ હોવું જોઇએ અને શિક્ષકોએ તેમાં જોડાવું જોઇએ. કામમાત્ર પવિત્ર છે.

પૈસાદાર વિદ્યાર્થીએ એકાદ ગુણવાન ગરીબ વિદ્યાર્થીને મિત્ર તરીકે લેવો જોઇએ અને તેની સોબત ખાતર તેનો ખર્ચ ઉપાડી લેવો જોઇએ. આથી અરસપરસ લાભ થશે. ગરીબ વિદ્યાર્થી પૈસેસાધને ગરીબ હોય છે, ગુણમાં કે માનસિક સમૃદ્ધિમાં ગરીબ હોતા નથી.

મનુષ્ય તરીકેની ભવિષ્યની જવાબદારી યથાર્થ સમજી શકે તેવી તૈયારી કરી આપનારી સંસ્થા છાત્રાલય છે.'

ત્રીજા પુરૂષ તો છાત્રાલયના નિયામક નહોતા ને શિક્ષક નહોતા, પણ લાખો માણસો પર અધિકાર ભોગવતા રાજ્યના મોટા જવાબદાર અમલદાર હતા. તે સર પ્રભાશંકર પટ્ટણી. તેમણે જે અસરકારક વચનો કહ્યાં તે બધાંમાં વિદ્યાર્થી આલમ પરની તેમની આશા અને શ્રદ્ધા સ્પષ્ટ દીસી આવતી હતી. વિદ્યાર્થીઓને શિક્ષા કરવી કે નહિ એ પ્રશ્ન ચર્ચાયો ત્યારે તેમણે જુસ્સાભેર જણાવ્યું કે

'જીંદગીભર કોઇને મારવાનો હક્ક નથી એમ માનનાર



સર પ્રભાશંકર પટ્ટણી

હું વૃદ્ધ છું અને હું ઘસીને કહું છું કે કોઇને મારવાનો હક્ક નથી. છતાં બાળક જ્યારે ગુનોહ કરે અને તેને સજા કરવાની જરૂર પડે અને બીજો ઉપાય ન જડે ત્યારે બાળકની શિક્ષા જાતે ખમી લેવી ઘટે. બાળકો ન સમજે તો શારીરિક શિક્ષા ક્યાં કરવી ? બધા વિદ્યાર્થીઓની વચ્ચે ગુનેહગારને ઉભો રાખી તેના ગુનાહ માટે પોતાનો વાંસો ધરવો અને સોટી ગુનેહગારના હાથમાં મુકી કહેવું કે તારા ગુનાહ માટે આ શરીર પર શિક્ષા કર. દરેક શિ આ સજા માટે એક સોટી સંઘરી રાખવી.'

ધર્મશિક્ષણ કેમ આપવું તેની ચર્ચા થઇ ત્યારે તેમણે જણાવ્યું 'માનવધર્મ ટીલાં ને અબોટિયાંમાં નહિ પણ પ્રભુને ઓળખવાની રીતમાં રહ્યો છે.' ભાવનગરના બાળ મહારાજાને તેમણે કહ્યું હતું કે 'આપની છેલ્લી ઘડીએ હું આપને બચાવવા પ્રભુને પ્રાર્થના કરૂં અને પ્રભુ કહે કે 'મને વખત નથી' તો આપને કેવું થાય ? બાળ મહારાજાને આ સાંભળી સ્પષ્ટ લાગણી થઈ અને કહ્યું, 'તો તો માર્યા જઇએને ?' 'તો પછી પ્રભુપ્રાર્થના માટે વખત નથી એમ ન જ કહો.' આ વચન એ બાળ મહારાજા હજી વિલાયતમાં રહ્યારહ્યા પણ ભુલ્યા નથી.

જ્ઞાનલીલા

માગશરની જ્ઞાનલીલાના આવેલા ઉત્તરોમાંથી બધા પુરા સાચા તો ભાઇ છોટાલાલ નરસિંહભાઇ પટેલ (અભેટા)ના એકનાં જ છે. ઇનામ એમને મોકલાશે. નીચેના નવા સવાલોના ઉત્તર માહ સુદ ૧૫ સુધીમાં પહોંચવા જોઇએ. ખરા જવાબો નીચે મુજબ: (૧) કાગળના ટુકડાઓ જોડીને



બનાવેલો ચોરસ બાજુમાં. (૨) નદી. (૩) કહેવતો: થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ; ગામને મોઢે ગરણું ન બંધાય; દયા ડાકણને ખાય; મંઝા ભૂત ને શંકા ડાકણ; શરમાય તે કરમાય. (૪) ૩૦ (૫) ૬૦ દિવસ કામ કર્યું ને ૩૦ દિવસ ગેરહાજર રહ્યો. (૬) ૧,૩,૯,૧૯. (૭) $\frac{૩૫}{૭૦} + \frac{૧૪૮}{૨૯૬} = ૧$

નવા સવાલ

(૧) શોધી કાઢો: પાંચ કહેવતો ગુંચવાઇ ગઇ છે: (૧) તમે કોઇ નવેં હાકોમે તોઇ નથ (૨) માનગીમા સેર પી ગ્યા તો પણ વિનાંસ (૩) ટરકડી પકકી (૪) વાણ પઠે ત્યાં હોમ હોઠડો ય ગાય (૫) વિવાના વેડચલો નડે. **(૨)** હું મારી પોતાની જાતને જ ખાઇને જીવું છું અને જ્યારે તે ખલાસ થઇ જાય છે ત્યારે મરી જાઉં છું; મને ઓળખી શકશો ? **(૩)** ૧૭ અક્ષરની ગઝલની એક જાણીતી લીટી છે. તેમાંથી નીચેના અક્ષરો મળીને બતાવ્યા પ્રમાણે અર્થ નીકળે છે: ૯,૪=જુનો ગુજરાતી કવિ; ૧૫,૧૦,૧૧=અલ્પ; ૧૭,૧=તદ્દન; ૫,૧૩=રાત; ૧૨,૬=દાંતા; ૭મો ને ૧૩મો અક્ષર સરખા છે; આઠમો એક વિભક્તિનો પ્રત્યય છે; અને ચૌદમો અક્ષર ઘણા લોકો ગુમ કરવામાં વાપરે છે તો તે લીટી કઇ ?

(૪) ગણિત ગમ્મત: એક હજાર રૂપિયાની દસ એવી કોથળીઓ બાંધો કે ગમે તેટલા રૂપિયા કોથળીઓ છોડયા વગર લઈ શકાય.

(૫) શી સગાઇ ? 'અ' અને 'બ' બંને એક જ માબાપનાં સંતાનો છે. 'અ' એ 'બ'નો ભાઇ છે પણ 'બ' 'અ'નો ભાઇ નથી; ત્યારે તે બે વચ્ચે શી સગાઈ હશે ?

અથાણું


પોતાને બહુ સરસ ગાતાં આવડે છે એવું માનનારા એક ભાઇ સાહેબ એક શેઠને ત્યાં પાર્ટીમાં મહેમાન થયા, અને બેએક કલાક સુધી લાગલાગટ હારમોનિયમ પર ઝીક્યા કર્યું. એકેએક માણસ કંટાળી ગએલું. આખરે ઘરધણીએ એની પાસે જઇ વિવેકથી કહ્યું, 'આપના સંગીતથી અમને સૌને ઘણો જ આનંદ થયો છે; પરંતુ ઘરમાં એક આસામી માંદું છે, એટલે આપણે હવે બંધ કરીએ તો સારૂં.'

'હા; મને એ ખબર છે!' ભાઇ સાહેબ બોલ્યા, 'પણ નોકરે મને કહ્યું છે કે આજારી બહેરો છે.'

ॐ

શિક્ષક—બે આનીનું બહુ વચન શું ?
વિદ્યાર્થી—પાવલી, સાહેબ !

તમારી બુદ્ધિની કસોટી



૨૦૦૦ વર્ષ પૂર્વે ગ્રીકો અને રોમનો જેમાં ભેજાં થકવતા તે રમત આજે પણ તમારી બુદ્ધિની કસોટી કાઢે એવી છે. મુળ તો એ આર્કીમીડિસ નામના ગ્રીક ગણિતશાસ્ત્રીએ શોધેલી. તે ઇ. સ. પૂર્વે ૩૦૦ વર્ષ પહેલાં સિસિલી દ્વિપના સાયરેક્યૂઝ શહેરમાં થઇ ગયો. ગ્રીકો અને રોમનોએ સેંકડો વરસ સુધી આ રમત ખુબ માણી હતી; ત્યાર પછી વચલા કાળમાં તે ભુલાઇ ગઇ હતી. પણ હમણાં બ્રિટિશ મુસ્તર-



આર્કીમીડિસ

શાસ્ત્રી ડૅા. ઓલ્ડહામની શોધખોળથી તે એક પ્રાચીન ચર્મપત્ર ઉપર વિસ્તારથી ઉતારેલી મળી આવી છે અને પાછી દુનિયાને કામ લાગી છે.

એ સરખા ચોરસથી બનેલા એક લંબચોરસમાં ઉપર બતાવ્યા પ્રમાણે ચૌદ આકૃતિઓ પાડેલી છે. તે એવા હિસાબસર છે કે તેમાંથી અસંખ્ય પ્રમાણો મળી શકે, અને ઉપરાંત માણસ, પશુ, પક્ષી, ઘર, વહાણ વગેરે પુષ્કળ આકૃતિઓ પણ બનાવી શકાય. ડૅા. ઓલ્ડહામે પોતે બનાવેલા થોડા આકારો નમુના તરીકે અહીં આપ્યા છે. તમે પણ એ રમતનો આનંદ અને લાભ મેળવો તે ખાતર એ ચૌદ કટકામાંથી નવીન આકૃતિઓ રચનાર માટે અમે પચીસ ઇનામો નક્કી કર્યાં છે. પાછળ આપેલી શરતો બરોબર સમજી એકાદ ઇનામ માટે પ્રયત્ન કરો; અથવા ઘરમાં આનંદ લેવા યત્ન કરો.



ડૅા. ઓલ્ડહામે રચેલા થોડા આકારો.

તમારો ગ્રાહક નંબર

આ અંકથી ફેરવાયો હશે, માટે રૅપર ઉપરથી જોઇ લઇ નોંધી રાખશો, અને પત્રવ્યવહાર વખતે તેનો ઉપયોગ કરજો.

હરીફાઇની શરતો

(૧) પાછળના નમુના મુજબ એક રંગીન કાગળ પર આકૃતિ કાઢી તેના કટકા કરી, તે કટકાના નવા આકારો રચી તે સફેદ ફુલ્સકેપ કાગળ ઉપર ચોઢી મોકલવા જોઇએ. (૨) એ નવા આકારોની રચનામાં ચૌદે ય કટકાનો સમાવેશ થવો જોઇએ. (૩) એ ચૌદે ય કટકા ઉપર તેનો નંબર હોવો જોઇએ. (૪) બધા જવાબો માહ મહીનાની અમાસ પહેલાં અમને પહોંચી જવા જોઇએ. (૫) જવાબવાળા કાગળ ઉપર પોતાનું નામઠામ, ગ્રાહક નંબર, ઉમર તથા મોકલ્યાની તારીખ અચુક લખવાં.

સ્ત્રી ઈનામ

ગયે વર્ષે ‘ ધંધાની પસંદગી, ’ ‘ પરીક્ષા ’ વગેરે ઇનામી નિબંધો માટે દસદસ રૂપિયા આપનાર ગૃહસ્થ તરફથી આ વર્ષે, દર મહીને પાંચપાંચ રૂપિયાનું ‘ કન્યા ઈનામ ’ ‘ કુમાર ’ મારફત આપવાની દરખાસ્ત આવી છે. વાચકો તરફથી અમે એમને અભિનંદન આપીએ છીએ. ઈનામની વિગત તથા શરતો નીચે મુજબ છે:

‘ ગૃહ શણગારનાં સાધનો અને તેના ઉપયોગ ’ એ વિષય ઉપર, સાદી ભાષામાં, વધારેમાં વધારે ‘ કુમાર ’ ના એક પાના જેટલો, લેખ લખી મોકલો. આંગણું, દ્વાર, ઓસરી, ગજાર, રસોડું બેઠક તથા સુવાના ઓરડા, ભીંતો, છતો વગેરે ઘરના એકેએક વિભાગ તથા અંગની ગોઠવણ, શોભા અને શણગારને લગતી વિગતોનો લેખમાં સમાવેશ હોય.

લેખ સ્વચ્છ અક્ષરે, કાગળની એક જ બાજુએ લખેલો હોય, અને સાથે પોતાનું નામ, ઠામ, વય, તથા ગ્રાહક નંબર લખેલાં હોવાં જોઇએ. કવરને મથાળે ડાબે ખુણે ‘ કન્યા ઇનામ માટે ’ એમ લખવું.

માહ મહીનાની અમાસ સુધીમાં લેખ ‘ કુમાર કાર્યાલય રાયપુર, અમદાવાદ ’ એ સરનામે તંત્રીને પહોંચી જવો જોઇએ.

પહેલું ઈનામ રૂ. ૩ નું તથા બીજું રૂ. ૨ નું અપાશે. શ્રેષ્ઠ નીવડેલો લેખ ‘ કુમાર ’માં છપાશે.

ચીનમાં સીનેમા ખુબ પેસતું જાય છે; પણ નવાઇની વાત એ છે કે ત્યાં જોવા જવા માટે કશી ફી નથી આપવી પડતી, પરંતુ અંદર ગયા પછી અરધોક ખેલ ચાલ્યા બાદ એક વકરાપેટી ફેરવવામાં આવે છે એમાં સૌ પોતપોતાની ઇચ્છા મુજબ વધતુંઓછું નાખે છે. આપણે ત્યાંની કથાઓમાં ફરતી આરતીની પેઠે.

વળી ત્યાં સીનેમા જોતી વેળા પરસેવો લુછવા માટે સૌને થીએટરમાંથી અક્કેક ભીનો ટુવાલ આપવામાં આવે છે!

લિવરપુલના એક વિજ્ઞાનવેત્તાએ સૂર્યનાં કિરણોમાંથી સાકર બનાવવાની યુક્તિ શોધી છે.

ગુજરાતના જુવાનોને

To the Youths of Gujarat

છેલ્લા યૂરોપીય યુદ્ધ પછીની દુનિયા નવી ને નોખી બની છે. એ મહાસંગ્રામનું મંડાણ જ નૌજવાનોનાં બલિદાન ઉપર થયું હતું; અને એમાંથી એ પણ જણાઈ આવ્યું કે 'વડીલ મોટેરાંઓ'એ જુવાનોના અજાણપણાનો ખોટો લાભ ઉઠાવીને કેવી રીતે પોતાના એ નવલોહ્યાઓનાં બલિદાન માગ્યાં ને લીધાં. એનું પરિણામ એ આવ્યું કે જુવાનવર્ગમાં જાગૃતિ ને આત્મભાન પ્રગટ્યાં.

જગતની એકેએક પ્રજાને આ તરુણ વર્ગે—તરુણોના યાહોમપણાએ, સીધા વિચારના અડગ આગ્રહી કુમારો ને ભોળા સ્વતંત્ર સ્વભાવની કુમારીઓએ જ હમેશાં સહાય કરી છે, અને બધી પ્રજાકીય વિપત્તિઓ કે ક્રાન્તિઓને વખતે દેશનું એ કૌમાર જ હરહમેશ કૂચ કરીને મોખરે નીકળ્યું હોય છે.

પણ હવે આ જમાનામાં તો, યૌવનનું એ જોમ એકલું હોવું જ માત્ર બસ નથી. દેશનાં પુખ્ત ઉમરે પહોંચેલાં કુમાર કુમારીઓનું વ્યવસ્થિત સંગઠન કરીને એ જુસ્સાને કેન્દ્રીભૂત કરવો જોઇએ. ૧૭ થી ૨૨ વર્ષ સુધીના એ પ્રતાપી આત્માઓનું વ્યવસ્થિત સંઘબળ તો હરકોઈ પ્રજાના કલેવરમાં પ્રાણ-સંચાર કરવા માટે મોટેરાંઓ કરતાં પણ વધુ સમર્થ છે. અને આવો કટિબદ્ધ વર્ગ જ ૭ થી ૧૭ સુધીનાં કિશોર કિશોરીઓમાં જાતકેળવણી, સંસ્કાર અને રાજકીય અસ્મિતા કુશળતાથી પ્રગટાવી શકે.

મુંબાઇના 'સ્ટુડન્ટ્સ બ્રધરહૂડ' આગળ મેં માગણી કરી છે, ને અમદાવાદનાં મારાં તરુણ ભાઇ બહેનો પાસેથી પણ એ જ માગણી કરૂં છું કે આપણને અત્યારે એક એવી 'યંગ કૉમરેડઝ લીગ' (કુમાર મિત્રસંઘ) સ્થાપવાની અગત્ય—અનિવાર્ય અગત્ય છે કે જેની શાખાઓ હિન્દભરના શહેરેશહેર ને ગામડે-ગામડે હોય. એ સંસ્થા માટે હું આ અંગ્રેજી નામ એટલા સારૂ સુચવું છું કે જગતની બીજી પ્રજાઓ તેને વધુ સારી રીતે સમજી પિછાણી શકે અને હિન્દનો તરુણ વર્ગ જગતના તરુણોની હીલચાલમાં સ્થાન પામી શકે.

તમ સૌને ફતેહ ને અભિનંદન ઇચ્છતો **શાપુરજી સકલાતવાળા**



મિ. શાપુરજી સકલાતવાળા તેમનાં અંગ્રેજ પત્ની તથા બાળકો સાથે



માધુકરી


અમ જન્મ ને જીવન હો, ગુજરાત માત ચરણે;
તપસિદ્ધિ પુણ્યફળ હો, ગુજરાત માત ચરણે.
વાણી વિચાર કર્મે, જે જે બને સ્વધર્મ;
ધન, ધાન્ય ને વતન હો, ગુજરાત માત ચરણે.
સરમાં સરોજ ખીલે, વિલાય છેયૂ સલિલે;
ખીલ્યાં હૃદયકમલ હો, ગુજરાત માત ચરણે.
ફુલડાં ખીલી વસંતે, સોહાય દેવકંઠે;
ઉદ્ધાર વા પતન હો, ગુજરાત માત ચરણે.

—કેશવ હ. શેઠ

શાપુરજી સકલાતવાળા

હિંદમાં ઔદ્યોગિક સાહસો ખેડનાર નવસારીના પ્રખ્યાત તાતા કુટુમ્બમાં આજથી પચાસેક વર્ષ ઉપર એક બાળકનો જન્મ થયો ત્યારે કોણે જાણ્યું હશે કે એ સરકારપ્રિય અને શ્રીમંત કુટુંબમાં જન્મેલો બાળક મોટપણે સરકારોને ધ્રુજાવનાર ને શ્રીમંતાઈ સામે બળવો જગાવનાર કટ્ટર સામ્યવાદી પાકશે?

મુંબાઇની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં કેળવણી લઈ નવસારીનો એ ગર્ભશ્રીમંત નવજુવાન ૧૯૦૫ માં તાતાની તાલેવર પેઢીની ઇંગ્લંડની શાખાનો વ્યવસ્થાપક બની વિલાયત ગયો. ત્યાં જ તેણે લગ્ન કર્યું, વસવાટ માંડ્યો અને પોતે તથા પોતાનાં બાળકો વિલાયતનાં જ વતની બની રહ્યાં. પણ વિલાયતના એ વસવાટ દરમ્યાન એના દીનબંધુ આત્માએ સ્વાર્થાન્ધ મુડીદારોના કઠોર યંત્ર નીચે ચગદાતા કામદારો અને મજુરોની કરુણ ચીસો સાંભળી, ને એનો હૃદયપલટો થયો. એણે જોયું કે દોલતના જે ખરા રળનાર છે તે ગરીબ મજુરો અને કામદારોનો તો એ દોલત ઉપર લેશમાત્ર હક નથી, ભોગવટો નથી. શ્રમજીવી ગરીબોએ પરસેવો સીંચીસીંચીને ઉત્પન્ન કરેલી લક્ષ્મી ઉપર એશઆરામમાં મસ્ત રહેતા શ્રીમંતો તાગડધિન્ના કરે છે, જ્યારે પેલા ગરીબોને



સકલાતવાળા કુમારાવસ્થામાં

જીવનનાં ભરણપોષણ માટે પણ વલખાં મારવાં પડે છે. મુડીના ખુદ પેદા કરનારનો જ એ મુડી ઉપર ભોગવટો નહિ એ તો ઘોર અન્યાય છે, જુલમ છે.

બસ, ત્યારથી એના જીવનનું ધ્યેય ફરી ગયું. ગરીબ કામદારોના, મજુરોના તકદીરની સાથે એણે પોતાનું તકદીર જોડી દીધું, તેમની વચ્ચે વસવા માંડ્યું, તેમને ખરી પરિસ્થિતિનું ભાન કરાવી પ્રેરણા આપવા માંડી અને તેમની સેવા માટે એ કટિબદ્ધ થયો. ઇંગ્લંડના બેટરસી પરગણામાં એણે ચળવળ ઉપાડી અને જુલમગાર મુડીવાદ ઉપર પોતાના આત્માની આગ ઠલવવા માંડી.

એને શબ્દે બેટરસીની તરુણ પ્રજામાં અદ્‌ભુત જાગૃતિ આવી. જુવાનો એની પેગમ્બરી વાણી પર મોહ્યા, મજુરો એની વત્સલતા પર ફિદા થયા અને અંગ્રેજ રૈયતે બેટરસીમાંથી એને પોતાના પ્રતિનિધિ તરીકે પાર્લામેન્ટમાં મોકલ્યો. મજુરપક્ષમાં ભળી એણે વિલાયતની પાર્લામેન્ટમાં મુડીવાદી સરકાર સામે યુદ્ધ માંડ્યું; અને પાર્લામેન્ટની બહાર એણે મજુરોને પોતાની અસ્મિતાનું ભાન કરાવ્યું કે તમારા થકી તો આ સરકાર અને તેના શાગિર્દ શ્રીમંતો તથા અમીરો જીવે છે, માટે તમારા અધિકાર માટે બેઠો બળવો જગાવો.

આવો જોખમકારી પુરુષ સરકારની આંખે ન ચડે એ તો કેમ જ બને? શરૂઆતમાં તો એ મુર્ખ મનાયો, ગાંડો લેખાયો, પણ પછી 'ભયંકર પુરુષ' તરીકે સરકારની યાદીમાં એનું નામ નોંધાયું અને ઇંગ્લંડની છેલ્લી મજુર હડતાલ વખતે એક આકરા ભાષણ માટે સરકારે એને રાજદ્રોહી ઠરાવી જેલમાં પુર્યો. પણ આત્માની સ્વતંત્રતા કેઇથી રૂંધી રૂંધાય છે? બે મહીને જેલમાંથી બહાર નીકળેલો એ ભારતપુત્ર પ્રજાની નજરે વધુ પવિત્ર બની રહ્યો.

સરકાર રક્ષિત તાતાની પેઢીને આવો માથા વિનાનો માનવી ખુંચે એમાં નવાઈ શી ? મુડીવાદનો દુશ્મન મુડીવાદીઓની વચ્ચે કેમ પાલવે ? એને તકાદો થયો, અને જવાબમાં એ સિદ્ધાન્તભક્તે એ પેદાશદાર નોકરી ફગાવી દીધી, તાતાની પેઢીમાંથી પોતાની ભાગીદારી તોડી નાખી અને મુડીવાદ સામેનો પોતાનો ઉગ્ર વિરોધ જાહેર કરી મજુરોની વચ્ચે જઇ ઉભો રહ્યો.

અમેરિકાના મજુરોના આમંત્રણથી એ અમેરિકા જવા તૈયાર થયા, પણ એ ' ભયંકર માણસ ' ના આગમનથી અમેરિકાને પણ કંપારી છુટી અને ત્યાંની સરકારે પોતાને આંગણે આવવાની એને મના કરી. પછી એણે હિંદ આવવા માટે પરવાનો માગ્યો. અમેરિકા એનાથી ધ્રુજતું હતું તો હિંદની સરકારનાં પણ ગાત્ર એના નામે ઢીલાં પડતાં હતાં. એને હિંદ ન આવવા દેવાની પેરવીઓ કરાઇ, પણ આખરે વડા પ્રધાનને એને પરવાનો આપવો પડયો. હિંદ આવતાં, માર્ગમાં ઇજિપ્તમાં ઉતરવાની એમણે ઇચ્છા કરી, પણ ઇજિપ્તની સરકારે પણ એ જોખમભરેલા આદમી સામે પોતાના દ્વાર બંધ કર્યાં; એને ઉતરવાની મના કરી !

આવો ' ભયંકર પુરુષ ' આજ ચૌદ વર્ષને અંતે હિંદમાં એક જગદ્વ્યાપી ઇતિહાસનું પ્રાણતત્ત્વ લઇને આવે છે. એ તત્ત્વ તે સામ્યવાદ. એના એ સામ્યવાદથી ઇંગ્લંડ ધ્રુજે છે, અમેરિકા ધ્રુજે છે, ને હમણાં જ ધ્રુજ્યું છે મિસર. એ સામ્યવાદના સ્વીકાર માટે એણે લડતો ખેડી છે, પોતાની સર્વ શક્તિ ખર્ચી છે, સુખસગવડોને હોમી દઈ દુઃખ નોતર્યાં છે, એ અમીર મટી ફકીર થયો છે.

એની સિદ્ધાન્તભક્તિ એવી દૃઢ છે કે એ સિદ્ધાન્તના પાલનને ખાતર તે સદા ગમે તેવી ખુવારી સહવાને તૈયાર રહે છે. પોતાનાં બાળબચ્ચાંને બીજા સામાન્ય મજુરોની જેમ ગરીબીમાં ઉછેરવાનું તેને કબુલ છે; પુરા પૈસા ગાંઠે ન હોવાને લીધે કુટુંબને વિલાયતમાં મુકીને તે એકલો હિંદ આવવા તૈયાર છે; ગમે તે દુઃખ વેઠવા ખુશી છે; પણ નિર્ણિત માર્ગ પરથી તસુ માત્ર પણ ન ખસવું એ એનો જીવન સંકલ્પ છે.

મુડીવાદ સામેના પોતાના આ સંગ્રામમાં એને બહુ જ થોડા સાથીઓ છે, કારણકે એની માન્યતાઓ નિયમ તરીકે સહુને કબુલ છે, પણ જીવનમાં ઉતારવાની કોઇનામાં શહૂર નથી; એટલે એ એકલો જ ઝુઝે છે. દુનિયાની બધી સરકારો, જગતના બધા અગ્રણી પુરુષો, ખુદ એના મજુરપક્ષના જ નેતાઓ એના એ સામ્યવાદના સખત વિરોધી છે. પરંતુ આટલા વિરોધ અને અંતરાય છતાં એનો શબ્દ દુનિયાના ખુણેખુણામાં પહોંચી વળે છે, સૌ સરકારોની તેના પર ખફા નજર છતાં સર્વ દેશોમાં તે અસમાન્ય લોકપ્રિયતા ધરાવે છે, જગતના મહાજનોમાં તે સ્થાન પામે છે.



આવી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા જમાવનાર એ ભારતપુત્રે, હર્ષની વાત છે કે હજી પોતાની માતૃભોમને નથી વિસારી. એનો માતૃપ્રેમ કોઇ પણ હિન્દજાયા જેટલો જ જોરેમંદ ને જ્વલંત છે. વતને વિલાયતી થયા છતાં તેના લોહીના બિન્દુએ બિન્દુમાં તે હિન્દી છે. ત્રીસ વર્ષની ઉમરે એણે હિન્દ છોડયાની વાતને આજે વીસ વર્ષ વીતી ગયાં છે, છતાં એણે પોતાનું વતન નવસારી નથી વિસાર્યું, પોતે અભ્યાસ કરેલો તે મુંબાઇની સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ અને કૉલેજ નથી વિસારી, બિહાર અને ઓરિસ્સાનાં જંગલોમાં ભટકી ત્યાંના જંગલીઓ સાથે બાંધેલી પ્રીતિ નથી વિસારી, પ્લેગ વખતે મુંબાઇના મજુરોની કરેલી સારવારને પરિણામે તેમની સાથે જામેલી મહોબ્બત નથી વિસારી, એટલું જ નહિ પણ પોતાની માતૃભાષા ગુજરાતીને પણ નથી વિસારી. આજ પણ એ ગુજરાતીમાં ભાષણ કરે છે અને પરદેશી ભાષાનો ઓછામાં ઓછી કાંકરીવાળી, સાદી, મીઠી અને પ્રાણવાન ગુજરાતીમાં, જગતના મજુરોનો સામ્યવાદનો સંદેશ સામાન્ય માણસના અંતરમાં ઉતારી શકે છે.

જ્વલંત આત્મબલિદાન ને ઉગ્ર સિદ્ધાન્ત-તપશ્ચર્યા વડે મેળવેલા પ્રતાપી વ્યક્તિત્વવાળો, એ ગરીબોનો સાથી ને મજુરોનો ફિરસ્તો, સરકારો ને શ્રીમંતોને પોતાના મુખમાંથી ઝરતી અંગારવાણીથી દઝાડતો એ સામ્યવાદી લડવૈયો આજ

સ્વદેશયાત્રાએ આવ્યો છે. આપણું એને સ્વાગત હો.

(તારવીને)

શ્યેનચાંગ તાસ્સ

ચક્રવર્તી હર્ષવર્ધનના સમયના આપણા દેશના ઇતિહાસ પર અજવાળું પાડનાર ચીની સાધુ હુએનસાંગે અહીં સોળ વર્ષમાં શું શું કર્યું તે વિષયનો તેનો પાછલા જીવનનો થોડો પરિચય ગયા ફાગણના કુમારમાં અપાઈ ગયો છે; પરંતુ તેના પૂર્વજીવન વિષે આપણે કશું જાણતા નથી. પણ 'નવજીવન પ્રકાશન મંદિર' તરફથી બહાર પડેલા 'મધપૂડો' નામના લેખસંગ્રહમાં, સત્યાગ્રહાશ્રમમાં વસતા ચીની કુમાર શાન્તિરાજ પાસેથી હુએનસંગના પૂર્વજીવનની હકીકત સાંભળીને ભાઇ પ્રભુદાસ ગાંધીએ તે આપી છે, હુએનસંગના મુળ ચીની ચિત્ર સાથે અહીં આપીએ છીએ. શાન્તિરાજના કહેવા પ્રમાણે હુએનસાંગનો ખરો ઉચ્ચાર 'શ્યેનચાંગ' છે. શ્યેનચાંગના જન્મથી માંડીને તે સાધુ થયો ત્યાં સુધીની વાત આ નીચે ઉતારી છે.



શ્યેનચાંગ તાસ્સ: મુળ ચીનાઈ ચિત્ર ઉપરથી

ચીની લોકોમાં શ્યેનચાંગ વિષે બહુ ભારે આદર હોય એમ લાગે છે. પાંડવોને થઇ ગયે હજારો વર્ષો થયાં તોપણ હજુ આપણા દેશમાં ફરતાં ઠેકઠેકાણે આપણને ભીમની મોઈ, પાંડવોનાં પગલાં ઇત્યાદિ જોવાનું મળે છે. શ્યેનચાંગ જ્યારે અહીંથી પાછો સ્વદેશ ગયો ત્યારે રસ્તામાં તેનાં પુસ્તકો પલળી ગયેલાં એ તેણે એક ખડક પર સુકવેલાં. તેનાં કેટલાંક પાનાં હજુ ત્યાં ચોંટી રહ્યાં છે! ચીનના ગામડિયાઓ એ બતાવી શકે.

ચીન દેશના શૅનસી પ્રાંતમાં શાંગાન નામના ગામમાં છિન કુળ રહેતું. ચીનમાં એક એવો રિવાજ છે કે દર ત્રણ વર્ષે આખા પ્રાંતના હોશિયારમાં હોશિયાર વિદ્વાનોની પરીક્ષા સરકાર લે અને તેમાં ઉત્તીર્ણ થએલા પહેલા પાંચેકને સરકારી પદવી આપે. બાર વર્ષે આખા દેશની રાજધાનીમાં દરેક પ્રાંતમાંથી ચુનંદા વિદ્વાનો પરીક્ષામાં બેસે અને તેમાં પહેલો આવે તેને 'ચૅંગ્ટૉન' નામની પદવી મળે. એવી પદવી લેનારો બહુ જ મોટો માણસ ગણાય. એ પદવી છિન કુળને મળેલી. શ્યેનચાંગના દાદા અને શ્યેનચાંગના પિતા બંને એવા સમર્થ વિદ્વાન હતા. શ્યેનચાંગના પિતા સમસ્ત દેશના ચાળીસ પ્રખર વિદ્વાનોમાં પહેલા હતા અને સરકારી અમલદાર તરીકે એમની નીમણુંક થઇ હતી.

આવા પિતાને ઘેર સાધુ બાળક શ્યેનચાંગ જન્મ્યો તે તાસ્સની પદવી કેમ ન મેળવે? તાસ્સ એટલે ભગવાન. એ પદવી કોઇ પણ દેશમાં વિરલ જ હોય છે. એ પદવી શ્યેનચાંગે મેળવી.

એકવાર શ્યેનચાંગના પિતા શ્યેનચાંગની માને સાથે લઈ નદીમાં પ્રવાસે નીકળ્યા હતા. ચીનમાં વહાણમાં ને વહાણમાં મોટા પ્રવાસો થઈ શકે છે. ચાંચિયાઓએ શ્યેનચાંગના પિતાનું વહાણ ઘેરી લીધું, તેમની પાસેથી દ્રવ્ય પડાવી લીધું, એટલું જ નહિ પણ શ્યેનચાંગની માનું હરણ કરી તેને ગાઢ જંગલમાં ઉપાડી ગયા. પોતાને રહેઠાણે લઇ જઇ ચાંચિયાના સરદારે શ્યેનચાંગની માતાને સખત જાપતામાં રાખી. પોતાની સાથે એ બાઇ પરણે એવી તેની ઇચ્છા હતી. એ માગણી બાઇએ ન સ્વીકારી એટલે તેના પર વિવિધ જુલમો થવા માંડયા. આ વખતે શ્યેનચાંગ પેટમાં હતો. તેનું જતન તો થવું જ જોઇએ, એટલે કોઇ પણ રીતે એને આંચ ન આવે તે માટે એ બાઇએ યુક્તિ કરી. તેણે સરદારને વચન આપ્યું કે બાળક અવતર્યા પછી હું તમને પરણીશ. આમ તે વખતે તો તે જુલમમાંથી ઉગરી.

વખત થયે પુત્ર જન્મ્યો. માએ સજ્જ થઇ લાગ સાધી નદીમાં પડવા સારૂ એક મોટું પાટિયું લીધું. તે સાથે પુત્રને બાંધ્યો અને તેના ગળામાં એક માળા નાખી. એવી આશાએ કે છુટાં પડીએ તોપણ જીવતાં હોઇએ તો કોઇકવાર પણ દૈવયોગે પાછાં મળી શકાય. છેલ્લીવારની ભેટ લઈ એ પાટિયું વહેતું મુકી પોતે ઝંપલાવ્યું. કેટલેક દૂર સુધી તણાઇ જઇ તે કાંઠે પહોંચી. તેનો જીવ બચ્યો. કેટલેક કાળે જેમતેમ તે પોતાને ઘેર પતિ પાસે પહોંચવા પામી. છતાં તે પુત્રને વિસરી ન હતી. તેનો પત્તો જ ન મળ્યો તેથી તે એ ચિન્તામાં ને ચિન્તામાં આંધળી બની ગઇ. પુત્રવિયોગમાં

આંખ ફુટ્યાનું દુઃખ નજીવું હતું.

બીજી બાજુ, પેલું પાટિયું એક ધનિક ગૃહસ્થના હાથમાં આવ્યું. તેણે તે બાળકને પાળ્યું. જોતજોતામાં શ્યેનચાંગ મોટો થયો. એ ગૃહસ્થ બૌદ્ધધર્મી હતા. ચીનમાં ધર્મ આપણે ત્યાં છે એવી રીતે નથી. લોકો જુદાજુદા તત્ત્વજ્ઞાનને પોતાની શ્રદ્ધા પ્રમાણે માને છે. આચારવિચાર તો બધાના કૉન્ફ્યુશિયસે લખેલી સ્મૃતિને એકસરખા અનુસરે છે. એટલે કોઇ ત્યાં એમ ન કહે કે હું બૌદ્ધધર્મી છું અથવા હું કૉન્ફ્યુશિયસના ધર્મનો છું; પણ એમ જ કહે કે મને કૉન્ફ્યુશિયસનું અથવા લાઓત્સનું અથવા બુદ્ધનું તત્ત્વજ્ઞાન માન્ય છે. શ્યેનચાંગને ઉછેરનાર ગૃહસ્થ બુદ્ધના તત્ત્વજ્ઞાનને માનતો. શ્યેનચાંગ નાનપણથી જ ભારે કુશાગ્ર બુદ્ધિવાળો હતો. આઠ નવ વર્ષની ઉમરમાં તેણે બધું અક્ષરજ્ઞાન મેળવી લીધું. બૌદ્ધધર્મનું તત્ત્વજ્ઞાન પણ તે ભણ્યો. એને તે બહુ ગમ્યું. જેમ દિવસો જતા ગયા તેમ તેનો અભ્યાસનો અનુરાગ વધતો ગયો. દસેક વર્ષનો થયા પછી તો તે તત્ત્વચિંતન કરતો ધ્યાનમાં બેસવા લાગ્યો.

એક દિવસ તે એકાંતમાં ધ્યાન કરતો બેઠો હતો ત્યાં દેવદૂતે આવીને તેને ઢંઢોળ્યો અને કહ્યું 'તારી મા તારી રાહ જુએ છે; તું અમુક જગ્યાએ જા.' શ્યેનચાંગે પોતાના પાલક પાસેથી રજા મેળવી અને દેવદૂતે કહેલી જગ્યાએ પહોંચવા મજલો શરૂ કરી. અઠવાડિયાંઓ પછી એ ઘેર પહોંચ્યો. માદીકરાની ભેટ થઇ. બન્ને ખુબ રોયાં. શ્યેનચાંગે પોતાનાં આંસુ માની આંખે ચોપડ્યાં. એ ચોપડતાંની સાથે મા આંધળી મટી દેખતી થઇ! નાનામાં નાનો દીકરો અને વળી આટલો તેજસ્વી એટલે માબાપ તો શ્યેનચાંગને ખુબ લાડ લડાવે. ભાઇભાંડુ પણ શ્યેનચાંગને ઘેરી વળ્યાં.

પણ એ બધી મઝા એને માટે નીરસ હતી. એને તો પોતાના એક મોટા ભાઈ જે મઠમાં વસતા હતા તેમનો સહવાસ ગમતો. મોટા ભાઇને જોઇને એને પણ સાધુની દીક્ષા લેવાનું મન થઈ ગયું. એવામાં એક દિવસ સરકારી અધિકારી આવ્યો અને મોટાભાઇને સાધુની દીક્ષા લેવાની રજા આપી. ચીનમાં સખત ધારો હતો કે સરકારનું પ્રમાણપત્ર મેળવ્યા સિવાય કોઇથી દીક્ષા ન લઇ શકાય. શ્યેનચાંગ દોડતો એ અધિકારી પાસે ગયો અને કહ્યું, 'મને પણ સાધુ બનાવો.' અધિકારી સહેજ હસ્યો અને એ છોકરાની મશ્કરી કરીને કહ્યું, 'તારા જેવા નાના છોકરાને સાધુ ન બનાવાય. નાનાઓને સંસારનું યે ભાન ન હોય તો સાધુપણાની ગમ કેમ પડે? જા, તારા ભાઇ જેવડો મોટો થઇશ ત્યારે તને રજા મળશે.' શ્યેનચાંગનું મોં લેવાઇ ગયું. તેને ક્યાંય ચેન ન પડે. તેણે મઠની આસપાસ સવારથી સાંજ સુધી પ્રદક્ષિણા કરવા માંડી. ન ખાય કે ન પીએ; બેબાકળો થઇને ફર્યા જ કરે. લાગલાગટ બે ત્રણ દિવસ સુધી તેની આવી દશા જોઇ એ અધિકારીને બાળક ઉપર દયા આવી. તેણે બાળકને બોલાવ્યો અને પુછ્યું, 'બોલ, તું સાધુ થઇને શું કરીશ?' 'શું કરીશ શું? બુદ્ધ ભગવાનના બધા ગ્રંથો શોધી કાઢીશ અને એનો પ્રચાર કરીશ. બુદ્ધ ભગવાને ફરમાવ્યું છે તે કરીશ.' નાના બાળકનો આવો જવાબ સાંભળી અધિકારી ચકિત થયો અને પીગળ્યો. તેણે શ્યેનચાંગને દીક્ષા લેવાની રજા આપી. તે બોલ્યો, 'તારા જેવા તેજસ્વી બાળકો જ સાધુપણું ઉજાળી શકે. તું ભલે નાનો રહ્યો, તને સાધુ થવાની રજા છે.

મઠમાં દાખલ થયા પછી તેણે શાસ્ત્રાર્થ કરવાનું શરૂ કર્યું. અનેક મોટા સાધુઓને એ બટુક પાસે માથું ઝુકાવવું પડતું. બૌદ્ધ શાસ્ત્રોના તે કહે એ જ અર્થ બધાને સ્વીકારવા પડતા. પણ શાસ્ત્રાર્થમાં વિજય પામવાથી એ છકી ન ગયો. તે તો વિહારમાં શાન્તિથી રહી પોતાના અભ્યાસમાં ઉંડો ને ઉંડો ઉતરતો ગયો. અને અંતે ચીનમાં અભ્યાસ કરવાની બધી સામગ્રી ખુટાડી તેણે હિંદ તરફ નજર ફેરવી.

૨૫. મદનલાલ ગજ્જર

કેટલાક માસ પહેલાં ગુજરાતે એક શાન્ત અને નમ્ર વિજ્ઞાનસેવક ગુમાવ્યો છે. છાપાંઓમાં એના અવસાનની ટુંકી નોંધ આવેલી. એમને વિષે વધારે માહીતી આપતો એક ટુંકો પરિચયલેખ ડૉ. કાન્તિલાલ પંડ્યાએ હમણાં 'ગુજરાતી'માં આપ્યો છે તે આ નીચે ઉતાર્યો છે.

વધારે તેજસ્વી, વધારે વિખ્યાત ને વધારે મોટા નામવાળા પ્રોફેસર ટી. કે. ગજ્જર એ મદનભાઇના કાકા થાય. મદનભાઇની પૂર્વાવસ્થા કાકાની છાયામાં ગઇ. રસાયનનો રસ પણ ત્યાંથી જ લાગેલો. મુંબાઇમાં રસાયન લઇ એમ. એ. થએલા આરંભના વિદ્યાર્થીમંડળમાંના મદનભાઈ એક હતા. બેત્રણ વર્ષની અંદર યુવાનોનો સારો કાફલો રસાયન એમ. એ.ની ડિગ્રી લઇને નીકળ્યો હતો. સેન્ટ ઝેવિયર કૉલેજમાં વૃદ્ધ ફાધર કેમ્પ હતા અને વિલ્સનમાં પ્રો. ત્રિભુવન ગજ્જર હતા. તે વડના વિદ્યાર્થીઓમાંના હજી પણ કેટલાક વિદ્વાન છે ને સારી સ્થિતિએ છે. ગુજરાત કૉલેજના પ્રો. કાંગા; હાલ વ્યાપારમાં પડેલા પણ તે પહેલાં એલ્ફિન્સ્ટન તથા કાશીની સેન્ટ્રલ હિંદુ કૉલેજમાં રહેલા, પ્રોફેસર ડૉક્ટર વસનજી દલાલ; અજમેરની મેયો કૉલેજવાળા પ્રો. લક્ષ્મણ સાઠે; રાસાયનિક ઉદ્યોગને કાઠિયાવાડમાં ખીલવનાર, થોડો સમય જુનાગઢ કૉલેજના પ્રોફેસર વલ્લભચંદ પારેખ; એક સમયે ગુજરાત કૉલેજના પ્રોફેસર સાંકળચંદ શાહ ઈત્યાદિ નામો તરત સ્ફુરે છે.

પ્રો. ત્રિભુવન ગજ્જરનો ઝોક રસાયનના વિજ્ઞાનશાસ્ત્ર ઉપર હતો તે કરતાં તેની ઔદ્યોગિક પ્રયોજના ઉપર વિશેષ હતો. વિલ્સન કૉલેજની પ્રોફેસરી છોડી, એમણે મોટા ભવ્ય

આદર્શોથી મુંબઇમાં જ એક ટેકનો-કેમિકલ લૅબોરેટરી કાઢી. તેમાં ઉપર ગણાવેલ યુવકવૃન્દમાંના કેટલાક સહાયક-અધ્યાપક તરીકે જોડાયા હતા. મદનભાઈ પણ તેમાંના એક હતા મદનભાઇએ અધ્યાપકપણું બહુ થોડું કર્યું હતું, પણ થોડા સમય પછી અધ્યાપન બંધ થયું ને તે કારખાનાઓના કામમાં પડ્યા.

ગજ્જર સાહેબની ઉત્તરાવસ્થા કરૂણ ને દુઃખભરી હતી. તેમ કેટલાંક યુવાન જીવનો પણ તેથી નિરાશામાં પડ્યાં હતાં. ધીરેધીરે, ગજ્જરના નામથી જાણીતી થએલી દવાઓ બનાવવાનું કામ—'આયોનિક ફાર્મસી'નું કામ મનુભાઇએ હાથમાં લીધું ને પછીનાં વર્ષોમાં તેને કાંઈક વધાર્યું પણ ખરૂં.

એમનાં ફોઇ, ગં. સ્વ. નાનીબહેન ગજ્જરે આરંભેલા વનિતા વિશ્રામમાં અન્ત લગી મદનભાઇએ જે સક્રિય રસ લીધો છે, જે મુંગું સમર્પણ કરેલું છે અને જે વહીવટી શ્રમ ઉઠાવ્યો છે તે ઘણી વ્યક્તિઓ જાણે છે. કન્યા તથા સ્ત્રીશિક્ષણમાં વિજ્ઞાનનું જ્ઞાન તથા વિજ્ઞાનની પદ્ધતિ ઉતારવાના એમના પ્રયાસોમાંના કેટલાક સફળ પણ થયા છે ને તે શિક્ષણના અભ્યાસકોનું ધ્યાન ખેંચે એવા છે. વનિતા વિશ્રામ એ ગુજરાતના સ્ત્રીશિક્ષણના ઇતિહાસમાં જેવોતેવો બનાવ નથી, ને વનિતા વિશ્રામના ઇતિહાસમાં મદનભાઈનું સમર્પણ તથા સેવા બહુ ઉચ્ચ સ્થાને વિરાજશે.

ઔદ્યોગિક રસાયનશાસ્ત્રી તરીકેનું જીવન આપણા દેશમાં બહુ થોડા હિંદવાસીઓને સદ્યું છે. અંગ્રેજો, મોટા હોદ્દાની તથા લાગવગની રૂઇએ તેમાં સારી કમાણી કરી શકે છે. પણ હિંદવાસીઓમાં તેનો સ્વતંત્ર ધંધો હજી ધંધા તરીકે જામ્યો નથી. મદનભાઇને ઘણી મુશ્કેલીઓ નડી, અને તે સર્વની સામે થવામાં અને હતાશ થઇ છોડી ન દેવામાં એમણે ઘણું ધૈર્ય ને શાન્ત મનોબળ પ્રકટ કર્યાં છે.

આવા કામને અંગે એમણે હિંદમાં ફરવાનું પણ શરૂ કર્યું અને એવાં ભ્રમણોમાંના એકને પરિણામે એમનો ગ્વાલિયર રાજ્ય સાથે સંબંધ થયો. ઉત્તર હિંદનું એક મોટું રાજ્ય મુંબાઇના એક રસાયનવિદ્‌ને બોલાવીને પોતાની આદ્યોગિક પ્રગતિનું રાસાયનિક કાર્ય સોંપે, એ નોંધવા જેવો બનાવ હતો. ગ્વાલિયરમાં એક રાસાયનિક પ્રયોગશાળા, એક નાનું પુસ્તકાલય, નાની વર્કશૉપ વગેરે શરૂ થયાં. રાજ્યનાં બીજાં ખાતાંઓ, રાજ્યની કાચી પેદાશ ને અન્ય સાધનો અનુકૂળ હતાં.

પણ આ શુભ કાર્ય બહુ ચાલ્યું નહિ, ને દેશી રાજ્યોમાં બને છે તેવા પ્રસંગોથી એ કામ અન્ય રસાયનશાસ્ત્રીને ધીમેધીમે સોંપાયું, મદનભાઇએ આખરે તે છોડી મુંબાઇમાં જ રહેવાનું નક્કી કર્યું અને ખેતવાડીમાં પોતાનું આયોનિક ફાર્મસીનું કામ જમાવ્યું.

પ્રકૃતિથી બહુ જ માયાળુ અને ઉમળકાવાળા, દંભને પસંદ ન કરનારા, એટલું જ નહિ પણ સખ્ત રીતે ધિક્કારનારા, સુશીલ અનુગુણ પત્ની તથા બાળકોથી આનંદમય બનેલા સંસ્કારી ગૃહજીવનવાળા, સાચા અંતઃકરણના અને શક્તિ મધ્યમ છતાં ખંત, શ્રમ ને લાગણીવાળા તથા વૈજ્ઞાનિક સાહિત્ય માટે ખાસ દાઝ ધરાવનારા એક વૈજ્ઞાનિક એમના અવસાનથી ગુજરાતે ખોયા છે. રાસાયનિક ઉદ્યોગોનું વૈજ્ઞાનિક દૃષ્ટિથી કાર્ય કરનારા ગુજરાતમાં બહુ જ થોડા માણસો છે તેમાંના એક ગયા એ ગુજરાતને ખોટ છે.

સાહિત્યનું નોબેલ પ્રાઈઝ મેળવનારાઓ

ઈ. સ. ૧૯૦૭થી આજ સુધીમાં જુદાજુદા દેશના નીચેના વિદ્વાનોએ સાહિત્યનું નોબલ પ્રાઇઝ મેળવ્યું છે.

ઈ. સ.	નામ	સ્થળ
૧૯૦૭	રડયાર્ડ કિપ્લિંગ	ઇંગ્લંડ
૧૯૦૮	આર. યૂકેન	જર્મની
૧૯૦૯	સેલ્મા લેગરલાફ	સ્વીડન
૧૯૧૦	પી. હેસી	ફ્રાંસ
૧૯૧૧	જી. મેટરલિંક	બેલ્જીઅમ
૧૯૧૨	જી. ફ્રાટમેન	જર્મની
૧૯૧૩	રવીન્દ્રનાથ ઠાકુર	હિંદ
૧૯૧૪	કોઇને મળ્યું નથી	
૧૯૧૫	રોમાં રોલાં	ફ્રાંસ
૧૯૧૬	ફાન્ હિડેનસ્ટૅમ	જર્મની
૧૯૧૭	કે. જીલેબક અને એચ. પાંટપીડન	રશિયા
૧૯૧૮	કોઇને મળ્યું નથી	
૧૯૧૯	સી. સ્પિટેલર	
૧૯૨૦	નટ હૅમસન	નૉર્વે
૧૯૨૧	અનાતોલ ફ્રાંસ	ફ્રાંસ
૧૯૨૨	જે. બેનાવાંતે	સ્પેન
૧૯૨૩	કવિ યીટ્સ	આયર્લંડ
૧૯૨૪	ડબ્લ્યુ. રૅમંટ	પોલૅંડ
૧૯૨૫	સિગફ્રિટ	વિંડસેટ
૧૯૨૬	જ્યોર્જ બર્નાર્ડ શૉ	આયર્લૅંડ

પાછું હાંલ્લું ચઢાવવાનું જ આવ્યું !

ધાતુના તથા જેને મીનો અથવા તામચીની કહે છે તે ચડાવેલાં ઇનામલનાં લીસાં ચલાણાં, પ્યાલા રકાબી વગેરે વાસણો વાપરવામાં સમાએલાં જોખમો વિષે ડૉ. જી. ડબ્લ્યુ મોહિયર વિલિયમ્સે એક લેખ લખીને, લોખંડના મીનો ચઢાવેલાં ઇનામલનાં ચળકતાં વાસણોમાં રાંધવાથી અને ખાવાથી શું નુકશાન થાય છે તે બતાવ્યું છે.

ઇનામલ (મીનો) કરેલાં લોખંડનાં વાસણોમાં રાંધવા કે ખાવાથી તેમાંનો મીનો તડકીને તેની ધારવાળી કટકીઓ ખોરાક સાથે પેટમાં જઈ જખમો પાડે છે. બીજી કોઈ ધાતુના નીકલપ્લેટ (ચાંદી જેવા ચળકતો સફેત ગીલીટ) કરેલાં વાસણો


પણ એટલુ જ ભયાનક છે. કેમકે એ ધાતુમાં ફળ કે શાક બફાતાં તેમાં જે કુદરતી સહેજ ખટાશ રહેલી છે તે (કે તેલ ઘી અને) કોકમ વગેરેની ખટાશ તેને ઓગાળીને ખોરાકને બગાડે છે. એલ્યુમિનિયમ અને ઝિંક રાંધવાના કામ માટે નિરૂપયોગી છે અને લોખંડ તથા પેલાદનાં વાસણ કટાઈ જાય છે તેથી નકામાં છે. માટીનાં વાસણો રસોઇ માટે ઉત્તમોત્તમ છે એ આપણે અહીં તો અનાદિ કાળથી મનાય છે, પણ માટીના વાસણનું રાંધેલું ગમે તેવું મીઠાશવાળું થતું હોવા છતાં, આપણે છોડી દઇએ છીએ અને જ્યાંત્યાં કાંચ, ઇનેમલ, એલ્યુમિનિયમ વગેરેનાં વાસણ મોટે ખર્ચે ઉપયોગમાં લઇએ છીએ.

ઇનેમલ અને ચીનીના વાસણ પર જે ચકચકાટ આવે છે તે લાવવા માટે સોડા, રેતી અને સીસું વપરાય છે. ભઠ્ઠીમાં જઇને એ બધું ઓગળીને લેડ સિલિકેટ બને છે અને એ ઝેરી વસ્તુ આપણી રસોઇમાં ઉતરી આવી આપણને કાયમના રોગી બનાવે છે. આપણે હાલમાં આપણી માટીની હાંલ્લીઓ છોડીને એલ્યુમિનિયમને પકડતા જઇએ છીએ. પરંતુ હાંલ્લાં રાંધવામાં વાપરવાં બહુ જ સલામતીભર્યાં છે, સસ્તાં છે, એમાં પૈસા રોકાઇ રહેતા નથી, તંદુરસ્તીની ખાત્રી રહે છે અને વળી સ્વદેશી ઉદ્યોગને ઉત્તેજન મળે છે એ વાત તો તદ્દન ભુલી જ જઇએ છીએ. બહુ ઉકાળવાથી ધાતુના વાસણમાં કે બીજી રીતે રાખવાથી જીવનરહિત થએલા ખોરાક ખાવાથી જ પાચનશક્તિ નરમ પડે છે ને તેનાથી બંધકોશ થાય છે. એ યાદ રાખવું જરૂરનું છે કે આપણે મોંમાં જે ભરી દઇએ તેના પર નહિ પણ જે કંઇ પચાવીએ તેના પર જ જીવીએ છીએ. હાંલ્લાંમાં રાંધેલો કુદરતી ખોરાક પચી શકે છે. તેમાં ધાતુઓ જેવી ' કેટેલિટિક ઇફેક્ટ ' નથી, તે ખોરાકને પાકવા દે છે પણ તીવ્ર આંચ લાગવા દેતાં નથી; તેથી ખોરાકની મીઠાશ-વીટામીન્સ-જળવાઇ રહે છે. એ ખોરાક પચીને તેનું લોહી થાય છે.

અંધાએ સર કરેલો કિલ્લો

બીજાપુરની દક્ષિણે આવેલ બદામી શહેરનો કિલ્લો પહેલાં અજેય મનાતો હતો; પણ ઇતિહાસના લેખ છે કે એક અંધ માણસે એકવાર તે ખરેખર સર કર્યો હતો. વિજયનગરના રાજ્ય પછી પેશ્વા, હૈદરઅલી અને નિઝામ એમ અનેક સત્તાઓ બદલાતી આવતાં ૧૭૯૬માં જનરલ મનરોએ સખત ટકાવ થયા પછી તે સર કર્યો હતો. પણ ૧૮૪૦માં નારાયણ દત્તાત્રેય નામના અંધ બ્રાહ્મણે ૧૨૫ આરબની ટોળીની સરદારી લીધી. આ બ્રાહ્મણને કિલ્લાના બધા ભાગોની પુરી માહિતી હતી અને તેણે એ ઝનુની લશ્કરને હાથ કરી શકાય એવી [illegible] બતાવી

બરાબર તૈયારી કરીને તેમણે હુમલો કર્યો. કિલ્લેદારોને ઉડાવી દઈ એ ટોળીએ કિલ્લો કબજે લીધો. કિલ્લેદારી હાથ કરીને શહેર કબજે કર્યું ને તે અંધ બ્રાહ્મણ રાજા બન્યો. પણ તેણે સ્થિતિ સંજોગ જોઈ નિઝામનું પડખું પસંદ કર્યું અને રાજની તિજોરી તથા વેપારીઓને લુટી નિઝામના રાજ્યમાં જાતે જઇને નજરાણું કર્યું અને પાછો બદામી આવ્યો; પણ થોડા વખત પછી મિ. બ્રિટિંગટનના નાનકડા લશ્કરને હાથ તે પકડાયો. એ કિલ્લાની બાંધણી બહુ ચતુરાઇ ને યુક્તિભરી છે.



આઇસ્કીમ બનાવતી વખતે બરફમાં મીઠું કેમ નાખે છે ?

મીઠું નાખવાથી બરફ અને મીઠાના મિશ્રણ ઉપર બહારની ગરમીની અસર જલદી નથી થતી. મીઠાવાળું પાણી બરફની ઠંડીમાં પણ પ્રવાહી રહી શકે છે અને બહારની ગરમીથી તેને તપતાં વાર લાગે છે. આથી બરફમાં મીઠું નાખવાથી ઓછે બરફે આઇસ્ક્રીમ બની શકે છે.

આ જ કારણથી દાક્તરો સાધારણ તાવવાળા દરદીને માથે બરફ મુકવાને બદલે પાણીમાં મીઠું, નવસાર કે સુરોખાર નાખીને તેનાં પોતાં, અથવા પાણીમાં કોલન વૉટરનાં ટીપાં નાખી તેનાં પોતાં મુકવાનું કહે છે. કારણકે આ વસ્તુઓ પાણીમાં નાખવાથી પાણીની ગરમી ઘટી જાય છે અને તે ઠંડું થઇ જાય છે. આઇસ્ક્રીમ બનાવતી વખતે બરફમાં મીઠું નખાય છે, કારણકે તે સોંઘું અને જ્યારે જોઇએ ત્યારે, ગમે તેટલા પ્રમાણમાં, ગમે ત્યાંથી મળી શકે છે.

શતાયુ

બાઇ શિવબાઇ નામનાં એક ગુજરાતી સ્ત્રી ૧૦૦ વર્ષ જીવ્યાં હતાં. વલ્લભદાસ જાદવજી નામના ગૃહસ્થ પણ ૧૦૦ વર્ષ જીવેલા. હૈદ્રાબાદના પહેલા નિઝામ ૧૦૪ વર્ષ; વનરાજ ચાવડો ૧૧૦ વર્ષ; ગોવર્ધન ગંડેરિયા નામના બનારસ પાસેના ગામના રહીશ ૧૧૬ વર્ષ; ઝાલોદ તાલુકાના ગોલાણ ગામની એક માલણ ૧૧૭ વર્ષ; બ્રહ્મચારી ગોસાંઇ લક્ષ્મણપુરી ૧૧૯ વર્ષ; ઉમરેઠનો એક માણસ ૧૨૦ વર્ષ; દેવગઢનો એક કોળી ૧૨૦ વર્ષ [illegible] ગણુ[illegible]નો એક મુસલમાન ૧૨૫ વર્ષ; અન વસો ગામના એક હજામના સ્ત્રી ૧૩૫ વર્ષ જીવ્યાં હતાં !

(મા. દા. શાહ)

સ્વ. દાદાભાઇ નવરોજીની ૮૯ મી વર્ષગાંઠને દિવસે 'સત્સંગ' પત્રના અધિપતિએ તેમને અભિનંદન આપતાં પુછ્યું, 'દાદા, આપ વૃદ્ધ છતાં જુવાન જેટલા જોમવાન છો તો આપ શરીર-રક્ષણના કેવાક નિયમો પાળો છો ?'

દાદાએ જવાબ આપ્યો, 'હું કદિ દારૂ પીતો નથી, તમાકુ તથા માંસને અડતો નથી, તેજના તેમજ અથાણાં ખાતો નથી અને તમોગુણી સંગત તથા આચારવિચારને તો મેં નાનપણથી જ તિલાંજલિ આપી છે.'

ઘણીવાર મીણબત્તી સળગતી હોય છે ત્યારે ઓગળેલ મીણનો રસ બહાર ઢોળાઈ જાય છે ને મીણબત્તી જલદી ખલાસ થઈ જાય છે. આમ ન થવા પામે એટલા માટે તેના ઉપર અગાઉથી વારનિશનું બ્રશ મારી સુકાવા દેવી. પછી ગમે તેવા પવનમાં પણ મીણ ઢોળાશે નહિ ને મીણબત્તી વધારે વખત બળશે.

કરોળિયો એક દિવસમાં પોતાના શરીરના વજન કરતાં ૨૭ ગણું ખાય છે.



કાઠિયાવાડી વાતાવરણનો તાદૃશ ચિતાર આપતું આ ચિત્ર એ જીવનનો આપણને સુંદર પરિચય કરાવે છે. કુદરતને ખોળે સ્કાઉટનું જીવન ગાળતી આ વ્યક્તિ એનાં પરિમિત સાધનોમાં પણ કેટલી સંતોષી ને સુખી લાગે છે !



મિનિટ મૅન

અમેરિકાનો અંગ્રેજો સામેનો સ્વાતંત્ર્ય વિગ્રહ જ્યારે ચાલતો હતો ત્યારે ત્યાંનો દરેક માણસ દરેક પળે લડાઇ માટે તૈયાર જ રહેતો. ખેડુત ખેતરમાં કામ કરતો હોય કે લુહાર કોડમાં ઘડતો હોય ત્યાં, લડાઇનું બ્યુગલ સંભળાતાં વેંત તે હાથમાંનું હળ કે હથોડો પડતો મુકી એક જ મિનિટમાં બંદુક લઈ લડાઈ માટે તૈયાર થઈ જતો. આમ એક ક્ષણમાં યુદ્ધ માટે તૈયાર થઈ જનારાઓ 'મિનિટ મેન' કહેવાતા. ઉપલું ચિત્ર એવા એક માણસનું છે.

જાદુઇ રકમ

૪૫ માંથી ૪૫ બાદ કરશો તો યે પાછળ ૪૫ જ વધવાના !

૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧ = ૪૫
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ = ૪૫
૮ ૬ ૪ ૧ ૯ ૭ ૫ ૩ ૨ = ૪૫

સૂર્યનો પ્રકાશ અટકાવવા બારણાં બંધ કરશો તો દાક્તરને માટે બારણાં ઉઘાડવાં પડશે.

કેટલાંક વર્ષ પહેલાં અમેરિકન કૉંગ્રેસ-માં પાસ થએલા એક બિલમાં એક અલ્પવિરામનું ચિહ્ન ભુલથી રહી ગયું હતું, તેને લીધે અમેરિકન સરકારને દસ લાખ ડૉલરનો ચાંલ્લો ચોંટ્યો હતો !

દુનિયામાં સૌથી પહેલું રોજીંદું છાપું ('ડેઇલી કરન્ટ'નામનું) ઈ. સ. ૧૭૦૨ના માર્ચમાં લંડનમાં મિસ એલિઝાબેથ મૅલેટ નામની બાઇએ શરૂ કર્યું હતું.

થોડો વખત અવાવરૂ પડી રહેલો શીવવાનો સંચો, ટાઇપરાઇટર કે એવો કોઇ સંચો જ્યારે ફરીથી વાપરવો શરૂ કરીએ છીએ ત્યારે તે બરાબર સહેલાઇથી ચાલતો નથી, કેમકે તેના જુદા-જુદા ભાગોને સહેલાઈથી ફરવામાં મદદ કરનાર તેલ તેમાં જામી ગયું હોય છે. એક જાડા કપડાને ખુબ ગરમ કરી એ સંચા ફરતું થોડી વાર વીંટી રાખવાથી એ તેલ પીગળીને પાતળું પડી જશે ને ચક્રો પાછાં બરાબર ફરવા માંડશે.

દુર્ગંધ આવતી શીશીમાં રાઇનું પાણી રેડી ખુબ હલાવો; પછી ચોકખા પાણીથી સાફ કરી નાખો: દુર્ગંધ દૂર થઇ હશે.



ટાંકને માત્ર પાણીમાં બોળવાથી જ શાહીના અક્ષર લખી શકાય એવી એક યુક્તિ છે. ઉપલા ચિત્રમાં બતાવ્યા મુજબ જાંબલી રંગનો નાનો ગાંગડો જરા ભીંજવીને ટાંકની નીચે ચોડી રાખવો. જ્યારે લખવું હોય ત્યારે ટાંક પાણીમાં બોળવાથી થોડો થોડો રંગ ટાંકમાં ઉતરશે અને લખાશે. લખીને ટાંક લુછવી નહિ પણ એમ જ સુકાવા દેવી.